ISO 9001:2015, 10002:2014

સરકાર માન્ય

# અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ - વેરાવળ

કલા સંસ્થા ક્રમાંક - 207 ગુજરાત સરકાર ગાંધીનગર
ટ્રસ્ટ રજી. ક્રમાંક : E-950 (જી. ગીર-સોમનાથ)

## પાઠયક્રમ તથા નિયમાવલી

મુખ્ય કાર્યાલય
અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ
'અવધ' ટાગોર નગર-૨, હિરો શો-રૂમ પાછળ,
ટાટા ઇન્ડીકોમ ટાવર પાસે,
ડાભોર રોડ, વેરાવળ. પીન : ૩૬૨૨૬૬

વહીવટી કાર્યાલય
અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ - વેરાવળ
101 શ્રીજી હાઇટ્સ, ઘુનરા રોડ
રવાપર રેસીડન્સી પાસે, મોરબી
મેહુલભાઇ ડી. શેઠ
મો. 98243 12949

શ્રી મનીષભાઇ મકવાણા
(મેનેજીંગ ટ્રસ્ટી)

ડૉ. મેહુલભાઇ શેઠ
(વહીવટી અધિકારીશ્રી)

# અનુક્રમણિકા


૧. પ્રસ્તાવના ........ ૪
૨. પરિક્ષા મંત્રીનો ટૂંકમાં પરિચય ........ ૫
૩. વહીવટી અધિકારીની કલમેથી ........ ૮
૪. સંસ્થાની માન્યતા અંગેની દફતરી વિગત ........ ૯
૫. પરિક્ષા કેન્દ્રો તથા કેન્દ્ર સંચાલકની યાદી ........ ૧૦
૬. પરિક્ષાના નિયમો ........ ૧૪
૭. લેખિત પરિક્ષાની પદ્ધતિ ........ ૧૮
૮. લેખિત પરિક્ષાનું વિવરણ ........ ૨૨
૯. પરિક્ષાવાર સમય મર્યાદા ........ ૨૩
૧૦. કેન્દ્ર વ્યવસ્થાપકની ફરજો અને કાર્યો ........ ૨૪
૧૧. પેપર ચેકર/સેટર માટે ........ ૨૬
૧૨. આજીવન સભ્યશ્રીઓ માટે ........ ૨૮
૧૩. કેન્દ્રોની મંજૂરીના નિયમો ........ ૨૮
૧૪. નિરીક્ષકશ્રીઓ માટે ........ ૨૯
૧૫. સંગીત પ્રારંભિક થી સંગીત અલંકાર પૂર્ણ સુધીનો અભ્યાસક્રમ (ગાયન તથા સ્વરવાદ્ય) ........ ૩૦
૧૬. સંગીત પ્રારંભિક થી સંગીત અલંકાર પૂર્ણ સુધીનો અભ્યાસક્રમ (તબલા) ........ ૫૭
૧૭. પ્રારંભિકથી અલંકાર પૂર્ણ સુધીનો અભ્યાસક્રમ (કથ્થક નૃત્ય) ... ૭૪
૧૮. પ્રારંભિકથી અલંકાર પૂર્ણ સુધીનો અભ્યાસક્રમ (ભરતનાટયમ્ નૃત્ય) ........ ૮૯

## ટ્રસ્ટીઓની યાદી

૧. મનિષભાઇ પુંજાભાઇ મકવાણા (મેનેજીંગ ટ્રસ્ટી)
૨. મહેન્દ્રભાઇ અમૃતભાઇ શાહ (ટ્રસ્ટીશ્રી)
૩. સુરક્ષાબેન હરીશચંદ્ર બાથલા (ટ્રસ્ટીશ્રી)
૪. હરીશચંદ્ર રામનાથ બાથલા (ટ્રસ્ટીશ્રી)
૫. કુમુદચંદ્ર અમીતલાલ ફીચડીયા (ટ્રસ્ટીશ્રી)
૬. ઘનશ્યામભાઇ આઇલદાસ ચંદનાની (ટ્રસ્ટીશ્રી)
૭. છગનભાઇ જીવાભાઇ ડાંગર (ટ્રસ્ટીશ્રી)
૮. ગીરીશભાઇ પી. રાવલ (ટ્રસ્ટીશ્રી)
૯. જીતેન્દ્રભાઇ બી. મહેતા (ટ્રસ્ટીશ્રી)
૧૦. પ્રો. પુષ્પાબેન વી. વાઢેર (ટ્રસ્ટીશ્રી)

**પ્રકાશક**

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ - વેરાવળ

દ્વિતીય આવૃત્તિ

વર્ષ - 2018 (નવેમ્બર)

મૂલ્ય રૂા. 150/-

## પ્રસ્તાવના

આ સંસ્થાની નીચે કાર્યરત એવા સર્વ કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓને મારા હાર્દિક અભિનંદન. આપ સર્વેએ સંસ્થાના સંગીતના પ્રચાર અને પ્રસારનું કાર્ય ઘણાં જ ખંતથી ઉપાડી લીધું એ માટે આપ સર્વનો હું આભારી છું.

સંસ્થાની પ્રગતિ ''દિન દુની અને રાત ચૌગુની'' થઇ રહી છે. ત્યારે આપણી સૌની જવાબદારી વિશેષ વધી જાય છે. કારણ કે સંસ્થા નીચે હાલ ૧૦૪ (એક સો ચાર) કેન્દ્ર કાર્યાન્વીત હોવાથી સંસ્થાની માન્યતાને માત્ર ૧૦ વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યા છે ત્યારે સંસ્થાનો વ્યાપ વાસ્તવમાં ખૂબ જ વધારે થયો ગણાય. કારણ કે સંસ્થા નીચે કાર્ય કરતા સર્વ કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓએ ખૂબ જ ઝેહમત ઉઠાવી છે. જેમાં અત્રે કેટલીક વ્યક્તિઓનો ઉલ્લેખ કરવો હું જરૂરી સમજુ છું.

જેમ કે, નૃત્ય માટે સુશ્રી હર્ષાબેન ઠક્કર અને તેની ટીમ તેમજ પૂર્વીબેન શેઠ જ્યારે ગાયન વાદન માટે માન્ય ડૉ. શ્રી શાંતિલાલ જેઠવા વગેરેનો ખૂબ ખૂબ આભારી છું.

સર્વ કેન્દ્ર વ્યવસ્થાપક, વાલીગણ, વિદ્યાથીમિત્રો, કલાગુરૂઓ, સંગીતજ્ઞો અને સર્વ કલા પ્રેમીઓની શુભ ભાવનાને કારણે અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ ધારેલ કાર્ય ચોક્કસ પૂર્ણ કરશે. આ માટે સંસ્થા અભ્યાસક્રમ અને નિયમાવલીની બુક દ્વિતિય આવૃત્તિ રૂપે બહાર પાડી રહી છે. દરેક કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓને તથા સંગીતજ્ઞોને આપવામાં આવશે. જેથી સંસ્થાના ગાયન, સ્વરવાદ્ય, તાલવાદ્ય અને નૃત્યનો ગાયનાચાર્ય સુધીનો અભ્યાસક્રમ એકી સાથે પુસ્તકમાં જોઇ શકાશે. એટલું જ નહી પણ સંસ્થાના તમામ નિયમો અને કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓને, પરિક્ષકશ્રીઓને મળવાપાત્ર પુરસ્કાર, ભથ્થાઓ અને અન્ય આર્થિક વળતર વગેરે પુસ્તકમાંથી જાણી શકાશે. પરિણામે વારંવાર પરિપત્રો બહાર પાડવાના રહેશે નહી. એટલે સંસ્થાની આ પુસ્તીકા દરેક કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓને વાલીઓને, વિદ્યાર્થીઓને, શુભેચ્છક સભ્યોને વગેરેને સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડશે.

**પ્રુફ રીડર**
શિતલ પી. કાનાબાર

મંગલાકાંક્ષી
શ્રી મનિષભાઇ મકવાણા
(મેનેજીંગ ટ્રસ્ટી શ્રી)
(AGSV)

## પરિક્ષામંત્રીનો ટૂંક પરિચય

શાળા સમયથી સંગીતની પરિક્ષાઓ આપતી વખતે હંમેશા એક વિચાર મનમાં ઘૂંટાયા કરતો તો કે આવી સંસ્થાઓ આપણે શરૂ ન કરી શકીએ? શરૂ કરવી હોય તો શું કરવું જોઇએ? સંસ્થા શરૂ કરવાની માહિતી ક્યાંથી મળે? ઘણી વખત કેટલાક બિનઅનુભવી અથવા ટૂંડ મિજાજી પરિક્ષકશ્રીઓની વિદ્યાથી પ્રત્યેની અણગમા ભરેલ વૃત્તિ વગેરે જોતા મનમાં એમ થતું કે મોટા થઇ અભ્યાસ પૂર્ણ કરી આવી કોઇક સંગીતની માન્ય સંસ્થા ઉભી કરવી જેના દ્વારા તંદુરસ્ત અને પવિત્ર સંગીતનો પ્રચાર અને પ્રસાર કરવો. પરંતુ સંસારની કળાકુટ (મથામણ) ને લઇને આ બાબતે જરૂરી પ્રયાસ તે વખતે થઇ શક્યો નહી.

પરંતુ દબાયેલી અને અજાગૃત મનમાં પડેલી ઇચ્છાઓ સમય આવતા પ્રગટ થઇ એટલું જ નહીં પણ સંસ્થાઓની સાથે ઘણા વર્ષો કામ કર્યા પછી પણ તેઓની રીતભાત અને કાર્ય પ્રણાલિકા પસંદ ન પડવાથી મનમાં ચોક્કસ નિર્ધાર કર્યો કે હવે તો સંગીતની સંસ્થા શરૂ કરવી જ છે.

જોગાનું જોગ સંસ્થાની માન્યતા મેળવવાની માહિતી એક સત્તાવાર વ્યક્તિ પાસેથી મળી. જે મારા મિત્ર પ્રવિણભાઇ પુરોહિતને સંસ્થા શરૂ કરવામાં નીચેની બાબતે મદદરૂપ થયેલ. પરંતુ પ્રવિણભાઇ પુરોહિત બંધારણ, પાઠ્યક્રમ નીતિ નિયમો વગેરે બાબતોથી અજાણ હોવાથી તેઓ મારી પાસે ૨૦૦૬માં આવેલ તેઓનું બંધારણ, પાઠ્યક્રમ તથા અન્યનીતિ નિયમો સંસ્થાના ઉદ્દેશો વગેરે તૈયાર કરી આપેલ અને ગુજરાત સરકાર ગાંધીનગરે મંજુર કરેલ એટલે સંગીતની સંસ્થા શરૂ કરવાનું સપનું એક રીતે જોતા પૂર્ણ થયું. પરંતુ સંસ્થા પોતાના ઉદ્દેશો કરતાં વિપરીત કામગીરી કરતી હોવાથી ગુજરાતીમાં કહેવત છે તે પ્રમાણે ઉલમાંથી લઇને ચૂલમાં પડ્યા જેવો ઘાટ ઘડાયો મનમાં ખૂબ જ દુઃખ થયું એટલે મે જાતે જ એક સંસ્થા શરૂ કરવાનો નિર્ણય કર્યો તે પ્રમાણે ૨૦૦૭માં સંસ્થાનું બંધારણ, પાઠ્યક્રમ અને અન્ય નીતિનિયમો રચીને સરકાર સમક્ષ મૂકવામાં આવ્યું. ટૂંક સમયમાં જ ઓક્ટોમ્બર ૨૦૦૮માં સંસ્થાને મંજૂરી મળી ગઇ.

કારણ કે ''અંધજન સેવા ટ્રસ્ટ – વેરાવળ''નામની સંસ્થા અમે લોકો ચલાવતા હતા આ સંસ્થા નીચે અંધ બહેનોની છાત્રાલય અને તેને લગતા પ્રોજેક્ટો પણ ચલાવતા હતા અત્રે એ બાબતોનો ઉલ્લેખ કરવો ઘટે કે સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રથમથી જ એટલે કે શાળા સમયથી હું રસ ધરાવતો હતો. સૌ પ્રથમ ૧૯૮૨માં ''પ્રજ્ઞાચક્ષુ વિચાર વિમર્સ'' સમિતિ સંસ્થા શરૂ કરેલ આ ઉપરાંત ''નવ ચેતન અંધજન મંડળ'', ''અંધ સર્વોદય મંડળ'' વગેરે મંડળોમાં કારોબારીના સભ્ય તરીકે ઘણા વર્ષો કામ કરેલ આ ઉપરાંત સંગીત શિક્ષક સંઘના કારોબારીના સભ્યશ્રીથી માંડી સહમંત્રી અને મંત્રી તરીકે ઘણાં વર્ષો ઉમદા કામગીરી કરેલ એટલે ગુજરાતના તમામ સંગીત શિક્ષકશ્રીઓએ મારા ઉપર જે વિશ્વાસ મૂક્યો તે માટે હું સર્વેનો આભારી છું. હાલમાં પણ સંગીત શિક્ષક સંઘ મને માનની દષ્ટિએ જુએ છે અને જાણે છે. અંધજન સર્વોદય મંડળનો ૨૦૧૫ ની કારોબારી કમીટીનો સભ્ય છું. આ રીતે સામાજિક પ્રવૃત્તિઓ મારાથી થાય એટલી કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

સંગીતની અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મુંબઇ આ સંસ્થામાં ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી સક્રિય કામગીરી કરેલ મધ્યમાં પ્રથમથી વિશારદ અને શિક્ષા વિશારદની પરીક્ષાના પરિક્ષકનું કાર્ય ઘણા વર્ષો સુધી કરેલ જો કે... બ્રહદ ગુજરાત સંગીત સમીતીનું કેન્દ્ર પણ લીધેલ પરંતુ અમુક બાબતોને લઇ અનુકુળતા ન આવતાં આ કેન્દ્ર મે ચલાવેલ નથી જો કે શિક્ષક સનદની પરિક્ષા ૯૮માં ગોમતીપુર અમદાવાદ માન્ય ચિનુભાઇ આશારામ પટેલના કેન્દ્રમાં આપેલ ત્યારબાદ ૧૯૭૯માં સંગીત વિશારદની પરીક્ષા પ્રથમ વર્ગમાં અમરેલી કેન્દ્રમાંથી ઉત્તીર્ણ કરેલ. ત્યારબાદ ૧૯૮૩માં સંગીત શિક્ષા વિશારદની પરિક્ષા જૂનાગઢ કેન્દ્રમાંથી ઉર્ત્તીણ કરેલ. આ ઉપરાંત એમ.પી. શાહ અંધશાળામાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી જામનગર નવાનગર હાઇસ્કૂલમાં એસ.એસ.સી.ની પરિક્ષા આપીને પોરબંદર માધવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિનિયન વિભાગમાં એડમિશન લઇને ગ્રૂજ્યુએશનની ઉપાધી પ્રાપ્ત કરી. પોરબંદરમાં જ રામબા ટીચર ટ્રેનિંગ કોલેજમાં બી.એડ્.નો અભ્યાસ પૂર્ણ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અનુસ્નાતક એટલે કે માસ્ટર ડીગ્રીનો અભ્યાસક્રમ શરૂ કરેલ.

આ રીતે સંગીત શિક્ષણ અને સાહિત્ય શિક્ષણની ડ્રિગ્રીઓ પ્રાપ્ત કર્યા બાદ ૫/૦૮/૧૯૮૨ ના રોજ ગર્વમેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલ વેરાવળ મુકામે સંગીત શિક્ષક તરીકેની  નિમંણૂક સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ. આ દરમ્યાન સંગીતના નિર્ણાયક તરીકે યુવક મહોત્સવમાં તથા ભારત વિકાસ પરિષદમાં મિરજ સંસ્થાના અનેક સેમીનારોમાં સહભાગી બનવાનો સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ.

આમ અનેક સામાજિક તથા સંગીતની પ્રવત્તિઓ કરતા-કરતા ૨૦૦૮ થી અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળમાં સક્રીય કામગીરી હાથધરી સંગીતનો પ્રચાર કરવા માટે પ્રયત્નશીલ રહ્યો છું. સંસ્થાના પરિક્ષામંત્રી તરીકે કામગીરી કરતા મને ઘણો જ આનંદ થાય છે. કારણ કે મને કામમાં સહકાર આપનાર તમામ કેન્દ્ર વ્યવસ્થાપકો ખૂબ જ નિષ્ઠાવાન, કાર્યશિલ નિતિમત્તામાં માનતા હોવાથી સંસ્થાનું કાર્ય દિનપ્રતિદીન પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે.

આ રીતે જીવન પર્યન્તમાં સરસ્વતીની અમૂલ્ય સેવા કરતાં-કરતાં કેટલાક સંગીતના પુસ્તકો બાર પાડવાનું અહોભાગ્ય પ્રાપ્ત થતાં ''માધ્યમિક સંગીત શિક્ષણ'' ચાર આવૃત્તિમાં અને ''ખ્યાલ અપના એક કલ્પના' નામનું પુસ્તક ટૂંક સમયમાં બજારમાં મૂકી રહ્યો છું. ''અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ''નો અભ્યાસક્રમ પણ બનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં એ વાતનો મને આનંદ છે કે સંગીતના ઘણા પ્રબંધ પ્રકારોમાં યથોચિત ફેરફારો કરી વિદ્યાર્થીઓને સંગીત સરળતાથી કંઠસ્થ થાય તેવા નમ્ર પ્રયત્ન કરેલ છે. મારે પરિવારમાં હું, મારા પત્ની, બે સંતાનો અને એક પૌત્ર આ અમારો પરિવાર છે.

મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી મનિષભાઇ મકવાણા

## વહીવટી અધિકારીની કલમેથી...

જય સંગીત

હું ઇ.સ. ૨૦૧૪ થી AGSVપરિવારનો સદસ્ય બન્યો. શ્રી મનીષભાઇ સાહેબે મારા ઉપર મુકેલ વિશ્વાસે મને કામ કરવાની શક્તિ આપી અને સંસ્થાના પ્રચાર પ્રસારમાં જોડાવાની તક મળી.

સર્વનો સાથ લઇ કોઇપણ પ્રકારના ભેદભાવ વિના આ મહાયજ્ઞ આરંભ્યો છે. આપણે  કોઇ સમિતી કે સંસ્થા સાથે હરીફાઇ નથી કરવાની માત્ર આપણું કાર્ય નિર્વિઘ્ન પણે ચાલતું રહે એ ધ્યાન રાખવાનું છે.

ભવિષ્યમાં સંસ્થા મને વહીવટી કામ ઉપરાંત કોઇપણ મહત્ત્વની જવાબદારી સોપશેં તો તેને મારું સૌભાગ્ય સમજીને જવાબદારી લેવા માટે તત્પર રહીશ.

મંગલાકાંક્ષી
ડૉ. મેહુલ શેઠ
સંગીત પ્રવિણ રેઇકી ગ્રાંડ માસ્ટર
વાસ્તુશાસ્ત્ર/યોગ અને નેચરોપૈથી

## સંસ્થાની માન્યતા અંગેની દફતરી વિગત

ISO 9001:2015, 10002:2014

TRADE MARK ACT, 1999

૧. સંસ્થા રજી. નં. : E-950 ચેરીટી કમિશ્નર જિ. ગીર-સોમનાથ તથા અગાઉના રજી. નં. E-5053 ચેરીટી કમિશ્નર જિ. જૂનાગઢ

૨. કલા સંસ્થા ક્રમાંક 207 ગુજરાત સરકાર ગાંધીનગરના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક એમ.યુ.એસ. 1066-15364-ગ.તા. 30-6-1966 થી માન્ય થયેલ નિયમોને આધીન રહીને અંધજન સેવા ટ્રસ્ટ વેરાવળ સંચાલિત અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠનો માહે ઓક્ટોબર 2008 થી માન્યતા પ્રાપ્ત થયેલ છે.

૩. ઇન્કમ ટેક્ષ રજી. ન. ૩/૧૨, એ/૧૩૦, રાજકોટ

૪. સંસ્થાના પાન નંબર. AAATA 8250E

૫. 80G કલમ અનુસાર કરમુક્ત કરેલ છે.

૬. સંસ્થાના બેંક ખાતા નં. 331210100018638
અંધજન સેવા ટ્રસ્ટ – વેરાવળ
IFSC Code : BKID0003312

૭. તા. 9/7/2002 વિકલાંગ ધારા 1995 અન્વયે રજી. નં. 396, ગુજરાત સરકાર, ગાંધીનગર

**અંધજન સેવા ટ્રસ્ટ - વેરાવળ સંચાલિત**

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ - વેરાવળ

કલા સંસ્થા ક્રમાંક - 207 ગુજરાત સરકાર ગાંધીનગર

**પરિક્ષા કેન્દ્રો તથા કેન્દ્ર સંચાલકોની યાદી**

| | | |
|---|---|---|
| ૧. વિઠ્ઠલભાઇ સાવલીયા | બાપુનગર | અમદાવાદ-૦૧ |
| ૨. દિવ્યાબેન બલદાણીયા | ધાટલોડિયા | અમદાવાદ-૦૨ |
| ૩. ઘનશ્યામસિંહ ગોહિલ | CTM ચાર રસ્તા | અમદાવાદ-૦૩ |
| ૪. નટવરસિંહ સરવૈયા | સાબરમતી | અમદાવાદ-૦૪ |
| ૫. હિતેષભાઇ કોટક | ધાટલોડિયા | અમદાવાદ-૦૫ |
| ૬. હેતલબેન શેઠ | ઇશનપુર | અમદાવાદ-૦૬ |
| ૭. પરસોત્તમભાઇ જાદવ | પ્રહલાદનગર | અમદવાદ-૦૭ |
| ૮. જલ્પાબેન ગેડિયા | | જામનગર-૦૧ |
| ૯. નેહાબેન શુકલ | | જામનગર-૦૨ |
| ૧૦. પ્રિતેશભાઇ મહેતા | | જામનગર-૦૩ |
| ૧૧. શીલાબેન ઝાલા | | જામનગર-૦૪ |
| ૧૨. વિભાબેન ભાયાણી | | જામનગર-૦૫ |
| ૧૩. વહાણવટી મહંમદ હનીફ | | જામનગર-૦૬ |
| ૧૪. હર્ષાબેન ઠક્કર | કાલાવડ રોડ | રાજકોટ-૦૧ |
| ૧૫. નિખિલભાઇ ભટ્ટ | | રાજકોટ-૦૨ |
| ૧૬. પૂર્વીબેન શેઠ | | રાજકોટ-૦૩ |
| ૧૭. કિશોરભાઇ ચોટલીયા | | રાજકોટ-૦૪ |
| ૧૮. અલ્પેશભાઇ ગોંડલીયા | સતનામ હોસ્પિટલ | રાજકોટ-૦૫ |
| ૧૯. મીરાબેન ઉપાધ્યાય | | રાજકોટ-૦૬ |
| ૨૦. સત્યેશભાઇ જોષી | | સુરેન્દ્રનગર-૦૧ |
| ૨૧. ભગવતી પ્રસાદ ગમારા | | સુરેન્દ્રનગર-૦૨ |
| ૨૨. શક્તિસિંહ પરમાર | | સુરેન્દ્રનગર-૦૩ |
| ૨૩. અજયગીરી ગૌસ્વામી | | સુરેન્દ્રનગર-૦૪ |

| | |
|---|---|
| ૨૪. ભક્તિબેન કાનાણી | મોરબી-૦૧ |
| ૨૫. સાધુ હરિવત્સલ સ્વામી | મોરબી-૦૨ |
| ૨૬. આર્યવત સ્કૂલ | મોરબી-૦૩ |
| ૨૭. વિમલભાઇ મહેતા | મોરબી-૦૪ |
| ૨૮. મેહુલભાઇ શેઠ | મોરબી-૦૫ |
| ૨૯. જિજ્ઞાસાબેન જાની | નડિયાદ-૦૧ |
| ૩૦. મૃગેશ શુક્લ | નડિયાદ-૦૨ |
| ૩૧. વિશાલભાઇ આચાર્ય | લિંબડી-૦૧ |
| ૩૨. વિવેકભાઇ ભટ્ટ | આદિપુર-૦૧ |
| ૩૩. શ્રૃતિબેન ચંદે | અંજાર-૦૧ |
| ૩૪. કિન્નરીબેન ચંદે | અંજાર-૦૨ |
| ૩૫. હરદાસભાઇ મોઢવાડિયા | માંગરોળ-૦૧ |
| ૩૬. હરેશભાઇ પ્રજાપતિ | વિસનગર-૦૧ |
| ૩૭. તુષારભાઇ ડબગર | આણંદ-૦૧ |
| ૩૮. કેશુભાઇ મકવાણા | મહેસાણા-૦૧ |
| ૩૯. ભારતીબેન મેઘનાથી | જૂનાગઢ-૦૧ |
| ૪૦. હરિૐ પંચોલી | જૂનાગઢ-૦૨ |
| ૪૧. પ્રીતેશભાઇ દવે | હળવદ-૦૧ |
| ૪૨. મહેશભાઇ પટેલ | હળવદ-૦૨ |
| ૪૩. મેણસીભાઇ ઝાલા | મહિયારી-૦૧ |
| ૪૪. મનુભાઇ પટેલ | વડોદરા-૦૧ |
| ૪૫. વિણાબેન કોઠારી | વડોદરા-૦૨ |
| ૪૬. હેમલબેન સુકેતુ | વડોદરા-૦૩ |
| ૪૭. ઓમપ્રકાશભાઇ પરમાર | વડોદરા-૦૪ |
| ૪૮. કમલેશભાઇ બથીયા | ભાટિયા-૦૧ |
| ૪૯. અજાઇબેન મ્યાત્રા | ખંભાડીયા-૦૧ |
| ૫૦. ખુમાનસંગ પરમાર | સાયલા-૦૧ |
| ૫૧. દિનેશભાઇ લુણશીયા | બાલાપર-૦૧ |

| | | |
|---|---|---|
| ૫૨. આરતીબેન કોઠારી | મસ્કત | બેહરીન-૦૧ |
| ૫૩. સુમાબેન મોહન | | ગાંધીગામ-૦૧ |
| ૫૪. મેહુલભાઇ ફટાણીયા | | કેશોદ-૦૧ |
| ૫૫. રસેષભાઇ ગાંધી | | નવસારી-૦૧ |
| ૫૬. ગુંજનભાઇ વૈદ્ય | | કડી-૦૧ |
| ૫૭. રશ્મીબેન જેઠવા | | અમરેલી-૦૧ |
| ૫૮. ભરતભાઇ ફીચડીયા | | માંગરોળ-૦૧ |
| ૫૯. જાગૃતીબેન ભાલાણી | | પ્રાસંલી-૦૧ |
| ૬૦. હર્ષાબેન દવે | મસ્કત | ઓમાન-૦૧ |
| ૬૧. હંસાબેન મહેશ્વરી | | ગઢશીશા-૦૧ |
| ૬૨. કિરીટભાઇ રાજપરા | | પોરબંદર-૦૧ |
| ૬૩. હેમાંગભાઇ વ્યાસ | | સુરત-૦૧ |
| ૬૪. કેતનભાઇ પાલા | | વાપી-૦૧ |
| ૬૫. ભગીરથભાઇ વ્યાસ | | રાજકોટ-૦૭ |
| ૬૬. બાબુભાઇ ગઢવી | | અમદાવાદ-૦૮ |
| ૬૭. સતીશભાઇ પટેલ | | અમદાવાદ-૦૯ |
| ૬૮. વિકાસભાઇ પરીખ | | અમદાવાદ-૧૦ |
| ૬૯. હિરબેન બુચ | | જામનગર-૦૮ |
| ૭૦. ભૂમિકાબેન કારીઆ | | અમદાવાદ-૧૧ |
| ૭૧. સુનિલભાઇ બાવરીયા | | કેશોદ-૦૨ |
| ૭૨. તૃપ્તીબેન પાઠક | | કેશોદ-૦૩ |
| ૭૩. સ્વ. લલુભાઇ ડોડીયા | | મહુવા-૦૧ |
| ૭૪. સંજયભાઇ વિરડીયા | | મોરબી-૦૬ |
| ૭૫. હરદેવસિંહ સરવૈયા | | પાલીતાણા-૦૧ |
| ૭૬. મુકેશભાઇ ગોહિલ | | સાણંદ-૦૧ |
| ૭૭. મુકેશભાઇ ગોહિલ | | બાવડા-૦૧ |
| ૭૮. પૂર્વીબેન સોરઠીયા | | જૂનાગઢ-૦૩ |
| ૭૯. મનસુખભાઇ સોલંકી | | સુપેડી-૦૧ |

| | |
|---|---|
| ૮૦. છગનભાઇ ડાંગર | જૂનાગઢ-૦૪ |
| ૮૧. હર્ષદબા જાડેજા | સુરેન્દ્રનગર-૦૫ |
| ૮૨. સમીરભાઇ ધોડકીયા | વડોદરા-૦૫ |
| ૮૩. વિપુલભાઇ ત્રિવેદી | જૂનાગઢ-૦૫ |
| ૮૪. હંસાબેન ચોટલીયા | ભરૂડીયા-૦૧ |
| ૮૫. વિજયભાઇ ગઢવી | જામનગર-૦૩ |
| ૮૬. બાલુભાઇ પુરાણી | ગીર-ગઢડા-૦૧ |
| ૮૭. મુક્તાબેન પટેલ | ઉના-૦૧ |
| ૮૮. તેજસભાઇ વ્યાસ | વેરાવળ-૦૧ |
| ૮૯. હરિભાઇ પટેલ | પાટડી-૦૧ |
| ૯૦. ધરણેન્દ્ર પરીખ | ઇન્દોર-૦૧ |
| ૯૧. સુરેશભાઇ પટેલ | બાલીસણા-૦૧ |
| ૯૨. જીતુભાઇ પ્રજાપતી | પાલનપુર-૦૧ |
| ૯૩. વાલાભાઇ ચાવડા | ડિસા-૦૧ |
| ૯૪. પૃથૃભારથી ગોસાઇ | ધારી-૦૧ |
| ૯૫. સંજયભાઇ પટેલ | અમદાવાદ-૧૨ |
| ૯૬. ચુડાસમા દિપભાઇ | જેતપુર-૦૧ |
| ૯૭. મોહિની સેલડીયા | અમરેલી-૦૧ |
| ૯૮. રવિકુમાર પાટડીયા | અમદાવાદ-૧૩ |
| ૯૯. મોનાબેન પરમાર | ગાંધીનગર-૦૧ |
| ૧૦૦. પરષોત્તમભાઇ કછેટિયા | દ્વારકા-૦૧ |
| ૧૦૧. કિંજલબેન દવે | સુરેન્દ્રનગર-૦૬ |
| ૧૦૨. નિતીબેન ઉપાધ્યાય | રાજકોટ-૦૮ |
| ૧૦૩. દર્શનભાઇ હીરપરા | સુરત - ૦૨ |
| ૧૦૪. નંદલાલ જસાભાઇ સાદિયા | સાવરકુંડલા-૦૧ |

## પરિક્ષાના નિયમો

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ દ્વારા નીચે જણાવેલ વિષયોની પરીક્ષાઓ લેવામાં આવે છે

૧. ગાયન

૨. સ્વરવાદન

૩. તાલવાદ્ય

૪. નૃત્ય

વગેરે પરીક્ષાઓ સંગીત પ્રારંભિકથી સંગીતાચાર્ય સુધી તેમજ મધ્યમાં પૂર્ણ પછી શિક્ષક સનદ, વિશારદપૂર્ણ પછી શિક્ષા વિશારદ અને અલંકાર પૂર્ણ પછી શિક્ષા પારંગત વગેરે ડિગ્રીઓ એનાયત કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા બે વખત એપ્રિલ-મે અને નવેમ્બર-ડિસેમ્બર અનુક્રમે પ્રથમઅને દ્વિતીય સત્રમાં પરીક્ષાઓ લેવાશે.

સંસ્થા સાથે સંલગ્ન કેન્દ્રોમાં સંગીત શિક્ષણ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં બેસવાની અનુમતી આપવામાં આવે છે.

કોઇપણ યુનિવર્સીટીમાંથી બી. મ્યુઝીક તથા બી.ઇ. મ્યુઝીક પરીક્ષાઓ પાસ કરી હોઇ તેવા વિદ્યાર્થીઓને સંસ્થાને સંગીત વિશારદ પ્રથમની પરીક્ષામાં બેસવાની છૂટ આપી શકાશે પણ તે માટે પ્રવેશ ફી રૂા. ૫૦૦/- ભરવાના રહેશે. ઉપરાંત કોઇપણ યુનિવર્સીટીમાંથી સંગીત એમ.એ.ની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ સંસ્થાની અલંકાર પ્રથમની સીધી પરીક્ષા આપી શકશે. પણ તે માટે પ્રવેશ ફી રૂા. ૧૧૦૦/- ભરવાના રહેશે.

પરીક્ષાઓમાં ક્રિયાત્મક તથા લેખિત પરીક્ષા બન્નેમાં પાસ થવું અનિવાર્ય છે.

દરેક વિદ્યાર્થીઓએ પોતાના આવેદનપત્રો સાથે જ જન્મતારીખનું પ્રમાણપત્ર, પાછલી પરીક્ષાનું પ્રમાણપત્ર વગેરે સંસ્થા દ્વારા ચાલતાં કેન્દ્રો મારફત જ મોકલવા તથા સંસ્થાની કોઇપણ પરીક્ષા સીધી આપવાની હોય તો કેન્દ્ર વ્યવસ્થાપકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યાનું બાંહેધરી પત્ર તથા અરજીપત્રક સાથે જોડવાનું રહેશે.

અનુભવી સંગીતજ્ઞો, સંગીત કલાકારો વગેરે સંસ્થાની સંગીત વિશારદ પૂર્ણની સીધી પરિક્ષામાં સામેલ થઇ શકે છે. પણ તે માટે સંસ્થાને ઉમેદવારે વિગતવાર અરજી કરવાની રહેશે અને તે અરજી પર માન્ય કેન્દ્ર વ્યવસ્થાપકોની ભલામણ જરૂરી છે. પરંતુ આ જગ્યા પેમેન્ટ સીટ પર ભરવાની હોવાથી તે પ્રમાણેની સંસ્થાને ફી આપવાની રહેશે. (તે નિયમ મુજબ રહેશે.)

આવેદનપત્રો સંસ્થાને મોકલવાની નક્કી કરેલ તારીખ કરતાં વિલંબથી મોકલેલા આવેદનપત્રો ઉપર આવેદનપત્રમાં જણાવેલ લેટ ફી ભરવાની રહેશે. પરંતુ આ પરિક્ષા ફી પુરસ્કારને પાત્ર ગણાશે નહિં.

## પેમેન્ટ સીટ થી વિશારદના નિયમો

૧. પ્રવેશ ફી રૂા. ૧૫૦૦૦ + પરીક્ષા ફી રૂા. ૧૧૦૦

૨. ઉંમર ૧૮ વર્ષ પુરા

૩. ૭ વર્ષનો સંગીત અભ્યાસવાળો દાખલો અથવા આકાશવાણી બી ગ્રેડ શાસ્ત્રીય સંગીતમાં કોર્ષ પૂરો કરાવવાની જવાબદારી ગુરૂની રહેશે.

૪. પરંપરાગત સંગીત ઘરાનામાં શિખેલ.

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ એક જ પરીક્ષાના જુદા જુદા ચાર વિષયોની પ્રાંરભીક થી સંગીત પ્રવેશિકા પૂર્ણ સુધીની પરીક્ષાઓ આપી શકશે. દા.ત. સંગીત પ્રારંભિકની પરીક્ષાના વિષયો જેવા કે ગાયન, તબલા, ગિટાર, કિ-બોર્ડ, બંસરી, નૃત્ય, હાર્મોનિયમ તથા અન્ય તંતુવાદ્ય વગેરે વિષયોમાંથી કોઇપણ ચાર વિષયોની ચાર આવેદનપત્રો ભરી એક જ વિદ્યાર્થી ચાર વિષયોની પરીક્ષા આપી શકશે. આ માટે આવેદનપત્રો વાર પરીક્ષા શુલ્ક ભરવાનો રહેશે અને પ્રમાણપત્રો આવેદનપત્રો વાર મળશે. આજ રીતે પ્રવેશિકા પૂર્ણ પરીક્ષાને પણ સમાન ધોરણે નિયમ લાગુ પડશે. હવેથી એક જ વિદ્યાર્થી સંગીત પ્રારંભિક, સંગીત પ્રવેશિકા પ્રથમ અને સંગીત પ્રવેશિકા પૂર્ણ એકી સાથે ત્રણેય વર્ષની પરીક્ષા આપી શકશે નહી.

પરીક્ષાને લગતી તમામ બાબતોથી વાકેફ થવા માટે વિદ્યાર્થીઓએ કેન્દ્ર વ્યવસ્થાપકના સંપર્કમાં રહેવું.

સંગીત મધ્યમાં પ્રથમથી ગાયન, સ્વરવાદ્ય, તબલા, નૃત્ય વગેરેની લેખિત પરીક્ષા એકી સાથે થાશે. આ પરીક્ષા મધ્યમાં પ્રથમથી તમામ પરીક્ષાઓને લાગુ પડશે. સામાન્ય રીતે લેખિત પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર માસમાં નવેમ્બરે માસના કોઇપણ રવિવારે રાખવામાં આવશે. જ્યારે એપ્રિલ-મે માસમાં એપ્રિલ માસના કોઇપણ રવિવારે રાખવામાં આવશે.

પ્રાયોગિક પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર સત્રમાં ૧૫ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે એપ્રિલ-મે સત્રમાં ૧૫ એપ્રિલ થી ૧૫ મે સુધીમાં પ્રાયોગિક પરીક્ષા પુરી કરવાની રહેશ. પરંતુ સંજોગોવસાત લેખિત તથા પ્રાયોગિક પરીક્ષાની તારીખોમાં ફેરફાર થઇ શકે છે.

નવેમ્બર–ડિસેમ્બર સત્રના આવેદનપત્રો સુવાચ્ય અક્ષરે ભરીને તા. ૩૧ જૂલાઇ સુધીમાં સંસ્થાને પહોંચતા કરવાના રહેશે. એ જ રીતે એપ્રિલ–મે સત્રના આવેદનપત્રો પણ સુવાચ્ય અક્ષરે ભરીને તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં સંસ્થાને પહોંચતા કરવાના રહેશે. ત્યારપછી આવનાર આવેદનપત્રો ઉપર વિલંબ શૂલ્ક લગાડવામાં આવશે અધુરી વિગતવારા આવેદનપત્રો સ્વીકારાશે નહિં.

પરીણામ જાહેર થયા બાદ કોઇપણ પ્રકારની ક્ષતી રહી ગયેલ હોય તો તેની જાણ એક સપ્તાહમાં સંસ્થાને અચૂક કરવી ત્યારપછી આવેલ કોઇપણ પ્રકારની ફરિયાદ પરિણામ અંગેની ધ્યાને લેવાશે નહીં. આમ છતાં, કોઇપણ ભૂલ શરતચૂક ને લઇને થવા પામી હશે તો વહીવટી ખર્ચના રૂા. ૧૦૦/- ભરવાથી તેનું નિરાકરણ થઇ શકશે. આજ રીતે ઉત્તરવાહિનીઓનું પૂનઃ મૂલ્યાંકન પણ રૂા. ૧૦૦ ભરવાથી થઇ શકશે.

સંસ્થાની કોઇપણ બાબત અંગે કાનૂની કાર્યવાહી માત્રને માત્ર વેરાવળ મૂકામે જ થાશે અને મેનેજીંગ ટ્રસ્ટીનો નિર્ણય આખરી ગણાશે જે સર્વને બંધનકર્તા રહેશે.

## લેખિત પરીક્ષાની પદ્ધતિ

સંસ્થા દ્વારા બંને સત્રમાં લેવાતી લેખિત પરીક્ષાનું માળખું નીચે મુજબ રહશે. નવેમ્બર-ડિસેમ્બર સત્રની લેખિત પરિક્ષા નવેમ્બર માસના કોઇપણ એક રવિવારે લેવાશે.

જેમા પ્રથમ વિભાગનો સમય સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ નો રહેશે. સંગીત ગાયન તથા સ્વરવાદ્ય, તબલા અને નૃત્ય.

૧. સંગીત મધ્યમાં પ્રથમ
૨. સંગીત મધ્યમાં પૂર્ણ
૩. સંગીત વિશારદ પ્રથમ
૪. સંગીત વિશારદ પૂર્ણ પ્રશ્નપત્ર-૧
૫. સંગીત શિક્ષા વિશારદ પ્રશ્નપત્ર-૧
૬. સંગીત અલંકાર પ્રથમ પ્રશ્નપત્ર-૧
૭. સંગીત અલંકાર પૂર્ણ પ્રશ્નપત્ર-૧
૮. સંગીત શિક્ષક સનદ પ્રશ્નપત્ર-૧
૯. સંગીત શિક્ષા પારંગત પ્રશ્નપત્ર-૧
૧૦. સંગીત વિશારદ પ્રથમ તબલા
૧૧. સંગીત વિશારદપૂર્ણ તબલા પ્રશ્નપત્ર-૧
૧૨. સંગીત શિક્ષા વિશારદ તબલા પ્રશ્નપત્ર-૧
૧૩. સંગીત અલંકાર પ્રથમ તબલા પ્રશ્નપત્ર-૧
૧૪. સંગીત અલંકાર પૂર્ણ તબલા પ્રશ્નપત્ર-૧
૧૫. સંગીત શિક્ષક સનદ તબલા
૧૬. સંગીત શિક્ષા પારંગત તબલા પ્રશ્નપત્ર-૧
૧૭. નૃત્ય વિશારદ પૂર્ણ પ્રશ્નપત્ર-૧
૧૮. નૃત્ય અલંકાર પ્રથમ પ્રશ્નપત્ર-૧
૧૯. નૃત્ય અલંકાર પૂર્ણ પ્રશ્નપત્ર-૧
૨૦. નૃત્ય શિક્ષા વિશારદ પ્રશ્નપત્ર-૧
૨૧. નૃત્ય શિક્ષક સનદ પ્રશ્નપત્ર-૧
૨૨. નૃત્ય શિક્ષા પારંગત પ્રશ્નપત્ર-૧

નોંધ : આ પ્રમાણે સવારના વિભાગમાં લેખિત પરીક્ષાની વ્યવસ્થા રહેશે. આમ છતાં સંજોગોવસાત ફેરફારને અવકાશ છે.

બીજા વિભાગમાં લેખિત પરીક્ષાનો સમય ૨-૦૦ થી ૫-૦૦ નો રહેશે.

સંગીત ગાયન તથા સ્વરવાદ્ય, તબલા અને નૃત્ય.

૧. મધ્યમાં પ્રથમ નૃત્ય પ્રશ્નપત્ર-૧
૨. મધ્યમાં પૂર્ણ નૃત્ય પ્રશ્નપત્ર-૧
૩. વિશારદ પ્રથમ નૃત્ય પ્રશ્નપત્ર-૧
૪. વિશારદ પૂર્ણ નૃત્ય પ્રશ્નપત્ર-૨
૫. અલંકાર પ્રથમ નૃત્ય પ્રશ્નપત્ર-૨
૬. અલંકાર પૂર્ણ નૃત્ય પ્રશ્નપત્ર-૨
૭. શિક્ષા વિશારદ નૃત્ય પ્રશ્નપત્ર-૨
૮. શિક્ષા પારંગત નૃત્ય પ્રશ્નપત્ર-૨
૯. મધ્યમાં પ્રથમ તબલા પ્રશ્નપત્ર-૧
૧૦. મધ્યમાં પૂર્ણ તબલા પ્રશ્નપત્ર-૧
૧૧. વિશારદ પૂર્ણ તબલા પ્રશ્નપત્ર-૨
૧૨. અલંકાર પ્રથમ તબલા પ્રશ્નપત્ર-૨
૧૩. અલંકારપૂર્ણ તબલા પ્રશ્નપત્ર-૨
૧૪. શિક્ષા વિશારદ તબલા પ્રશ્નપત્ર-૨
૧૫. શિક્ષા પારંગત તબલા પ્રશ્નપત્ર-૨
૧૬. વિશારદપૂર્ણ ગાયન તથા સ્વરવાદ્ય - પ્રશ્નપત્ર-૨
૧૭. અલંકાર પૂર્ણ ગાયન તથા સ્વરવાદ્ય - પ્રશ્નપત્ર-૨
૧૮. શિક્ષા વિશારદ ગાયન તથા સ્વરવાદ્ય - પ્રશ્નપત્ર-૨
૧૯. શિક્ષા પારંગત ગાયન તથા સ્વરવાદ્ય - પ્રશ્નપત્ર-૨

નોંધ : આ પ્રમાણે બપોરના વિભાગમાં લેખિત પરીક્ષાની વ્યવસ્થા રહેશે. આમ છતાં સંજોગોવસાત ફેરફારનો અવકાશ છે.

## ફી વિવરણ પત્રક

| ક્રમ | પરીક્ષાનું નામ | ફી રૂપિયા | આવેદનપત્ર ફી | અન્ય સંસ્થામાંથી આવેલા વિદ્યાર્થીની પ્રવેશ ફી | લેટ ફી |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૨૦૦ | ૪૦ | - | ૧૦૦ |
| ૨ | પ્રવેશિકા પ્રથમ | ૨૦૦ | ૪૦ | - | ૧૦૦ |
| ૩ | પ્રવેશિકા પૂર્ણ | ૨૦૦ | ૪૦ | - | ૧૦૦ |
| ૪ | મધ્યમાં પ્રથમ | ૨૫૦ | ૪૦ | ૫૦ | ૧૦૦ |
| ૫ | મધ્યમાં પૂર્ણ | ૩૦૦ | ૪૦ | ૫૦ | ૧૦૦ |
| ૬ | વિશારદ પ્રથમ | ૫૦૦ | ૪૦ | ૧૦૦ | ૨૦૦ |
| ૭ | વિશારદ પૂર્ણ | ૧૧૦૦ | ૪૦ | ૫૦૦ | ૨૦૦ |
| ૮ | શિક્ષા વિશારદ | ૨૫૦૦ | ૪૦ | | ૨૦૦ |
| ૯ | અલંકાર પ્રથમ | ૩૦૦૦ | ૪૦ | - | ૨૦૦ |
| ૧૦ | અલંકાર પૂર્ણ | ૩૦૦૦ | ૪૦ | - | ૨૦૦ |
| ૧૧ | સંગીત પ્રવિણ | ૧૧૦૦૦ | ૪૦ | - | ૨૦૦ |

## અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ દ્વારા લેવાતી જુદી-જુદી પરીક્ષાઓ વચ્ચેની સમય મર્યાદા.

૧. સંગીત પ્રારંભિકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ૬ માસ પછી સંગીત પ્રવેશિકા પ્રથમની પરીક્ષા આપી શકશે. પરંતુ જો કોઇપણ વિદ્યાર્થી સંગીત પ્રવેશિકા પ્રથમની સીધી પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેઓએ પ્રારંભિક તથા પ્રવેશિકા પ્રથમ બન્ને પરીક્ષાઓની ફી ભરવી પડશે.

૨. સંગીત પ્રવેશિકા પ્રથમનો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ૬ માસ પછી સંગીત પ્રવેશિકા પૂર્ણની પરીક્ષા આપી શકશે. જો કોઇ વિદ્યાર્થી ઇચ્છે તો સીધી પ્રવેશિકા પૂર્ણની પરીક્ષા આપી શકે છે તે માટે પ્રારંભિક, પ્રવેશિકા પ્રથમ અને પ્રવેશિકા પૂર્ણની પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે.

૩. સંગીત પ્રવેશિકાપૂર્ણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ પછી સંગીત મધ્યમાં પ્રથમની પરીક્ષા આપી શકશે. પણ ૧૨ વર્ષની ઉંમર હોવી જોઇએ. પ્રવેશિકાપૂર્ણ વિશારદપૂર્ણ સુધીની બધી જ પરીક્ષઓ ફરજીયાત છે. તથા ૧-૧ વર્ષના સમયગાળાની છે.

૪. સંગીત મધ્યમાં પ્રથમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ પછી સંગીત મધ્યમાં પૂર્ણની પરીક્ષા આપી શકશે.

૫. સંગીત મધ્યમાં પૂર્ણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ પછી સંગીત વિશારદ પ્રથમની પરીક્ષા આપી શકાશે.

આ ઉપરાંત મધ્યમાં પૂર્ણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષે સંગીત શિક્ષક સનદ પી.ટી.સી. સમકક્ષ પરીક્ષા આપી શકાશે.

૬. સંગીત વિશારદ પ્રથમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ પછી સંગીત વિશારદ પૂર્ણની પરીક્ષા આપી શકશે.

૭. સંગીત વિશારદ પૂર્ણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ સંગીત અલંકાર પ્રથમ શાસ્ત્રમાં તથા સંગીત અલંકાર પ્રથમ ગાયન વાદન અને નૃત્યની પરીક્ષા આપી શકશે. ત્યારબાદ એક વર્ષ પછી અલંકાર પૂર્ણની પરીક્ષા આપી શકશે. આ ઉપરાંત વિશારદ પૂર્ણનોઅ ભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ શિક્ષા વિશારદ બી.એડ. સમકક્ષ પરીક્ષા આપી શકાશે.

૮. સંગીત અલંકાર પ્રથમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષે સંગીત અલંકાર દ્વિતીયનો શાસ્ત્ર તથા ગાયનની આપી શકશે.

૯. સંગીત અલંકાર દ્વિતીયનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ સંગીત શિક્ષા પારંગતની પરીક્ષા આપી શકશે.

૧૦. સંગીત અલંકાર પૂર્ણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ બે વર્ષ સંગીત આચાર્ય (પી.એચ.ડી.)ની પરીક્ષા આપી શકશે. ગાયન તથા શાસ્ત્ર અથવા સંગીતને લગતા કોઇણ વિષય પર સંશોધનાત્મક નિબંધ તૈયાર કરી પી.એચ.ડી. કરી શકશે.

**નોંધ** : ઉપરોક્ત તમામ પરીક્ષાના અભ્યાસક્રમની સમય મર્યાદા ગાયન, વાદન, નૃત્ય તમામ વિષયોને સમાન ધોરણે લાગુ પડશે.

(અભ્યાસક્રમ પૂર્ણ કર્યાનો અર્થ જે તે અભ્યાસક્રમની પરીક્ષા ઉત્તીર્ણ (પાસ) કરવી તેમ સમજવું આ તમામ અભ્યાસક્રમ ગાયન, વાદન, નૃત્ય વગેરે પરીક્ષાઓને સમાન રીતે લાગુ પડશે.)

ખાસ સંજોગોમાં મ. પ્રથમથી વિ.પૂર્ણ સુધીની એક વર્ષના સમયને બદલે કોઇપણ એક પરીક્ષાના સમયગાળામાં ફેરફાર ખાસ સંજોગોમાં કરી શકાશે, જેનું

ભલામણ સાથેનું પ્રમાણપત્ર પરીક્ષા સમિતિને રજૂ કરવાનું રહેશે. મંજુરી મળ્યા બાદ જ પરીક્ષા આપી શકાશે.

## લેખિત પરીક્ષાનું વિવરણ

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ દ્વારા લેવાતી તમામ પરીક્ષાઓનું લેખિત વિવરણ નીચે મુજબ છે.

સંગીત પ્રારંભિકથી પ્રવેશિકા પૂર્ણ સુધી માત્ર ક્રિયાત્મક તેમજ મૌખિક પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષાઓમાં ક્રિયાત્મક પરીક્ષા સાથે મૌખિક પ્રશ્નો દ્વારા પ્રશ્નો પુછી વિદ્યાર્થીના જ્ઞાનની ચકાસણી કરવામાં આવે છે. મધ્યમાં પ્રથમથી તમામ પરીક્ષાઓમાં લેખિત અને પ્રાયેગિક બન્ને પરીક્ષાઓ રહેશે.

### લેખિત પરીક્ષા ગુણભાર

| ક્રમ | પરીક્ષા | લેખિત શાસ્ત્ર | ન્યુનત્તમ | પ્રશ્નપત્ર |
|---|---|---|---|---|
| ૧ | મધ્યમાં પ્રથમ | ૫૦ | ૨૦ | પ્રશ્નપત્ર-૧ |
| ૨ | મધ્યમાં પૂર્ણ | ૭૫ | ૩૦ | પ્રશ્નપત્ર-૧ |
| ૩ | વિશારદ પ્રથમ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |
| ૪ | વિશારદ પૂર્ણ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |
| | વિશારદ પૂર્ણ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૨ |
| ૫ | અલંકાર પ્રથમ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |
| | અલંકાર પ્રથમ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૨ |
| ૬ | અલંકાર પૂર્ણ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |
| | અલંકાર પૂર્ણ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૨ |
| ૭ | શિક્ષા વિશારદ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |
| | શિક્ષા વિશારદ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૨ |
| ૮ | શિક્ષા સનદ | ૧૦૦ | ૪૦ | પ્રશ્નપત્ર-૧ |

**– અન્ય સંસ્થામાંથી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે ....**

સામાન્ય રીતે કેટલીક સંસ્થાઓ એક બીજાના પ્રમાણપત્રો માન્ય ગણતી નથી આને કારણે વિદ્યાર્થીમિત્રોને ઘણું જ સહન કરવાનું થાય છે. આ મુશ્કેલી ન પડે તે માટે અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળએ અન્ય સંસ્થાના

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઇને કેટલાક મહત્ત્વના આ નિર્ણયો લીધેલ છે. (પ્રવેશ ફી લઇને સંસ્થાની પરીક્ષામાં બેસવા દેવા) (અન્ય સંસ્થા સમિત, મંડળો કે મ્યુઝીક કોલેજોમાંથી આવનારની પ્રવેશ ફી શૂલ્ક તાલીકામાંથી જોઇ લેવી.

## પરીક્ષા વાર સમય મર્યાદા

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષાર્થીની સંખ્યા સમય કુલ મિનિટ | પરીક્ષા દીઠ રૂપિયા કુલ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૧૦ મિનીટ | ૧૦ |
| ૨ | પ્રવેશિકા પ્રથમ | ૧૫ મિનીટ | ૧૦ |
| ૩ | પ્રવેશિકા પૂર્ણ | ૧૫ મિનીટ | ૧૦ |
| ૪ | મધ્યમાં પ્રથમ | ૩૦ મિનીટ | ૧૫ |
| ૫ | મધ્યમાં પૂર્ણ | ૩૦ મિનીટ | ૨૦ |
| ૬ | વિશારદ પ્રથમ | ૫૦ મિનીટ | ૫૦ |
| ૭ | વિશારદ પૂર્ણ | ૫૦ મિનીટ | ૫૦ |
| ૮ | શિક્ષા વિશારદ | ૫૦ મિનીટ | ૫૦ |
| ૯ | અલંકાર પ્રથમ | ૯૦ મિનીટ | ૭૫ |
| ૧૦ | અલંકાર પૂર્ણ | ૯૦ મિનીટ | ૭૫ |
| ૧૧ | શિક્ષા સનદ | ૬૦ મિનીટ | ૫૦ |
| ૧૨ | શિક્ષા વિશારદ | ૬૦ મિનીટ | ૫૦ |

**– પરીક્ષકને મળવા પાત્ર મહેનતાણું :**

સંસ્થાની બન્ને સત્રની પ્રાયોગિક પરીક્ષા માટે પરિક્ષકશ્રીઓની જરૂરિયાત રહે છે. આ માટે સંસ્થા નીચે કામ કરતા કેન્દ્રોમાં કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓને પરીક્ષક તરીકે નિમણૂંક કરવામાં આવે છે. આ સેવા બદલ નીચે મુજબ મુસાફરી ભથ્થાં અને વિદ્યાર્થી દીઠ પરીક્ષાનું મહેનતાણું, દૈનિક ભથ્થું અને રિક્ષા ભાડુ આપવામાં આવે છે. પરંતુ પરીક્ષા કાર્ય સમયસર પૂર્ણ કરવામાં ન આવે તો અથવા દર્શાવેલ મુજબ ગુણપત્રકો ભરવામાં ન આવે તો અથવા પરીક્ષાકાર્ય પૂર્ણ કર્યા બાદ દિવસ ૩ માં પ્રાયોગિક પરીક્ષાનું ગુણપત્રક મોકલામાં ન આવે તો આવા પરીક્ષકશ્રીઓને સજારૂપે વિદ્યાર્થીદીઠ મહેનતાણાં સિવાયની રકમ આપવામાં નહિં આવે.

૧. પરીક્ષકશ્રીને જવા તથા આવવાની બસ કે રેલ્વેની બે ટીકીટ આપવામાં આવશે.
૨. પરીક્ષાની સમય મર્યાદામાં જણાવેલ વિદ્યાર્થીદીઠ મહેનતાણું આપવામાં આવશે.
૩. દૈનિક ભથ્થું રૂા. ૧૦૦/- આપવામાં આવશે.
૪. રિક્ષા ભાડુ રૂા. ૧૦૦/- આપવામાં આવશે.
નોંધ : બસ ભાડા સિવાય દૈનિક ભથ્થું દિવસ પ્રમાણે આપવામાં આવશે.

## કેન્દ્ર વ્યવસ્થાપકની ફરજો અને કાર્યો

સંગીતનો પ્રચાર અને પ્રસાર કરવો તથા કરાવવો, સંસ્થાના સંપર્કમાં રહેવું. સંસ્થાના પરિપત્રોને સમજી તેનો અમલ કરવો તથા વિદ્યાર્થીઓ પાસે કરાવવો, આવેદનપત્રો સુવાચ્ય અક્ષરોમાં ભરાવવા, આવેદનપત્રો સમયસર ભરીને સંસ્થા ઉપર મોકલવા. આવેદનપત્રો સાથે જરૂરી માગ્યા મુબજના કાગળો જોડવા.

દા.ત. લિવીંગ સર્ટીફિકેટ, છેલ્લી પરીક્ષાનું સર્ટીફિકેટ, ખાસ કિસ્સામાં કલા ગુરૂનો દાખલો અથવા કેન્દ્ર વ્યવસ્થાપકની ભલામણ વગેરે આવેદનપત્ર સાથે સામિલ કરવા. ફોર્મની સાથે પરીક્ષાર્થીઓના નામોની વિગતવાર સુચી બતાવવા માટે એક ફોર્મ મોકલાવેલ છે. એમાં જ સુચી બનાવવી વધુ જરૂર પડે તેની ઝેરોક્ષ કરાવવી. આવેદનપત્રની ફી પુરસ્કારમાં ગણવી નહીં. હિસાબ કરીને મળવાપાત્ર પુરસ્કાર બાદ કરીને બાકીની રકમ સંસ્થાના બેંક ખાતામાં જમા કરાવી અથવા આંગડીયા દ્વારા મોકલવી.

બેંક ઓફ ઇન્ડિયા ખાતા નં. ૩૩૧૨૧૦૧૦૦૦૧૮૬૩૮

કેન્દ્ર વ્યવસ્થાપકો એ પોતાના કેન્દ્રમાં અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળનો જ અભ્યાસક્રમ ચલાવવો. વિદ્યાર્થીઓની વર્ગમાં અથવા વ્યક્તિગત શિક્ષણમાં ૭૫% હાજરી થાય તે કેન્દ્ર વ્યવસ્થાપકો એ જોવું. જે તે પરીક્ષાનો અભ્યાસક્રમ પૂરો કરવો અથવા કરાવવો વિદ્યાર્થીને તેની રૂચિ મુજબના વિષયોમાં આગળ વધવાની પ્રેરણા આપવી.

વિદ્યાર્થીઓમાં ગુરૂભાવ કેળવવા તથા કલા પ્રત્યે આદર અને પ્રેમ વિકસે તે માટે પ્રયત્નશીલ રહેવું. વિદ્યાર્થીઓમાં હિનતા કે ગુરૂતાનો ભાવ ન ઉભો થાય તે માટે કેન્દ્ર વ્યવસ્થાપકોએ ધ્યાન આપવું.

જે કેન્દ્ર વ્યવસ્થાપક માત્ર અન્ય સંસ્થાના જ સંગીત વિશારદ પૂર્ણના ફોર્મ ભરશે. તેના વિધ્યર્થીઓની પ્રવેશ ફી રૂા. ૨૫૦૦/- ભરવાની રહેશે. દરેક કેન્દ્ર વ્યવસ્થાપકે વિદ્યાર્થીઓને ફીની રસીદ આપવી ફરજીયાત છે અને તે રસીદના નંબર માહિતી પત્રમાં લખવા તથા તે પત્રકની નકલ કેન્દ્રના રેકોર્ડમાં રાખવી.

આવેદનપત્ર હિન્દી અથવા અંગ્રેજીમાં ભરવું પણ પ્રમાણપત્ર માટે આવેદનપત્રમાં આપેલ કોલમમાં પુરૂનામ હિન્દીમાં લખવું. પરીક્ષા સમયે દરેક વિદ્યાર્થીની હાજરીની નોંધ લેવી તથા તેની સહી કરાવી. ગેરહાજર વિદ્યાર્થીની નોંધ પણ રાખવી.

દરેક કેન્દ્રમાં પુરસ્કાર જમા થયા બાદ બાકીની ફીની રકમ સંસ્થાને મોકલવી કે તમામ રકમની એક રસીદ કેન્દ્રને આપવામાં આવશે. જેથી ઓડીટમાં અડચણ ઉભી ના થાય દરેક કેન્દ્રવ્યવસ્થાપકોએ સંસ્થા તરફથી મળતા આર્થિક વળતરના વાઉચર બનાવવા જરૂરી છે. કારણ કે તે ઓડીટમાં મૂકવાના હોય છે.

પરીક્ષાને લગતું સાહિત્ય દરેક કેન્દ્ર વ્યવસ્થાકશ્રીઓને પરીક્ષાની તારીખ અગાઉ મોકલવામાં આવશે. તેની જાણ વિદ્યાર્થીઓને અચૂક કરવી. પરીક્ષામાં બધા જ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તેવી સૂચનાઓ આપવી. લેખિત પરીક્ષામાં વિદ્યાર્થીઓ રસીદ સાથે રાખે તે જોવું લેખિત કે પ્રાયોગિક પરીક્ષામાં કોઇપણ વિદ્યાર્થી ગેરનીતિ ન આચરે તેની ખાસ કાળજી લેવી.

આમ કરવામાં નિષ્ફળ જનાર કેન્દ્ર વ્યવસ્થાપકનું કેન્દ્ર રદ થઇ શકે છે. પ્રાયોગિક અને લેખિત બંને પરીક્ષાઓ સમયસર અને ચોકસાઇ પૂર્વક લેવાય તેની તકેદારી રાખવી. તેમ છતાંય સંસ્થા વિરૂધનું કાર્ય જણાતા તે વ્યક્તિ કે કેન્દ્રને આપેલ અધિકારો રદ થઇ શકે છે.

લેખિત પરીક્ષાના પેપર પરીક્ષાના સમય પહેલા ખોલવા નહીં. પરીક્ષાના સમયે પેપર ખોલતી વખતે કોઇપણ બે વિદ્યાર્થીની સહી અને કેન્દ્ર વ્યવસ્થાપક પોતાની સહી કરવી જરૂરી. સહી કરનાર બન્ને વિદ્યાર્થીઓ કેન્દ્રની ઉપલી પરીક્ષાના હોવા જોઇએ.

લેખિત પરીક્ષાપૂર્ણ થયા બાદ બીજે જ દિવસે ઉત્તરવાહિનીઓ સંસ્થા ઉપર મોકલવી ફરજીયાત છે. ઉત્તરવાહિનીઓ ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણ ભરવી તથા નીરીક્ષકની સહી કરાવવી.

કેન્દ્ર વ્યવસ્થાપકોને રીઝલ્ટ મળ્યા બાદ દરેક કેન્દ્ર વ્યવસ્થાપકે સર્ટીફીકેટના નામ, આસન ક્રમાંક, પરીક્ષાનું નામ, વિષયનું નામ વગેરે ચકાસીને વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ આપવું અને કોઇ ભુલ હોય તો સંસ્થાને જાણ કરવી. સંસ્થા તરફથી સર્ટીફીકેટમાં કોઇપણ ભુલ હશે તો વિના મૂલ્યે સુધારી આપવામાં આવશે. પરંતુ કેન્દ્ર વ્યવસ્થાપક કે વિદ્યાર્થી તરફથી ભુલ કરવામાં આવશે તો ભુલ સુધારાના રૂા. ૧૦૦/- સંસ્થાને જમા કરાવવાથી ભુલનું નિરાકરણ થઇ શકશે.

પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને વારાફરતી હાજર રાખવા જેથી પરીક્ષકશ્રીને ખાલી બેસવું ન પડે જે કેન્દ્રમાં વિદ્યાર્થીઓ વધારે હોય તો બે પાળીમાં પરીક્ષા લેવી. પરીક્ષાનો પ્રથમ વિભાગ સમય સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી અને બપોરે ૩-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધી રાખવો.

**- કેન્દ્રને મળવાપાત્ર પુરસ્કારની વિગત :**

૧. રૂા. ૩૦૦૦ સુધીની પરીક્ષા ફીમાં પુરસ્કાર મળવાપાત્ર નથી.

૨. રૂા. ૩૦૦૧ થી ૫૦૦૦ સુધીની પરીક્ષા ફીમાં ૧૫% પુરસ્કાર મળવા પાત્ર રહેશે.

૩. રૂા. ૫૦૦૧ થી ૧૦,૦૦૦ સુધીની પરીક્ષા ફીમાં ૨૦% પુરસ્કાર મળવાપાત્ર રહેશે.

૪. રૂા. ૧૦,૦૦૦ થી વધુ પરીક્ષા ફીમાં ૨૫% પુરસ્કાર મળવાપાત્ર રહેશે.

નોંધ : - પુરસ્કારમાં ફોર્મ ફી ગણાશે નહી.

- પુરસ્કાર સિવાય કોઇપણ ખર્ચ મળવાપાત્ર નથી.

**પેપર ચેકર માટે તેમજ પેપર સેટર માટે...**

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ દ્વારા લેવામાં આવતી લેખિત પરીક્ષા પ્રથમ સત્રમાં સામાન્ય રીતે એપ્રિલ માસના કોઇપણ રવિવારે યોજવામાં આવે છે. જ્યારે દ્વિતીય સત્રની લેખિત પરીક્ષા નવેમ્બર માસના કોઇપણ રવિવારે યોજવામાં આવતી હોવાથી આ માટે પેપર સેટરો અને પેપર ચેકરોની સંસ્થાને જરૂરીયાત હોય છે.

દરેક વિષયના પશ્નપત્રો ત્રણ-ત્રણ નકલમાં નિષ્ણાંત સંગીતકારો પાસેથી મંગાવવામાં આવે છે અને તેમાંથી વિષયવાર પ્રશ્નોપત્ર તૈયાર કરવામાં આવે છે. લેખિત પરીક્ષા પૂર્ણ થયા બાદ કેન્દ્ર વ્યવસ્થાપકો દ્વારા બીજે જ દિવસે

ઉત્તરવાહિનીઓ સંસ્થા ઉપર મોકલવામાં આવે છે. આ ઉત્તરવાહિનીઓનું મૂલ્યાંકન માટે તજજ્ઞોની જરૂરીયાત રહે છે. આમ, પેપર સેટર અને પેપર ચેકર આપણા કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓ અને આપણા આજીવન સભ્યશ્રીઓમાંથી જ પસંદ કરવામાં આવે છે અને આ કામગીરી માટે તેઓને નીચે મુજબ માનદવેતન આપીએ છીએ.

પેપર સેટર ને એક જ વિષયના ત્રણ પ્રશ્નપત્રો કાઢવાના મધ્યમાં પ્રથમના રૂપિયા ૬૦, મધ્યમાં પૂર્ણના રૂપિયા ૯૦, વિશારદ પ્રથમના રૂપિયા ૧૨૦ અને વિશારદ પૂર્ણના રૂપિયા ૧૫૦ રાખવામાં આવેલ છે.

અલંકાર પ્રથમ ના રૂપિયા ૧૫૦, અલંકારપૂર્ણ ના રૂપિયા ૧૫૦, શિક્ષા વિશારદના રૂપિયા ૧૫૦ રાખવામાં આવેલ છે.

નોંધ : પેપર સેટર એ પ્રશ્નપત્રોની ત્રણેય નકલમાં જુદા જુદા પ્રશ્નો હોવા જરૂરી છે. તથા પ્રશ્નપત્રની ગોપનીયતા સંપૂર્ણપણે જળવાય તે માટે અત્યંત અનિવાર્ય છે.

ઉત્તરવાહિનીઓ તપાસવાનું મહેનતાણું :

૧. બેકલાકની ઉત્તરવાહિ દીઠ તપાસવાના રૂા. ૧૦/-

૨. અઢી કલાકની ઉત્તરવાહિ દીઠ તપાસવાના રૂા. ૧૫/-

૩. ત્રણ કલાકની ઉત્તરવાહિ દીઠ તપાસવાના રૂા. ૨૦/-

લેખે આપવામાં આવશે.

પેપર ચકાસણી પૂર્ણ થયા બાદ ઉત્તરવાહી સંસ્થાને મોકલવાનો પોસ્ટેજ ખર્ચ, ઓછામાં ઓછો (મિનિમમ ચાર્જ રૂા. ૧૨૫) બાકી ઉત્તર વાહી દીઠ રૂા. ૨ પોસ્ટેજ ખર્ચ પેટે આપવામાં આવશે. ૧૦ કરતા ઓછી ઉત્તરવાહીઓ હોય તો પણ મિનિમમ ચાર્જ રૂા. ૧૨૫/- મળવાપાત્ર છે.

**પેપર ચકાસનારે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.**

૧. પેપર (ઊત્તરવાહી) કેટલા ગુણની છે.

૨. ઊત્તરવાહીમાં કેટલા પ્રશ્નો લખ્યા છે.

૩. પ્રશ્નોના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ પ્રશ્નવાર હાંસિયામાં લખવા.

૪. ઉત્તરવાહીના મુખ્ય પેજ પર પ્રશ્નવાર ગુણના ખાના આપેલ હોય છે. તેમાં મેળવેલ ગુણ લખવા અને તે પ્રમાણે કુલગુણ ગુણનો ટોટલ કરવો.

૫. ગુણપત્રકમાં વિદ્યાર્થીના સીટ નંબર, પરીક્ષાનું નામ, વિષયનું નામ અને લેખિત

પરીક્ષામાં મેળવેલ કુલગુણ આ ઉપરાંત કેટલીક ઉત્તરવાહી તપાસી છે. તે અને કેટલા કલાકની કેટલી તપાસી તેનો ટોટલ કરીને કુલ રૂપિયાનું વાઉચર બનાવવું અને તેમાં પોસ્ટેજ ચાર્જ પણ ઉમેરવો.

**આજીવન સભ્યશ્રીઓ માટે...**

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ સંગીતનું પ્રચાર અને પ્રસારનું કાર્ય કરે છે. આ માટે ગુજરાતમાં અને ગુજરાતની બહાર તથા વિદેશમાં પણ કેન્દ્રો શરૂ કરીને લોકોનો કલાત્મક અભિગમ વિકસે તે માટે સદા પ્રયત્નશીલ રહે છે.

આ માટે સંગીત શિક્ષકશ્રીઓ, સંગીત તજજ્ઞો, કલાપ્રેમી મહાશયો અને સુગ્ન સંગીતમય દષ્ટિકોણ ધરાવતા નાગરિકોને આજીવન સભ્ય બનાવીને સંગીતના પ્રચાર અને પ્રસારના કાર્યને વેગ આપવા આ સંસ્થા તત્પર છે. કોઇપણ પ્રકારના ભેદભાવ વિના રૂા. ૫૦૦/- રોકડા ભરીને આજીવન સભ્ય બની શકે છે. સંસ્થાની જરૂરીયાત મુજબ આજીવન સભ્યશ્રીઓને પણ સંસ્થાના કાર્યમાં સહભાગી બનાવી શકાય.

**કેન્દ્રની મંજૂરીના નિયમો**

૧. કોઇપણ વ્યક્તિ : સંસ્થા, સ્કૂલ, કોલેજ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સંકુલો પરીક્ષા કેન્દ્ર શરૂ કરી શકે છે.

૨. પરીક્ષા કેન્દ્રની ફી રૂા. ૫૧૦૦/- સંસ્થા ખાતામાં અથવા હોદ્દેદારોને આપી ફી ની પહોંચ મેળવી લેવાની હોય છે.

૩. જે તે વ્યક્તિ કલાસ કે સંસ્થા માત્ર પરીક્ષાના કાર્ય પુરતો જ અધિકાર રહેશે.

૪. પરીક્ષાના પરિણામને લગતા કાર્યમાં શંકા ઉભી થતા જે તે પરીક્ષા કેન્દ્રના સંચાલકે લેખિતમાં ખુલાસો આપવાનો રહેશે.

૫. સંસ્થા વિરુધ્ધનું કાર્ય જણાતા પરીક્ષા કેન્દ્રની માન્યતા રદ થઇ જશે.

૬. ભવિષ્યમાં થનાર ફેરફારો માન્ય રાખવાના રહેશે.

૭. મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૮. સતત ત્રણ વર્ષ સુધી ફોર્મ ન ભરનાર કેન્દ્રને જ્યારે ફોર્મ ભરવા હોય ત્યારે રૂ. ૧૫૦૦/- કેન્દ્ર રીન્યુ ફી ભરવાની રહેશે.

૯. જે કેન્દ્ર માત્ર વિશારદ પૂર્ણના જ ફોર્મ ભરે તે કેન્દ્રના વિદ્યાર્થીઓની પ્રવેશ ફી રૂા. ૨૫૦૦/- વધારાની ફી રહેશે.

**– નિરીક્ષકશ્રી માટે :**

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળની લેખિત પરીક્ષા પારદર્શકતાથી પૂર્ણ થાય તે માટે કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીએ નિષ્પક્ષ સુપરવાઇઝરો (નિરીક્ષકો) ની નિમણૂંક કરવી અનિવાર્ય છે. એક જ ધોરણમાં ૧૦ કરતા વધુ વિદ્યાર્થીઓ હોય તો સ્વતંત્ર બેઠક વ્યવસ્થા કરીને સ્વતંત્ર રીતે નિરીક્ષકની નિમંણૂક કરવી. આ નિયમ મ. પ્રથમ થી માંડી વિશારદ પૂર્ણ સુધીની તમામ પરીક્ષાને લાગુ પડે છે. પરંતુ અલંકાર પ્રથમ અને અલંકાર પૂર્ણ, શિક્ષા વિશારદ, શિક્ષા પારંગત વગેરે પરીક્ષાઓમાં દસ કરતા ઓછા વિદ્યાર્થી હોય તો તેને એક સાથે બેઠક વ્યવસ્થા કરવી. આ જ રીતે મ. પ્રથમ થી વિશારદ પૂર્ણ સુધીની દસ કરતા ઓછા વિદ્યાર્થી હોય તો પણ બેઠક વ્યવસ્થા એક સાથે કરવી.

નિરીક્ષકશ્રી શક્ય હોય ત્યાં સુધી સંસ્થાનો આજીવન સભ્યપદ ધરાવતા હોવા જોઇએ. જો નિરીક્ષકશ્રીની નિમણૂંક કેન્દ્ર વ્યવસ્થાપક દ્વારા કરવામાં આવે તો તેવા નિરીક્ષકશ્રીને રૂા. ૭૫/– લેખે પ્રશ્નપત્રના સમયના સંદર્ભમાં આપવામાં આવશે. આ મહેનતાણું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીએ ચુકવવાનું રહેશે. પરંતુ કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીને આવેદનપત્રની ફી માથી આ પૈસા બાદ કરવાના રહેશે.

# આ સુધારેલો અભ્યાસક્રમ છે.

## અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ

## ગાયન તથા સ્વરવાદ્યનો અભ્યાસક્રમ

## સંગીત પ્રારંભિક

ગાયન તથા સ્વરવાદ્ય

પૂર્ણાંક : ૫૦, ક્રિયાત્મક : ૪૦, મૌખિક : ૧૦, ન્યુનત્તમ : ૧૭

**મૌખિક શાસ્ત્ર :**

– નીચેની વ્યાખ્યાઓ કરવી.

૧. સંગીત કોને કહેવાય?

૨. વર્જીતસ્વર (રાગમાં ન આવતા સ્વર)

૩. આરોહ

૪. અવરોહ

૫. વાદી સ્વર

૬. સંવાદી સ્વર

૭. ગાવાનો સમય

૮. રસ

અભ્યાસમાં આવતા રાગોની માહિતી તથા તાલની માહિતી.

**ક્રિયાત્મક :**

અભ્યાસક્રમમાં આવતા રાગો

૧. રાગ ભુપાલીનું સાદુ ગીત આરોહ, અવરોહ સાથે

૨. રાગ દુર્ગાનું સાદુ ગીત આરોહ, અવરોહ સાથે

૩. રાગ સારંગનું સાદુ ગીત આરોહ, અવરોહ સાથે

૪. રાગ દેશનું સાદુ ગીત આરોહ, અવરોહ સાથે

ઉપરોક્ત રાગોમાંથી કોઇપણ એક રાગની સ્વરમાલિકા અથવા લક્ષણગીત કરવું જરૂરી.

આ વર્ષના તાલ (૧) તાલ ત્રિતાલ અને તેની માહિતી. (૨) તાલ દાદરા અને તેની માહિતી.

આ પ્રારંભીકના અભ્યાસક્રમમાં કોઇપણ સરળ પાંચ અલંકાર ગાવા તથા વગાડવાની આવડત.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ આપેલા રાગો લય અને તાલમાં વગાડવાની આવડત.

## સંગીત પ્રવેશિકા પ્રથમ

## ગાયન તથા સ્વરવાદ્ય

પૂર્ણાંક : ૭૫, ક્રિયાત્મક : ૬૦, મૌખિક શાસ્ત્ર : ૧૫, ન્યુનત્તમ : ૨૫

**મૌખિક શાસ્ત્ર :**

આ વર્ષના રાગોની શાસ્ત્રીય માહિતી આવડવી જરૂરી તથા આ વર્ષમાં આવતા તાલોની માહિતી આવડવી જરૂરી. પ્રારંભિકમાં તૈયાર કરેલ અલંકારો ઉપરાંત બીજા પાંચ અલંકારો તૈયાર કરવા.

### પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

(૧) અલંકાર
(૨) રાગનું મુખ્ય અંગ (પકડ)
(૩) આલાપ
(૪) લક્ષણગીત
(૫) સ્વર માલિકા
(૬) રાગની જાતિ
(૭) શુધ્ધ સ્વર, કોમળ સ્વર વગેરેની સમજ
(૮) આવર્તન
(૯) ઠેકા
(૧૦) લય વગેરેની સમજ

**ક્રિયાત્મક :**

**સ્વરજ્ઞાન :** સાત શુધ્ધ સ્વરને ગાવા, વગાડવા તથા ઓળખ કરવી, કોમળ સ્વર, તીવ્ર (વિકૃત) તથા રાગના સ્વરોની મદદથી રાગને ઓળખવા તથા કોમળ અને શુધ્ધ સ્વરોની તુલના કરવી. કોઇપણ શુધ્ધ સ્વરના પાંચ સરલ અલંકાર ગાવાની, વગાડવાની આવડત તથા અભ્યાસક્રમના રાગને આધારે સ્વર અલંકાર ગાવાની તથા વગાડવાની ક્ષમતા.

**રાગ જ્ઞાન** : રાગ સંખ્યા પાંચ છે.

(૧) ખમાજ

(૨) કાફી

(૩) ભીમ પલાસી

(૪) ભૈરવી

(૫) તીલંગ

ઉપરોક્ત દરેક રાગમાં સ્વરમાલિકા અને એક ગીત ગાતા આવડવું જોઇએ. કોઇપણ બે રાગમાં સંપૂર્ણ આલાપ ગીત (છોટા ખ્યાલ) કોઇપણ બે સ્વર માલિકા, કોઇપણ એક લક્ષણગીત, કોઇપણ એક ધ્રૂપદ. આ ઉપરાંત સ્વર ઓળખ, રાગ ઓળખ વગેરેની જરૂરી વાદ્યનના વિદ્યાર્થીઓને ગત અને ગીત વગાડવાની ક્ષમતા જરૂરી અને ગાયનના વિદ્યાર્થીઓએ ગાવાની ક્ષમતા કેળવવી ઉપરોક્ત રાગમાંથી ઝપતાલ, એકતાલ વગેરે તાલોમાં એક એક ગીત કરવા જરૂરી.

નીચેના તાલોની જાણકારી મેળવવી.

તાલજ્ઞાન (૧) ઝપતાલ (૨) ચૌતાલ (૩) એકતાલ આ તાલો તાલી આપી તાલના ઠેકા બોલવાની આવડત તથા દુગુન કરવાની આવડત. ઉપરોક્ત ગીત પ્રકારોમાંથી ધ્રૂપદમાં દુગુન કરવાની ક્ષમતા ગત પરીક્ષાના તાલોનું પુનરાવર્તન કરવું.

## સંગીત પ્રવેશિકા પૂર્ણ

## ગાયન તથા સ્વરવાદ્ય

પૂર્ણાંક : ૧૦૦, ક્રિયાત્મક : ૮૦, મૌખિકશાસ્ત્ર : ૨૦, ન્યુનત્તમ : ૪૦

**મૌખિક શાસ્ત્ર :**

૧. પ્રવેશિકા પૂર્ણના અભ્યાસક્રમમાં આવતા રાગો તથા તાલોની શાસ્ત્રીય માહિતી કરવી જરૂરી.

૨. સપ્તકના પ્રકારો

૩. લયના પ્રકારો

૪. રાગની મુખ્ય જાતીઓ અને પેટાજાતીઓ

**– નીચેના પારીભાષિક શબ્દોની વ્યાખ્યા :**

૧. તાન

૨. બોલતાન

૩. સ્થાય

૪. અંતરા

૫. રાગ

૬. થાટ

૭. કણસ્વર

૮. ખંડ

૯. સમ

૧૦. તાલ

૧૧. કોમળ સ્વર

૧૨. તીવ્ર સ્વર

૧૩. ઉતરાંગ

૧૪. પૂર્વાંગ

**ક્રિયાત્મક :**

**સ્વરજ્ઞાન :** શુધ્ધ સ્વરો ગાવાની, વગાડવાની તથા ઓળખવાની પૂર્ણતા, વિકૃત સ્વરોનું સામાન્ય જ્ઞાન, ચાર શુધ્ધ સ્વરોનો સમૂહ તથા ત્રણ સ્વરોના સમૂહમાં એક અથવા બે વિકૃત સ્વર હોય તેવા સ્વરોને ગાવા, વગાડવા અને ઓળખવાની ક્ષમતા. પાછલા શીખેલા અલંકારો તથા આ વર્ષના દશ અલંકારો વગેરેને ગાવા, વગાડવાની ક્ષમતા તથા અલગ અલગ લયકારીઓમાં ગાવા, વગાડવાની ક્ષમતા.

**રાગ જ્ઞાન :**

પાછલા રાગોનું પુનરાવર્તન સાથે આ વર્ષના નીચેના રાગોનો અભ્યાસક્રમ કરાવવાનો રહેશે. રાગની સંખ્યા ૬ છે.

(૧) બિહાગ

(૨) કેદાર

(૩) પટદીપ

(૪) બાગેશ્રી

(૫) ધાની

(૬) કલ્યાણ

આ રાગોમાં આરોહ–અવરોહ, પ્રારંભિક રાગ વિસ્તાર તથા એક એક મધ્યલય, સ્વરમાલિકા, કોઇપણ એક ધૃપદ, તરાના, ધમાર બે છોટા ખ્યાલ, (આલાપ ગીતો) એક લક્ષણગીત, કોઇપણ એક રાગની વિલંબિત એક તાલમાં માત્ર બંદીશ ઉપરોક્ત ગીત પ્રકારોની દુગુન કરવી જરૂરી તથા દરેક ગીત પ્રકાર અલગ–અલગ રાગોમાં ગાવા વગાડવાની ક્ષમતા.

**તાલ જ્ઞાન :**

અભ્યાસક્રમોના તાલોના ઠેકાઓ, તાલી દઇને (બોલ) બોલવાની ક્ષમતા તેની દુગુન, તિગુન લયકારી કરવાની ક્ષમતા.

**નીચે આપેલા તાલોનું સાધારણ જ્ઞાન :**

(૧) તાલ ત્રિતાલ, (૨) તાલ દાદરા, (૩) તાલ ચૌતાલ (૪) તાલ એક તાલ

**સંગીત મધ્યમાં પ્રથમ**

**ગાયન તથા સ્વરવાદ્ય**

(પૂર્ણાંક : ૧૨૫, ક્રિયાત્મક : ૭૫, ન્યુનત્તમ : ૩૦,
લેખિત શાસ્ત્ર : ૫૦, ન્યુનત્તમ : ૨૦)

**લેખિત શાસ્ત્ર :**

પ્રવેશિકા પૂર્ણ સુધીની પરીક્ષાઓમાં ગાયનના વિદ્યાર્થીઓ પ્રથમ હાર્મોનિયમની સંગત કરી શકતા હતા. પરંતુ મધ્યમાં પ્રથમથી કરવાની નથી. પણ માત્ર સ્વર ઉપર ગાવાનું રહેશે. પરંતુ પરંપરાગત તાનપુરો અથવા ઇલેકટ્રોનિક તાનપુરાનો ઉપયોગ કરી શકાશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ પોતાના વાદ્યના પરિચય સાથે અભ્યાસક્રમમાં દર્શાવેલ તમામ રાગ વગાડવાની ક્ષમતા અને રજાખાની ગત અને મસીત ખાની ગતમાં લયકારીઓ કરવાની આવડત.

આ વર્ષમાં નીચે આપેલી વ્યાખ્યાઓ કરવાની રહેશે.

(૧) વક્ર સ્વર

(૨) મીંડ સ્વર

(૩) સ્પર્શ સ્વર

(૪) ઉતરાંગ

(૫) પૂર્વાંગ

(૬) ઉત્તર રાગ

(૭) પૂર્વ રાગ

(૮) સંકીર્ણ રાગ

(૯) છોટા ખ્યાલ

(૧૦) વિલંબિત ખ્યાલ

આ ઉપરાંત પાછલી પરીક્ષાના પારીભાષિક શબ્દોની વ્યાખ્યા પણ પુછી શકાશે.

- નાદની ત્રણ વિશેષતાઓ
- ભારતીય વાદ્યના પ્રકારો
- હિન્દુસ્તાનની મુખ્ય બે સંગીત પદ્ધતિઓ
- ગીતના અવયવો
- અભ્યાસક્રમની રાગ જોડી ઓની તુલના
- આ વર્ષના રાગો અને તાલોની શાસ્ત્રીય માહિતી
- સ્વ. પં. વિષ્ણુનારાયણ ભાતખંડેજીની સ્વરલીપી
- સ્વ. પં. વિષ્ણુદિગંબર પલુષ્કરની સ્વરલીપી આ બન્ને સ્વરલીપીનું સામાન્ય જ્ઞાન.

**પ્રબંધ પ્રકારો :**

૧. ભજન

૨. ગઝલ

૩. સ્વર માલિકા

૪. લક્ષણગીત

૫. ધ્રુપદ

૬. ધમાર

૭. તરાના વગેરે કરવાના રહેશે.

**ક્રિયાત્મક :**

**સ્વરજ્ઞાન :**

શુધ્ધ સ્વરો તથા વિકૃત સ્વર સમૂહ તેમજ વિકૃત શુધ્ધ સ્વર સમુહ વગેરે સ્વરોને ગાવાની, વગાડવાની તથા ઓળખવાની ક્ષમતા એટલું જ નહી પણ ગાયનના વિદ્યાર્થીઓએ મૂર્કી, ખટકા, મીંડ વગેરે સ્વરો ગળામાંથી કાઢવા એવી જ રીતે વાદનના વિદ્યાર્થીઓએ પણ મૂર્કી, ખટકા, મીંડ વગેરે સ્વરો વાદ્યમાંથી કાઢવા. ગાયન તથા વાદનમાં ગમક સ્પર્શ, સ્વર, કણસ્વર તથા અલંકારો વગેરે ગાવાની આવડત તથા વગાડવાની આવડત જરૂરી.

**વિસ્તૃત અધ્યનના રાગો :**

આ વર્ષના વિસ્તૃત અધ્યયના રાગો નીચે મુજબ છે.

૧. રાગ ભુપાલીનો વિલંબીત બડા ખ્યાલ તથા ધ્રુત ખ્યાલ

૨. રાગ સારંગનો વિલંબીત બડા ખ્યાલ તથા ધ્રુત ખ્યાલ

૩. રાગ યમનકલ્યાણનો વિલંબીત બડા ખ્યાલ તથા ધ્રુત ખ્યાલ

ઉપરોક્ત રાગોમાં રાગ વિસ્તાર આલાપ, તાન, બોલ તાન વગેરે તૈયાર કરવા જરૂરી. સ્વતંત્ર રીતે આલાપચારી કરીને મુખડો પકડવાની ક્ષમતા જ્યારે વાદ્યના વિદ્યાર્થીઓએ જુદી જુદી તાનો લેવાની ક્ષમતા રજાકખાની ગત અને મસીતખાની ગત વગાડવાની આવડત અને તેમાં લયકારીઓ કરવાની ક્ષમતા.

**સામાન્ય અધ્યયનના રાગો :**

– નીચેના રાગોમાંથી મધ્યલયની એકએક બંદીશ, એક એક ગત દશ મીનીટ સુધી આલાપ, તાન તોડા સહિત ગાવા વગાડવાની ક્ષમતા હોવી જોઇએ.

૧. ભૈરવ

૨. કાલિંગડા

૩. જોનપુરી

૪. આશાવરી

૫. રાગેશ્રી

૬. હમીર

૭. કામોદ

ઉપરોક્ત સાતેય,રાગોની એક એક બંદીશ (ચીઝ) આ ઉપરોક્ત અન્ય ગીત પ્રકારોમાંથી એક ધ્રૂપદ, બે તરાના એક ચતરંગ એક ધમાર વગેરે દુગુન, તીગુન, ચૌગુન, કરવા જરૂરી. ઉપર દર્શાવેલ રાગોમાંથી કોઇપણ ત્રણ રાગોમાં આલાપ ગીત અથવા છોટા ખ્યાલ કરવાના રહેશે. સ્વતંત્ર રાગ-વિસ્તાર તથા જુદા-જુદા તાલમાં બંદીશો ગાવા તથા વગાડવાની આવડત આજ પ્રમાણે વાદનના વિદ્યાર્થીઓએ પોતાના વાદ્યમાં જુદી જુદી ગતો તૈયાર કરવાની રહેશે.

પ્રાદેશિક ભાષામાં કોઇપણ સુગમ ગીત, ભજન, દેશભક્તિ ગીત કરવાના રહેશે.

**તાલજ્ઞાન :**

ઝપતાલ, વિલંબીત એક તાલ, તિલવાડા, ત્રિતાલ, કહેરવા, તાલ ધમાર આ તમામ તાલોના ઠેકાઓ હાથથી તાલી પાડીને બોલ બોલવાની ક્ષમતા તથા તેમાં દુગુન, ચૌગુન કરવાની ક્ષમતા.

## સંગીત મધ્યમાં પૂર્ણ

## ગાયન તથા સ્વરવાદ્ય

પૂર્ણાંક : ૨૦૦, ક્રિયાત્મક : ૧૨૫, ન્યુનત્તમ : ૫૦, લેખિતશાસ્ત્ર : ૭૫, ન્યુનત્તમ : ૩૦

**લેખિતશાસ્ત્ર :**

પાછલા ત્રણ વર્ષના વિષયોને વિસ્તૃત રૂપથી બેવડાવીને નીચે આપેલા વિષયોનું અધ્યયન ધ્વનિની ઉત્ત્પત્તિ, કંપન,આંદોલન સંખ્યા, નાદની ઉંચાઇના આંદોલન સંખ્યા તથા તારની લંબાઇ તથા સંબંધ ૨૨ શ્રુતીઓનો સ્વરમાં વિભાજન (પ્રાચીન તથા અર્વાચીન મતથી) દક્ષીણ ભારતીય તથા ઉત્તર ભારતીય પધ્ધતિની તુલના (સ્વર સ્થાનોની દષ્ટિથી) ગાયકોના ગુણ-દોષ, વાદકોના ગુણ-દોષ નીચે આપેલા પારિભાષિક શબ્દો તથા વિષયોનો અભ્યાસ તથા સ્પષ્ટીકરણ (ઉદાહરણ સહિત) અલ્પત્વ, બહુત્વ, અર્વિભાવ, તિરોભાવ, અનુલોમ, વિલોમ, ગમક, સુત, ધસીટ, જમજમાં, મુર્કી, જમજમાં અત્યાર સુધી શીખેલા રાગ તથા તાલનું પૂર્ણ વિવરણ તથા તેનું તુલનાત્મક અધ્યયન વિભિન્ન લયકારીઓ (દુગુન, તીગુન તથા ચૌગુન) તથા શીખેલા ગત / ગીતોનો પલુષ્કર તથા ભાતખંડે સ્વર લીપીઓમાં લખવા પં. વ્યંકટમખીની ગણીત આધારે રચાયેલા ૭૨ મેલોની રચના વિધી થાટ પધ્ધતિના ગુણ દોષોની ટુંકમાં જાણકારી નીચે આપેલા ગાયકો,

વાદકોની ટુંકમાં જીવનચરિત્ર તથા તેના કાર્યો.

૧. ઉસ્તાદ અબ્દુલ કરીમ ખા

૨. સ્વ. પં. નારાયણ વ્યાસ

૩. પં. બાલકૃષ્ણ બુવા ઇચલન્જી કરંકર તથા

પૂર્વકાલીન કલાકારમાં

૪. તાનસેન

**ટૂંકમાં નિબંધ લખો :**

૧. સાહિત્ય અને સંગીત

૨. જીવનમાં સંગીતનું સ્થાન

આ ઉપરાંત વાદ્યના વિદ્યાર્થીઓ નીચે આપેલા વિષયોનો સહ વિસ્તાર અધ્યયન કરશે.

અનુલોમ, વિલોમ, મીંડ, ગમક, સુત, ઘસીટ, જમજમાં, મુર્કી, ચીકારી, ઝાલા, બિનકાર, રબાબિઇ, પ્રચલિત ભારતીય વાદ્ય તથા તેની વિશેષતાઓનું વર્ણન કરવું.

**ક્રિયાત્મક :**

**સ્વરજ્ઞાન :** શુધ્ધ તથા વિકૃત સ્વરોની ગાવાની, વગાડવાની તથા ઓળખવાની જાણકરી, તાનપુરો પોતાનું વાદ્ય તથા તબલા મેળવવાનો અભ્યાસ તાન તોડામાં વિશેષ તૈયારી તથા ગાયન વાદનમાં વિભિન્ન અલંકારો, ખટકા, મુર્કી, મીંડ, ગમક વગેરે ઉચિતના પ્રયોગો. સ્વરલીપી વાચવાનો તથા લખવાનો વિશેષ અભ્યાસ.

**રાગજ્ઞાન :**

નીચે આપેલા રાગોમાં એક એક વિલંબિત તથા એક એક ધ્રુત ખ્યાલ, બડાખ્યાલના સ્થાને મસીતખાની તથા એક એક રજાખાનીગત કરવાની છે. આમા મુખ્ય રૂપથી પોતાના મનથી વિસ્તાર કરતા-કરતા મુખડા પકડવાનો સારો અભ્યાસ હોવો જોઇએ. આ ચાર રાગોને ૧૫ મિનીટ સુધી પ્રસ્તુત કરવાની (આલાપ-તાન-તોડા સહિત) ક્ષમતા આવશ્યક છે.

**– વિસ્તૃત અધ્યનના રાગો :**

૧. રાગ ભીમપલાસી વિલંબીત બડા ખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૨. રાગ બિહાગ વિલંબિત બડા ખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૩. રાગ અલ્લહીયાં બિલાવલ વિલંબીત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૪. રાગ કેદાર વિલંબીત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

**– સામાન્ય અધ્યયના રાગો :**

નીચે આપેલા રાગોમાં મધ્યલયની બંદિશ ૧૦-૧૦ મિનીટ સુધી આલાપ-તાન-તોડો બોલતાન સહિત ગાવાની વગાડવાની ક્ષમતા આવશ્યક છે.

૧. ગોડસારંગ

૨. જયજયવંતી

૩. અડાણા

૪. શંકરા

૫. માલકોંસ

૬. છાયાનટ

૭. તીલક કામોદ

૮. પીલુ

ક્રમાંક ૨ માં વર્ણવેલા ૮ રાગોમાંથી એક ધૃપદ, એક ધમાર (દુગુન, ચૌગુન સાથે) તથા બે તરાના એક ધ્રુત એક તાલ આજ પ્રમાણે પાંચ અન્ય ગીત પ્રકાર તૈયાર કરવાના રહેશે. વાદનના વિદ્યાર્થીઓ પોતાના વાદ્યની વિશેષતા અનુસાર આટલી જ ગતો વિભિન્ન તાલોમાં તૈયાર કરશે. પાઠ્યપુસ્તકના બધા જ રાગોમાં આ ગીત પ્રકાર વિભિન્ન કરવાના રહેશે. ઉપશાસ્ત્રીય સંગીત માટે આ વર્ષ કાફી તથા તિલંગ રાગોમાં નાટ્ય સંગીત ઠુમરી, દાદરા અથવા તત્સમ અન્ય કોઇ પ્રકાર (કોઇ પ્રાદેશિક ભાષામાં આમાંથી કોઇપણ એકમાં એક એક બંદીશ ગાવાની સાધારણ ક્ષમતા, વાદન માટે ઉપર આપેલા શાસ્ત્રોમાં ધુન વગાડવાની ક્ષમતા.)

**તાલજ્ઞાન :**

રૂપક, દ્દિપચંડી, આડા ચૌતાલ આ તાલોમાં ઠેકા હાથ તાલી દઇને બોલવા તેમજ અત્યાર સુધી શીખેલા બધા તાલોની દુગુન, તીગુન તથા ચૌગુન લયકારીઓ બોલવાનો અભ્યાસ.

## સંગીત વિશારદ પ્રથમ
## ગાયન તથા સ્વરવાદ્ય

(પૂર્ણાંક : ૩૦૦, ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦, લેખિત શાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦)

**લેખિતશાસ્ત્ર :**

સંગીત વિશારદ પ્રથમ વર્ષમાં માત્ર એક જ પેપર ૧૦૦ ગુણનું રહેશે. આ પ્રશ્નપત્રમાં ક્રિયાત્મક તથા શાસ્ત્ર બન્ને એકી સાથે પુછવામાં આવશે. આ પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું રહેશે. ક્રિયાત્મક પરીક્ષાના ૨૦૦ ગુણ અલગ રહેશે. જેમાં ૧૭૦ ગુણની ક્રિયાત્મક મૌખિક પરીક્ષા થાશે જેમાં પરીક્ષક સમગ્ર અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી પરીક્ષા કાર્ય કરશે જ્યારે ૩૦૦ ગુણ મંચપ્રદર્શનના રહેશે. જેમાં વિદ્યાર્થી પોતે પોતાની ઇચ્છાનુસાર આવડતની રજૂઆત કરશે.

પાઠ્યક્રમના બધા રાગોનું વિસ્તૃત વિવેચન તથા ક્ષમતા વિભિનતાનું અધ્યય લેખિત સ્વર સમુદાયમાં રાગોને ઓળખવું તથા તેનું વિસ્તરણ કરવું. રાગના મુખ્ય સ્વર સમુદાયો સ્વર સંગીતો તથા સુક્ષ્મ ભેદોથી પૂર્ણ પરિચય આધુનિક આલાપ ગાયનની વિધિ, તાનોના વિવિધ પ્રકારોનો વિસ્તૃત વિવરણ, વિદારી, રાગ લક્ષણ, (આધુનિક અને પ્રાચીન) જાતિ-ગાયન, સન્યાસ, વિન્યાસ, અપન્યાસ, અલપત્વ, બહુત્વ, આવિર્ભાવ, તિરોભાવ, ગાયકી, નાયકી, લાગ-દાર વગેરે ગીતોમાં વિભિન્ન લયોમાં વિભાજન કરવું. સરળ સરગમ અને ધુન બનાવવાનો અભ્યાસ, વિવિધ ગીત પ્રકાર (પ્રબંધ) ચતરંગ, ત્રિવટ, હોળી, કજરી, ચૈતી, ધૃપદ, ધમાર, ઠુમરી ખ્યાલ વગેરેની ગાયકીના વિષયમાં જાણકારી તથા આ બધાને સ્વરલીપી બનાવવાનો અભ્યાસ. પલુષ્કર તથા ભાતખંડે સ્વરલીપી પદ્ધતિઓમાં સ્વરલીપી લખવામાં સરળ નિપૂર્ણતા વર્તમાન પ્રસિધ્ધ ગાયકો અને વાદકોની શૈલીના વિષયમાં વિસ્તૃત અધ્યયન.

પાઠ્યપુસ્તકના તાલોનો દુગુન, તિગુન, ચૌગુન તથા ડેઢગુનમાં લખવામાં તથા અન્ય કઠીન લયકારીઓમાં લખવાનો અભ્યાસ.

અત્યાર સુધી થયેલી બધી પરીભાષાઓ અને વિષયોનું વિસ્તૃત અધ્યયન. રાગોના ત્રણ વર્ણો (રે. ધ. કોમલ, રે.ધ શુધ્ધ, ગ.ની. કોમળ) રાગોનું સમયચક્ર, રાગરાગીણીની પદ્ધતિ તથા થાટ (મેલ) પદ્ધતિની જાણકારી તથા

સંક્ષિપ્ત ઇતિહાસ. તારની લંબાઇ ઉપરથી આંદોલન સંખ્યા નક્કી કરવાની વિધિ અને સ્વરોની આંદોલન સંખ્યા ઉપરથી તાલની લંબાઇ શોધવાની રીત.

**– નીચે આપેલા વિષયો પર નિબંધ લખો.**

૧. સંગીત અને સાહિત્ય

૨. લોકો સંગીત

૩. શાસ્ત્રીય સંગીતના વાદ્ય તથા તેનું વર્ગીકરણ

૪. સંગીતની વર્તમાન સમસ્યાઓ

૫. સંગીતના વિકાસમાં નવીન પ્રયોગનું મહત્વ

(વૃંદવાદન, વૃન્દગાન, ફિલ્મી સંગીત, પ્રાશ્ચાત્ય સંગીતના અનુકરણ) સંગીતમાં પ્રચલિત ઘરાનાઓનું સંક્ષિપ્ત ઇતિહાસ. ઉ. અલ્લાદિયાખા, સ્વ. ઉસ્તાદ બડે ગુલામ ખા, સ્વ. પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે, નારાયણ, રાવ પટવર્ધન ઉસ્તાદ અલી અકબર ખાં, પં. રવિશંકર, ઉ વિલાયતખાના જીવન તથા કાર્યનો પરિચય.

**ક્રિયાત્મક :**

આ વર્ષ તથા આગલા વર્ષમાં ગાયન, વાદન શૈલીના વિકાસની દષ્ટિથી વિશેષપ્રયત્ન અપેક્ષિત છે. રાગ-સ્વરૂપ-તાલ તથા ગાયન/વાદનના વિસ્તારના વિવિધ અંગો (આલાપ-તાન-બોલતાન-તોડા) તથા બંદીશની ગાયન/વાદન શૈલીને સંતુલિત તથા પ્રભાવશાળી બનાવવા વિદ્યાર્થીનું ધ્યાન તે તરફ દોરવું. રાગોના પોતાના મનથી આલાપ, તાનો દ્વારા સુંદરતાથી વિસ્તાર કરવું તથા તેમાં અલંકારીત તાન તોડાની રચના કરવી. (સરળ, સ્થાયી, વર્ણનયુક્ત, ફીરતપૂર્ણ) ગાયન વાદનમાં સ્વયં રીતે વિસ્તાર કરવાની ક્ષમતા ધૃપદ ગાયનની સાથે નોમતોમ આલાપ કરવાનો અભ્યાસ વિશેષરૂપથી કરવો. નવીન રચના કરવાનો પ્રારંભિક અભ્યાસ હોવો જોઇએ. અલ્પત્ત્વ, બહુત્વ તથા આ વિર્ભાવ-તિરોભાવનો ગાયન-વાદનમાં પ્રયોગ કરવો. રાગ ઓળખવામાં વિશેષ નિપૂર્ણતા તથા તેની ક્ષમતા વિભિન્નતા સમજવાની ક્ષમતા.

**રાગજ્ઞાન :**

નીચે આપેલા રાગોમાં એક વિલંબિત તથા એક એક ધૃતખ્યાલ, એક એક મસીતખાની તથા એક એક રજાખાનીગત તૈયાર કરવાની છે. આ બધા જ રાગોમાં સ્પષ્ટતા સ્વરૂપ જ્ઞાન તથા તેને વિસ્તારપૂર્વક સમજવાની ક્ષમતા.

**વિસ્તૃત અધ્યયના રાગો :**

૧. રાગ જયજયવંતી વિલંબિત બડાખ્યાલ અને ધૃતખ્યાલ.

૨. રાગ છાયાનટ વિલંબિત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૩. રાગ બાગેશ્રી વિલંબિત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૪. રાગ મિયાં મલ્હાર વિલંબિત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

૫. રાગ પુરીયા વિલંબિત બડાખ્યાલ અને ધ્રુત ખ્યાલ

**સામાન્ય અધ્યયના રાગો**

નીચે આપેલા રાગોમાં મધ્યલયની બંદીશ/ગત ૧૫ મિનીટ સુધી આલાપ તાન/તોડા બોલતાન સહિત-વગાડવાની ક્ષમતા હોવી જોઇએ. રાગ સ્વરૂપનું સ્પષ્ટજ્ઞાન તથા વિસ્તાર કરવાની ક્ષમતા અપેક્ષિત છે.

૧. રાગ રામકલી

૨. રાગ હીંડોલ

૩. રાગ વસંત

૪. રાગ લલીત

૫. રાગ દેશકાર

૬. રાગ પુર્યાધનાશ્રી

૭. રાગ પુરીયા

૮. રાગ મારવા

આ વર્ષના ક્રમાંક-૨માં વર્ણાવેલ ૮ રાગોમાં એક ધૃપદ (સુલતાન તથા તેવરા) એક ધમાર (દુગુન, તિગુન, ચૌગુનની સાથે) બે તરાના તથા એક ચતરંગ તથા ત્રિવટ આ પ્રકારે પાંચ અન્ય બંદિશે પણ તૈયાર કરવાની છે. વાદનના વિદ્યાર્થીઓ પોતાની રચનાઓ નીચે આપેલા તાલોમાં તૈયાર કરશે.

ઉપશાસ્ત્રીય સંગીત માટે આ વર્ષ કોઇપણ એક પ્રકાર તૈયાર કરવાનો રહેશે. પીલું ભૈરવી, જોગીયામાં ઠુમરી, નાટ્યસંગીત, દાદરા તથા તત્સમ, બીજા કોઇપણ પ્રકાર (પ્રાદેશિક ભાષામાં)

**તાલજ્ઞાન :**

આડા ચૌતાલ, દીપચંદી, તીનતાલ, ધુમાડી, ચાચર તથા ઝપતાલોનું સંપૂર્ણ જ્ઞાન તેને તબલા ઉપર બોલ ઓળખવું. સર્વ સાધારણ ઠેકાને તબલા ઉપર

વગાડવાનો અભ્યાસ અત્યાર સુધી શીખેલા તાલોની દુગુન, તીગુન, ચૌગુન બોલવાનો અભ્યાસ તથા લયકારીના ધમાર તથા ચૌતાલ ઠેકામાં પ્રયોગ.

## સંગીત વિશારદ પૂર્ણ

### ગાયન તથા સ્વરવાદ્ય

પૂર્ણાંક : ૪૦૦, ન્યુનત્તમ : ૧૬૦, ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

પ્રશ્નપત્ર નં. ૧ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર નં. ૨ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

### પ્રશ્નપત્ર – ૧

**લેખિતશાસ્ત્ર :**

પ્રશ્નપત્ર-૧ સામાન્ય રીતે ક્રિયાત્મક લક્ષી અથવા ભાવપક્ષ આધારિત હોય એટલે નીચેની બાબતો ખાસ તૈયાર કરવી. જેમ કે, વિલંબિત બડાખ્યાલ, લિપી બધ્ધ કરવો એને લગતા આલાપ તાનો વગેરે લખવા એટલું જ નહી પણ પ્રબંધ પ્રકારોમાંથી ધૃપદ, ધમાર, ઠુમરી, ચતરંગ, છોટા ખ્યાલ વગેરે પણ સ્વરલીપીબધ્ધ કરવાના હોય છે. વાદ્યના વિદ્યાર્થીઓએ રજાખાનીગત અને મસીતખાની ગત તૈયાર કરવાની અને તેમાં જોડજાલા તોડા તથા સરગમ સાથેની તાનો ઉપરાંત રાગના સ્વરૂપોની ચર્ચા દ્વારા રાગ જોડીઓની તુલના વગેરે મુદ્દાઓ મહત્ત્વના છે.

આ ઉપરાંત નીચે આપેલા વિષયોનું યથોચિત જ્ઞાન જરૂરી.

નિબધ્ધ ગાનના પ્રાચીન પ્રકાર, પબન્ધ વસ્તુ વગેરે અનિબધ્ધ ગાનના પ્રાચીન પ્રકાર, રાગ, આલાપ, રૂપ આલાપ વગેરે રાગોનું વિસ્તૃત, તુલનાત્મક અને સુક્ષ્મ વર્ણન તથા તેમાં સ્વરચિત આલાપ અને તાને લખીને સમ-પ્રાકૃતિક રાગોમાં ક્ષમતા, વિભિન્નતા દેખાડવું. વિવિધ રાગોમાં અલ્પત્વ, બહુત્વ, આર્વિભાવ, તિરોભાવ તથા અન્ય રાગોની છાયાનું વર્ણન કરતા કરતા આલાપ લખવા કઠીન લેખિત સ્વર સમૂહો દ્વારા રાગ ઓળખવા દિધેલા રાગોમાં નવી ધુન વગાડવી. તાલોના ઠેકાનો કઠિન લયકારીઓમાં લખવા. વૃન્દવાદન રચનાના નિયમ તથા પ્રચલિત વાદ્યોને મેળવવાનો ઢંગ (રીત) પ્રત્યેક શૈલીના ગીત પલુષ્કર તથા ભાતખંડજીની સ્વરલીપીમાં લખવાની ક્ષમતા.

## પ્રશ્નપત્ર-૨

**લેખિતશાસ્ત્ર :**

શ્રૃતીસ્વર વિભાજનના સંબંધમાં સંપૂર્ણ ઇતિહાસના સમુચિત જ્ઞાન તથા તેના ત્રણ કાળોમાં વિભાજન પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક આ ત્રણ કાળોનું ઉચિત જ્ઞાન, મધ્યકાલીન આધુનિક તથા પ્રાશ્ચાત્ય સ્વર સ્થાનોની તુલના, હિન્દુસ્તાની સ્વર સપ્તક માં મેજર, માઇનર અને સેમીટોન, દક્ષિણ તાલ પધ્ધતિ અને ઉત્તરી તાલ પધ્ધતિઓ ગ્રામમુર્ચ્છના સંબંધી જ્ઞાન, કલાવંત પંડિત વાગ્યેકાર, બાનીખંડાર અને નોહાર વગેરે તથા ગમકના પ્રકાર.

- પાછળના પારિભાષિક શબ્દોનું સુસ્પષ્ટ જ્ઞાન.

-તાનપુરામાં ઊત્પન્ન થયેલા સહાયક નાદોનું વર્ણન તથા શ્રૃતિ સંબંધી વિશેષ જ્ઞાન.

- રાગ-રાગીણીની પદ્ધતિતેમજ રાગાંગ-પધ્ધતિની આલોચનાત્મક અધ્યયન.

**- નીચેના વિષયો પર નિબંધ તૈયાર કરવાં.**

૧. સંગીતકલા અને શાસ્ત્રનો પારસ્પરીક સંબંધ
૨. ભાવી સંગીતના સમુચિત નિર્માણ માટે સુઝાવ
૩. હિન્દુસ્તાની સંગીત પધ્ધતિ માટે મુખ્ય સિધ્ધાંત
૪. સંગીતના મુખ્ય ગ્રંથપ્રકાર
૫. વર્તમાન સંગીતજ્ઞોની સમસ્યાઓ
૬. ગીત રચનાના મુખ્ય નિયમ
૭. ભારતીય ગીત પધ્ધતિઓમાં આલાપનું સ્થાન
૮. ભારતીવાદ્ય તથા તેનું વર્ગીકરણ
૯. રસ અને લયનો સંબંધ

**- નીચેના સંગીતકારોનો જીવન ચરિત્રોનો અભ્યાસ :**

૧. સદારંગ
૨. સ્વ. પં. ભાસ્કર બુવા બખલે
૩. ઉસ્તાદ ફૈયાજ ખાં
૪. ઉસ્તાદ અલ્લાદ્દીન ખાં

**નોંધ :**

ગાયનના વિદ્યાર્થીઓને હાર્મોનિયમ વગાડવાનું સામાન્ય જ્ઞાન જરૂરી. જ્યારે સ્વરવાધ્ના તમામ વિદ્યાર્થીઓને ગાવાનું જ્ઞાન અપેક્ષિત જ્યારે તબલાના વિદ્યાર્થીઓને પણ ગાયન અને હાર્મોનિયમનું જ્ઞાન જરૂરી. એ જ રીતે નૃત્યના વિદ્યાર્થીઓ પણ ગાયન અને તાલવાદ્યનું જ્ઞાન જરૂરી.

**ક્રિયાત્મક :**

(પૂર્ણાંક : ૨૦૦, મૌખિક : ૧૭૫, મંચ પ્રદશન : ૨૫) ન્યુનત્તમ : ૮૦

સભામાં ગાવાનો અને વગાડવાનો અભ્યાસ તથા તેમાં નિપૂર્ણતા પરિચય, સંગીતના વિભિન્ન વિષયો પર (ક્રિયા અને શાસ્ત્ર) મૌલિક વિચાર તથા તેને સમજવાની અને સમજાવવાની યોગ્યતા ઉતીર્ણ થયા પછી વિદ્યાર્થી સંગીતના ક્ષેત્રમાં પદારોપણ કરવા માટે યોગ્ય સમજવામાં આવે છે. ગાયન, વાદનમાં સારી પ્રગતિ હોવી જોઇએ. પોતાનું વાદ્ય મેળવવામાં નિપૂર્ણતા, સંગીતની વિવિધ ગાયકી પ્રકારોથી ક્રિયાત્મક રૂપમાં પરિચય ધ્રૃપદની નોમ-તોમ અને બોલબાટ ઠુમરીમાં બોલ બનાવવા, તરાનાની તાને તથા લયકારી ટપ્પા અંગેની તાને તૈયાર કરવાની ક્ષમતા વિદ્યાર્થીને સંગીતસભા આયોજન તથા સંચાલનનો પણપ્રત્યક્ષ અનુભવ હોવો જોઇએ. એક પ્રકારથી આ વર્ષના વિદ્યાર્થીઓનો સંગીત જગતના દરેક ક્ષેત્ર તથા વિવિધ અંગો અને રૂપોથી પરિચયમાં રહેવું આવશ્યક છે. જેનાથી તેનો દષ્ટીકોણ વ્યાપક રહી શકે અને તે યોગ્ય શિક્ષક બની શકે. ક્યા ક્ષેત્ર વિશેષમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરવી. એ ત્યારબાદના પગથીયા હશે.

**સ્વરજ્ઞાન :**

ગાયેલી અને વગાડેલી અથવા સ્વર લપીબદ્ધ કોઇપણ સ્વર રચનાને આત્મસાત કરવાની યોગ્યતા સાંભળેલી અથવા શીખેલી રચનાની સ્વરલીપી મૂળરૂપમાં તથા ગાયકી અંગમાં પરિવર્તિત કરવાની ક્ષમતા.

**રાગજ્ઞાન :**

રાગોની પ્રકૃતિનો સૂક્ષ્મ અભ્યાસ, સ્વતંત્રતાથી વિવરણ (આલાપ, તાન, તોડા)

બોલતાનના રૂપમાં) નવી સ્વર રચનાઓ બનાવવી. (સરગમ, ગીત/ ગત તથા વૃંદવાદન) આર્વિભાવ-તિરોભાવ, ગમક, મીંડ, આંદોલન વગેરેના

વિસ્તારથી રસાનુકૂળ સમુચિત પ્રયોગ કરવાનો અભ્યાસ બંદિશના સ્વરૂપને જોતા વિસ્તાર કરવાની યોગ્યતા.

નીચે આપેલા રાગોમાંથી દરેક રાગમાં એક એક વિલંબિત બડાખ્યાલ તથા એક એક ધ્રુત ખ્યાલ કરવાના રહેશે. એક એક મસીતખાની તથા એક એક રજાખાનીગત તૈયાર કરવાની રહેશે. વિલંબિત ખ્યાલ વિવિધ તાલોમાં (એકતાલ, તીનતાલ, તિલવાડા, ઝુમરા, આડા ચૌતાલ) તૈયાર કરવાના રહેશે. આ બધા જ રાગોમાં સ્પષ્ટ સ્વરૂપ જ્ઞાન તથા તેને ૨૦ થી ૩૦ મિનિટ સુધી ગાવાની વગાડવાની ક્ષમતા અપેક્ષિત છે. વાદન માટે વિલંબિત ગત સંપૂર્ણ વિસ્તારની સાથે મીંડ, ઘસીટ, જમજમાં, કૃતન તથા સુત વગેરે (વાદ્ય, વિશેષ, અનુસાર) જોડઝાલાના વિવિધ પ્રકારો તથા તેની તૈયારી.

**વિસ્તૃત અધ્યયના રાગો :**

૧. રાગ લલીત

૨. રાગ વસંત

૩. રાગ ભૈરવ

૪. રાગ માલ કૌંસ

૫. રાગ દરબારી કાનડા

૬. રાગ તોડી

## સામાન્ય અધ્યયના રાગો

નિમ્નલિખિત રાગોમાં મધ્યલયની બંદિશ/ગત ૧૫ મિનિટ સુધી આલાપ-તાન-તોડા સહિત ગાવાની વગાડવાની ક્ષમતા હોવી જોઇએ. રાગ સ્વરૂપનું સ્પષ્ટજ્ઞાન તથા વિસ્તાર કરવાની ક્ષમતા અપેક્ષિત છે.

૧. સોહિની

૨. પૂર્વી

૩. મુલતાની

૪. બહાર

૫. ગૌડ મલ્હાર

૬. બીભાસ

૭. શ્રી

૮. પરજ

૯. સીંધોરા

ક્રમાંક-૨ માં વર્ણવેલા રાગોમાં એક એક ધૃપદ, એક ધમાર, દુગુન, તિગુન, ચૌગુનની સાથે બે તરાના એક ત્રિવટ આ પ્રકારે પાંચ અન્ય બંદિશે અલગ-અલગ રાગોમાં તૈયાર કરવાની રહેશે. વાદન માટે પોતાના વાદ્ય પર દુગુન, તિગુન તથા ચૌગુન વગાડવાનો અભ્યાસ, વાદનના વિદ્યાર્થીઓએ એટલી જ રચનાનો વિવિધ તાલોમાં તૈયાર કરશે.

ઉપશાસ્ત્રીય સંગીત માટે આ વર્ષ કાલિગંડા દેશ તથા પહાડ રાગોમાં ઠુમરી નાટયસંગીત, દાદરા તથા તત્સમ અન્ય કોઇપણ પ્રકાર (કોઇપણ પ્રાદેશિક ભાષામાં) આ માંથી કોઇપણ પ્રકાર તૈયાર કરવાના રહેશે.

**તાલજ્ઞાન :**

અત્યાર સુધી શિખેલા બધા જ તાલોનો સંપૂર્ણ પરિચય તથા તેને હાથથી તાલી દઇને બોલવું તથા વિવિધ લયકારીઓમાં બોલવું. આ ઉપરાંત નીચેના તાલોનો અભયાસ કરવાનો રહેશે.

| | |
|---|---|
| ૧. તાલ પંજાબી | ૨. તાલ કવાલી |
| ૩. તાલ પસ્તો | ૪. તાલ સુરફાગ (સુલતાલ) |
| ૫. તાલ ખેમટા | ૬. શિખર તાલ |
| ૭. બ્રહમ તાલ | ૮. તાલ રુદ્ર |
| ૯. તાલ લક્ષમી | ૧૦. તાલ અષ્ટમંગલ |

## સંગીત અલંકાર પ્રથમ

## ગાયન તથા સ્વરવાદ્ય

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળનો અલંકારનો (માસ્ટર ડિગ્રી) અભ્યાસ ક્રમ બે વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે.

- ગાયન તથા સ્વરવાદ્યમાં સંગીત અલંકાર
- શાસ્ત્રમાં સંગીત અલંકાર

ગાયન તથા સ્વરવાદ્ય સંગીત અલંકાર બે વર્ષનો અભ્યાસક્રમ છે. સંગીત અલંકાર પ્રથમ અને સંગીત અલંકાર પૂર્ણ બન્ને અભ્યાસક્રમ એક-એક વર્ષના સમયગાળા દરમ્યાન પૂર્ણ કરવાના હોય છે. ગાયન તથા સ્વરવાદ્ય સંગીત

અલંકારમાં ક્રિયાલક્ષી અથવા ભાવલક્ષી પક્ષને અથવા પાસાને મહદઅંશે મહત્ત્વ આપવામાં આવે છે. જ્યારે શાસ્ત્ર સંગીત અલંકારમાં ક્રિયાલક્ષી પક્ષને ગૌણ સમજીને પ્રબંધ પક્ષને મહત્ત્વ અપાય છે. એટલે કે શાસ્ત્ર મુખ્ય વિષય બને છે. શાસ્ત્રમાં પણ સંગીત અલંકાર બે વર્ષનું હોય છે.

વિદ્યાર્થીઓ સંગીત વિશારદપૂર્ણની પરિક્ષા ઉતિર્ણ કર્યા બાદ ઉપરોક્ત બન્ને વિભાગમાંથી કોઇપણ એક વિભાગમાં પ્રવેશ મેળવી શકે છે. પરંતુ જે વિભાગમાં પ્રવેશ મેળવ્યો હોય તે જ વિભાગમાં સંગીત અલંકાર પ્રથમ અને સંગીત અલંકાર પૂર્ણ ઉર્ત્તીણ કરવાના રહેશે. અધ વચ્ચેથી વિભાગ કે વિષય ફેરવી શકાશે નહી.

**સંગીત અલંકાર પ્રથમ**

**ગાયન તથા સ્વરવાદ્યનો અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૫૦૦ કુલ ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

લેખિતશાસ્ત્ર : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

**પ્રશ્નપત્ર-૧**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિતશાસ્ત્ર :**

૧. પાઠ્યક્રમના (અલંકાર પ્રથમ વર્ષ) બધા જ રાગોનું વિસ્તૃત વિવરણ અને સંબંધમાં ઉપલબ્ધ મતભેદોની ચર્ચા, સમપ્રકૃતિના રાગોનું તુલનાત્મક અધ્યયન રાગના લક્ષણ તથા રાગોના સ્વર લગાવવાનું મહત્ત્વ.

૨. બંદિશોની સ્વરલીપીને લખવાની ક્ષમતા.

૩. ભારતીય સંગીતમાં સ્વરલીપી પદ્ધતિઓનો ઇતિહાસ તથા તેની તુલનાત્મક આલોચના.

૪. પ્રાશ્ચાત્ય સ્વરલીપીની સાધારણ આલોચના.

૫. સંગીતના વિભિન્ન ગીત પ્રકાર તથા વાદન શૈલીઓનું સમુચિત જ્ઞાન.

**પ્રશ્નપત્ર-૨**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**સંગીત પ્રદર્શન કલા**

૧. મંચ પ્રદર્શન કલા-સંગીત કલામાં મંચ પ્રદશનની જરૂરીયાત, પ્રદર્શન માટે જરૂરી એવી પરિસ્થિતિઓ પ્રદર્શાનની પરિસ્થિતિઓમાં થયેલા પરીવર્તન, શ્રોતાઓની રૂચીઓમાં પરીવર્તન, સંગીત સભામાં સ્વરમય પરીવર્તન (સભા, સંગીત સંમેલન, રેડીયો કાર્યક્રમ વગેરેના સંબંધમાં)

૨. મંચ પ્રદર્શનના સંબંધમાં આંતરિક પરીસ્થિતિઓ બંદીશોનો સંગ્રહ, સંગીતની પરિસ્થિતિ કાર્યક્રમ માટે રચનાઓની પસંદગી વ્યવહારોનો ઢંગ, વેશભૂષા, સમયનું નિર્ધારણ વગેરે.

૩. કંઠ સાધનાનું તંત્ર : અવાજના નિર્માણનું જ્ઞાન, ષડ્જ સાધના.

૪. સભાગૃહની રચનાનું ધ્વનિશાસ્ત્ર : આદર્શ સભાગૃહની શ્રવણતાની કસોટી.

૫. ઘરાના-તેનુ સ્વરૂપ ઐતિહાસિક જાણકારી ઘરાના મુખ્ય કલાકારોની ગાયકીની સમાલોચના, ઘરાનોની જરૂરીયાતના સંબંધમાં વિવેચન.

વિદ્યાર્થીઓએ સંગીત પ્રારંભિકથી સંગીત વિશારદપૂર્ણ સુધીના શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાનજ હોવુ જરૂરી છે. આ ઉપરાંત અલંકાર પ્રથમ વર્ષમાં આવતા શાસ્ત્રની સંપૂર્ણ જાણકારી અને તલસ્પર્શી જ્ઞાન હોવું જરૂરી.

આ ઉપરાંત ક્રિયાત્મકમાં અલંકાર પ્રથમ વર્ષના વિલંબિત તથા છોટા ખ્યાલ ઉપરાંત ઉપશાસ્ત્રી પ્રબંધ પ્રકારો જેવા કે તરાના, ચતરંગ, ઠુમરી, ત્રિવટ, ટપ્પા, કજરી, ગઝલ, અનય ગીત પ્રકારોની જાણકારી જરૂરી.

**સંગીત અલંકાર પ્રથમ**

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

**ક્રિયાત્મક :**

આ વર્ષના વિસ્તૃત અધ્યનના રાગો.

૧. રાગ શ્યામ કલ્યાણ

૨. રાગ શુધ્ધ કલ્યાણ

૩. રાગ અહિર ભૈરવ

૪. રાગ મંગલ ભૈરવ

૫. રાગ બસંત

૬. રાગ બિલા સખાની તોડી

જેમાં વિલંબિત અને ધૃતલયની રચનાઓ સાથે અડધો કલાકથી પોણો કલાક સુધી ગાવાની તથા વગાડવાની ક્ષમતા વિદ્યાર્થીઓમાં હોવી જોઇએ. મંચપ્રદર્શન માટે વિદ્યાર્થી પોતાની ઇચ્છાનુસાર આ વર્ષના રાગોમાંથી કોઇપણ રાગ પસંદ કરી શકે છે. તથા એક ઠુમરી, ભજન અથવા લલિતશૈલીની કોઇપણ રચના પસંદ કરી શકે છે. વિસ્તૃત અધ્યયનના રાગોમાં વિલંબીત અને ધ્રુત રચનાની સાથે પૂર્ણ વિસ્તાર અપેક્ષિત છે તે ઉપરાંત આ રાગોમાં રચના વૈવિધ્ય વગેરેનું ધ્યાન રાખીને અતિરિક્ત બંદિશોનું સારું સંકલન વિદ્યાર્થીઓ એ કરવું જોઇએ. જેમાં ધૃપદ, ધમાર, તરાના ચતરંગ, ત્રિવટ વિવિધ તાલોની બંદિશો વગેરેનું સમુચિત પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય. ગાયન વાદનની વિવિધ શૈલીઓને પ્રદર્શિત કરવાવાળી થોડીક રચનાઓ પણ સંગ્રહીત કરવી જોઇએ. બધી જ પ્રચલિત તાલોના ઠેકા વિભિન્ન લયકારીઓ (દુગુન, તિગુન, ચૌગુન, આડ, બિઆડ, કુઆડ)માં બોલવાનો અભ્યાસ હોવો જોઇએ. સ્વરલીપી કરવાની તથા વાંચવામાં વિશેષ યોગ્યતા તરત જ નવી સ્વર રચના બનાવવાનો અભ્યાસ.

**સામાન્ય અધ્યનના રાગો**

૧. રાગ માલકુંજી

૨. રાગ સુધરાય

૩. રાગ દેશી

૪. રાગ હંસધ્વનિ

૫. રાગ મધુવંતી

૬. રાગ બિલાવલ

૭. રાગ કોમળ રિષભ આશાવરી

૮. રાગ આશાવરી

૯. રાગ કીરવાણી

ઉપરોક્ત રાગોમાં છોટા ખ્યાલ તથા જુદા જુદા પ્રબંધ પ્રકારો અલગ-અલગ તાલોમાં કરવા જરૂરી.

## સંગીત અલંકાર દ્વિતીય

## ગાયન તથા સ્વરવાદ્યનો અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૫૦૦, કુલ ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

લેખિતશાસ્ત્ર : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

### પ્રશ્નપત્ર-૩

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

### લેખિત શાસ્ત્ર

૧. અલંકાર દ્વિતીય વર્ષના રાગોનો વિસ્તૃત અભ્યાસ પહેલા શિખેલા રાગોની સાથે તથા આ વર્ષના સાધારણ જ્ઞાનના રાગોની સાથે તુલના.

૨. ભિન્ન ભિન્ન ઘરાનોમાં એક જ રાગના ભિન્ન ભિન્ન તથા તેનું તાર્કીક વિશ્લેષણ.

૩. નવા રાગોમાં નિર્માણનું તત્ત્વ, તેની આવશ્યકતા ભિન્ન રાગોના નિર્માણનો સિધ્ધાંત્તથા તેનું વિશ્લેષણ.

૪. શિખેલી બંદિશોને લિપિબધ્ધ કરવી.

### પ્રશ્નપત્ર-૪

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

લેખિતશાસ્ત્ર

સંગીત રચના શાસ્ત્ર અને આધુનિક સંગીતના પ્રકાર

૧. સંગીત રચનાના તત્ત્વ, સ્વર, સંગીતના વાદ્યોના ઉપયોગ, સ્વર શબ્દ સંયોગ, વિચાર વગેરેનું વિવેચન.

૨. ઉત્તર તથા દક્ષિણ સંગીતના પ્રચલિત પ્રબન્ધ પ્રકાર તેનું વિશ્લેષણ તથા તુલના.

૩. સંગીતના આવિષ્કારના આધુનિક પ્રકાર, પાર્શ્વ-સંગીત, પાશ્વ-કંઠ, સંગીત વૃન્દવાદન, વૃન્દગાન, સાંગીતિકા, ચિત્ર-સંગીત વગેરેનું વિવરણ.

૪. બંદિશાની રચના કરવી, કિર્તનને સ્વરબધ્ધ કરવું. કવિતાને રાગતાલમાં બાંધવી, વિભિન્ન અવસરો માટે ઉપયોગ સ્વર-રચના વૃન્દવાદન, વૃન્દગાયન, નૃત્યનાટ્ય વગેરે માટે બાંધવા તથા તેને સ્વર લિપીબધ્ધ કરવા.

## સંગીત અલંકાર દ્વિતીય

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

**ક્રિયાત્મક :**

આ વર્ષના વિસ્તૃત અધ્યયના રાગો.

૧. રાગ પુરીયા કલ્યાણ

૨. રાગ ગોરખ કલ્યાણ

૩. રાગ ગુણકલી

૪. રાગ નટ ભેરવ

૫. રાગ સુર મલ્હાર

૬. રાગ ગૌડ મલ્હાર

૭. રાગ મૈધ મલ્હાર

જેમાં વિલંબિત અને ધ્રુતલયની રચનાઓની સાથે અડધોથી પોણો કલાક સુધી ગાવાની અને વગાડવાની ક્ષમતા વિદ્યાર્થીઓમાં હોવી જોઇએ. મંચ પ્રદર્શન માટે વિદ્યાર્થી પોતાની ઇચ્છાનુસાર આ વર્ષમાં આપેલા રાગોમાંથી કોઇપણ રાગ પસંદ કરી શકે છે તથા એક ઠુમરી, ભજન, અથવા લલિત શૈલીની કોઇપણ રચના પસંદ કરી શકે છે. વિસ્તૃત અભ્યાસ માટે રાગોમાં વિલંબિત અને ધ્રુત રચનાની સાથે પૂર્ણ વિસ્તાર અપેક્ષિત છે. તે ઉપરાંત આ રાગોમાં રચના વૈવિધ્ય,તાલ વૈવિધ્ય વગેરેનું ધ્યાન રાખીને અતિરિક્ત બંદિશોનું સારું એવું સંકલન વિદ્યાર્થીઓએ કરવું જોઇએ. જેમાં ધૃપદ, ધમાર, તારાના, ચતરંગ, ત્રિવટ વિવિધ તાલોની બંદિશો વગેરેનો સમુચિત પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય. ગાયન, વાદનની વિવિધ શૈલીઓને પ્રદર્શિત કરાવવાળી થોડીક રચનાઓ પણ સંગ્રહ કરવો જોઇએ. બધી જ પ્રચલિત તાલોના ઠેકા વિભિન્ન લયકારીઓ (દુગુન, તિગુન, ચૌગુન, આડ, કુઆડ, બિઆડ) માં બોલવાનો અભ્યાસ હોવો જોઇએ. સ્વરલીપી કરવાની તથા વાંચવામાં વિશેષ યોગ્યતા તરત જ નવી સ્વરરચના બનાવવાનો અભ્યાસ.

**સામાન્ય અધ્યનના રાગો :**

૧. રાગ ગારા

૨. રાગ શિવરંજની

૩. રાગ નાયકી કાનડા

૪. રાગ કલાવતી

૫. રાગ ભટીયાર

૬. રાગ પંચમ

૭. રાગ સરસ્વતી

૮. રાગ નંદ

**સંગીત અલંકાર પ્રથમ વર્ષ શાસ્ત્રલક્ષી**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

**ક્રિયાત્મક :**

આ વિભાગના ક્રિયાત્મકના પાઠ્યક્રમ વિભાગ-૧ અનુસાર રહેશે. માત્ર અંતર એટલું જ રહેશે કે નિર્ધારિત અભ્યાસક્રમના બધા જ રાગોમાં માત્ર એક બંદિશ (પ્રત્યેક રાગમાં) પરીક્ષાર્થીઓએ કરવાની રહેશે. ક્રિયાત્મકનો મૌખિક, અલંકાર પ્રથમ તથા દ્વિતીય વર્ષ માટે ૧૦૦, ૧૦૦ ગુણના રહેશે. આ વિભાગમાં પરીક્ષાર્થી માટે મંચપ્રદર્શન આવશ્યક નથી. અલંકાર પ્રથમ તથા દ્વિતીય વર્ષ માટે ૪-૪ પ્રશ્નપત્ર રહેશે. જેનું વિવરણ નિમ્નલિખિત અનુસાર રહેશે.

**સંગીત અલંકાર પ્રથમ**

**પ્રશ્નપત્ર-૧**

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

(ક્રિયાત્મક શાસ્ત્ર પ્રથમ વર્ષના રાગો ઉપર આધારિત)

**લેખિતશાસ્ત્ર :**

૧. પાઠ્યક્રમના બધા જ રાગોનું વિસ્તૃત વિવરણ તેના ઉપલબ્ધ મતભેદોની જાણકારી.

૨. સમપ્રકૃતિક રાગોનું તુલનાત્મક અધ્યયન

૩. બધા જ તાલોની તથા તેની લયકારીઓનું સ્પષ્ટ જ્ઞાન.

૪. રાગની ગાયકીમાં શ્રૃતિયોના તથા કર્ણસ્વરના લગાવનું મહત્ત્વ.

૫. ભારતીય સંગીતની સ્વરલીપીઓનો ઇતિહાસ તથા પ્રાશ્ચાત્ય સ્વરલિપીનું સામાન્ય જ્ઞાન તેની આલોચના.

વિભાગ : ૨ માટે બાંદિશને સ્વર લિપીબધ્ધ કરવી પરીક્ષાર્થીઓ માટે આવશ્યક નથી.

## પ્રશ્નપત્ર-૨
## સંગીત અને સિધ્ધાંત

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિત શાસ્ત્ર :**

૧. ધ્વનિની ઉત્પત્તિ, વહન, ગ્રહણ અને ગુણ

૨. સ્વરાંતર, ગુણોત્તર, સ્વર સંવાદ, છઠા-પાંચમાં ભાવની જાણકારી

૩. ધ્વનિની ગતિ કાઢવાની સ્થિતિ

૪. સ્વર સપ્તકનો વિકાસ

૫. તાનપુરાનો સિધ્ધાંત, સહાયક નાદ, તાાનપુરા મેળવવાની વિવિધ પદ્ધતિઓ અને તેનું વિશ્લેષણ

૬. પ્રાશ્ચાત્ય સપ્તકનું અધ્યયન.

## પ્રશ્નપત્ર-૩
## ભારતીય સ્વરશાસ્ત્ર

પુર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિત શાસ્ત્ર :**

૧. ભારતીય સ્વરનો વિકાસ, વૈદિક, ભરત વગેરેના નાદ, મુર્ચ્છના, મેલ પદ્ધતિનું વિવરણ.

૨. પ્રાચીન સપ્તક (ભરતકાલીન) ના આધાર પર મધ્યકાલીન તથા આધુનિક સ્વર સ્થાનની પ્રણાલીનો વિચાર, શ્રૃતિસ્વર વિભાજનની ઐતિહાસિક સમાલોચના.

૩. નાદ, શ્રૃતિ, સ્વર, ગ્રામ-મુર્ચ્છના, સપ્તક રાગ, ગીતી, બાન, વગેરે પારિભાષિક સંજ્ઞાઓનું સમુચિત જ્ઞાન.

૪. રાગોના પ્રાચીન તથા આધુનિક લક્ષણ તેની વિસ્તૃત આલોચના.

૫. રાગ વર્ગીકરણનું અધ્યયન-વિવિધ પદ્ધતિઓ તેનું તાર્કિક વિશ્લેષણ.

૬. પ્રબંધોના પ્રકાર પ્રાચીન તથા અર્વાચીન તેનું ઐતિહાસિક તથા તુલનાત્મક અધ્યયન.

## પ્રશ્નપત્ર-૪

## ઐતિહાસિક સામગ્રીનો વિચાર

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિત શાસ્ત્ર :**

૧. ઇતિહાસ માટે જરૂરીયાત એવી સામગ્રી તથા વિવિધ સાધનોનું વિસ્તૃત અધ્યયન.

૨. વિવિધ ઘરાનાઓનો ઇતિહાસ ધૃપદ તથા ખ્યાલ શૈલીના સંદર્ભમાં ભારતીય સંગીતનો ઇતિહાસ-વૈદિક કાળને લઇને આધુનિક કાળ સુધી.

૩. રાગ સ્વરૂપનો ક્રમિક વિકાસ.

## સંગીત અલંકાર દ્વિતીય વર્ષ શાસ્ત્રલક્ષી

## પ્રશ્નપત્ર : ૫

પૂર્ણાંક : ૫૦૦, ક્રિયાત્મક : ૧૦૦, લેખિતશાસ્ત્ર : ૪૦૦, ન્યુનત્તમ : ૨૦૦

(પ્રાયોગિક પરીક્ષા માટે)

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. દ્વિતીય વર્ષ (અલંકાર)ના રાગોનું વિસ્તૃત અધ્યયન બધા જ રાગોનું તુલનાત્મક અધ્યયન.

૨. વિભિન્ન ઘરાનોમાં રાગોના વિવિધ સ્વરૂપોનું જ્ઞાન.

૩. નવ રાગ નિર્માણના તત્ત્વ તેની આવશ્યકતા.

૪. મિશ્ર રાગોના નિર્માણની તાત્વીક સમાલોચના.

૫. કંઠ સાધનાના સંબંધમાં આધુનિક વિચાર નિર્માણતંત્ર વગેરેનું અધ્યયન. પ્રાચીન પધ્ધતિથી તુલના.

૬. સંગીતના આવિસ્કારના આધુનિક પ્રકાર, પાશ્વકંઠ, સંગીત પાશ્વધિ, સંગીત સમૂહજ્ઞાન તથા સંગીતિકા વગેરેનું જ્ઞાન.

## પ્રશ્નપત્ર : ૬

## સંગીત અને અન્ય કલાઓ

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. સંગીત અને સાહિત્ય

૨. સંગીત અને નાટ્યકલા

૩. સંગીત અને નૃત્યકલા

૪. સંગીત અને દશ્યકલા, ચિત્રકલા, મૂર્તિકલા, રાગ-ચિત્ર સંબંધ વગેરે.

૫. સંગીત અને લોક કલા

૬. ઉત્તર હિન્દુસ્તાની સંગીત તથા કર્ણાટક સંગીતનું તુલનાત્મક અધ્યયન.

## પ્રશ્નપત્ર-૭

## સંગીતનું સૌંદર્ય શાસ્ત્ર

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. સંગીતના સૌંદર્યતત્ત્વ સ્વરલય બંદિશ વગેરે સંકલ્પનાઓનું વિસ્તૃત અધ્યયન.

૨. સંગીતમાં રસ સિધ્ધાંત-પ્રાચીનતથા અર્વાચીન મતોનો તુલનાત્મક અધ્યયન.

૩. રાગ-રસ, રાગ-સમય, રાગ-ભાવ સ્થિતિ વગેરેનું અધ્યયન.

૪. સંગીતનો મનોવૈજ્ઞાનિક પ્રભાવ તથા રૂઢ ચિકીત્સામાં સંગીતનું સ્થાન.

૫. સંગીતશ્રોતા અને મનોવિજ્ઞાન.

## પ્રશ્નપત્ર-૮

## સામાજીક સંદર્ભમાં સંગીતનું અધ્યયન

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. વિશ્વ સંગીતના ઇતિહાસનું અધ્યયન

૨. ભારતીય સંગીતના વિકાસમાં ધાર્મિક સામાજિક તથા રાજનૈતિક પરિસ્થિતિઓનો પ્રભાવ

૩. લોક સંગીત શાસ્ત્રનું અધ્યયન

૪. લોક સંગીતનો આવિષ્કારના ધાર્મિક, સામજિક તથા સાંગીતીક દષ્ટિથી વિચાર

**નોંધ :**

ગાયન તથા સ્વરવાદ્ય સંગીત અલંકારની પરીક્ષા પાસ કર્યા બાદ કોઇપણ વ્યક્તિ 'સંગીત ગાયનાચાર્ય' (P.hd.) સમકક્ષ નો અભ્યાસક્રમ કરવા ઇચ્છતી હોય તો આ અભ્યાસક્રમ પાઠ્યક્રમમાં છાપેલો નથી. પણ તેનો અલગથી આપવામાં આવશે. તેની રૂા. ૧૧,૦૦૦/- ફી રાખવામાં આવેલ છે.

## આ અભ્યાસક્રમ સુધારેલ છે.

## તબલા વાદનનો અભ્યાસક્રમ

### સંગીત પ્રારંભિક તબલા

પૂર્ણાંક : ૫૦, ક્રિયાત્મક : ૪૦, મૌખિક : ૧૦, ન્યુનત્તમ : ૧૭

**તાલજ્ઞાન :**

૧. તાલ ત્રિતાલ

૨. તાલ દાદરા

૩. તાલ હીંચ

૧. ઉપરોક્ત તાલના ઠેકા તબલા ઉપર બરોબર વગાડતા આવડવા જોઇએ.

૨. તબલાના ઠેકા (બોલ) મોઢેથી બોલીને તથા હાથથી તાલી આપીને તૈયાર કરવા જરૂરી.

૩. ત્રણેય તાલની માત્રા, સમ, ખાલી, તાલી, ખંડ વગેરેનું સ્પષ્ટ જ્ઞાન.

**શાસ્ત્ર :**

તબલાના અંગોનું વર્ણન, ઠેકા લખવાની આવડત તથા સામાન્ય પારિભાષિક શબ્દો જેવા કે :

તાલ, માત્રા, લય, સમ, તાલી, ખાલી, ખંડ દરેક તાલની માહિતી.

### સંગીત પ્રવેશિકા પ્રથમ - તબલા

પુર્ણાંક : ૭૫, ક્રિયાત્મક : ૬૦, મૌખિકશાસ્ત્ર : ૧૫, ન્યુનત્તમ : ૨૫

**ક્રિયાત્મક :**

- તાલ જ્ઞાન

૧. તાલ ત્રિતાલ, બે પ્રકાર, બેપલ્ટા, બે કાયદા ત્રિતાલમાં કરવાના રહેશે.

૨. તાલ દાદરા ....... ત્રણ પ્રકાર.

૩. તાલ કેરવા ..... બે પ્રકાર

૧. ઉપરોક્ત તાલોના ઠેકા તબલા પર વગાડતા તથા હાથથી તાલી આપીને મોઢેથી બોલતા આવાડવા જોઇએ.

૨. વિલંબિત, મધ્ય અને ધ્રુત લયનું જ્ઞાન.

૩. સામાન્ય લયને દુગુન લયમાં વગાડવાની આવડત.

**મૌખિક શાસ્ત્ર :**

૧. નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યાની સમજ. સંગીત, લય, તાલ, આવર્તન, સમ, ખંડ, બોલ (ઠેકા), પલ્ટા, કાયદા.

૨. તબલાના અંગોનું વર્ણન

૩. દરેક તાલની માહિતી

**સંગીત પ્રવેશિકા પૂર્ણ – તબલા**

પૂર્ણાંક : ૧૦૦, ક્રિયાત્મક : ૮૦, મૌખિક શાસ્ત્ર : ૨૦, ન્યુનત્તમ : ૪૦

**ક્રિયાત્મક :**

**– તાલ જ્ઞાન :**

૧. તાલ ત્રિતાલ

૨. તાલ રૂપક

૩. તાલ એક તાલ

૪. તાલ ઝપતાલ

ઉપરોક્ત તાલોમાંથી તાલ ત્રિતાલમાં ત્રણ પ્રકાર, ત્રણ પલ્ટા, ત્રણ કાયદા બે મુખડા, બે ટુકડા, બે તિહાઇ કરવાના રહેશે.

**તાલ રૂપકમાં બે પ્રકાર**

**તાલ એકતાલ, બે પ્રકાર**

**તાલ ઝપતાલ, બે પ્રકાર**

૧. ઉપરોક્ત તાલો બરાબર તથા દુગુનમાં વગાડતા આવડવા જોઇએ.

૨. હાથથી તાલી આપીને દરેકના બોલ મોઢેથી બોલતા આવડવા જોઇએ.

**મૌખિક શાસ્ત્ર :**

૧. દરેક તાલનું સંપૂર્ણ જ્ઞાન :

૨. નીચેના પારિભાષિક શબ્દોનું સંપૂર્ણ જ્ઞાન : મુખડુ, તિહાઇ, આવર્તન, સમ, તાલી, ખાલી, ભરી, ખંડ, વિલંબીત, મધ્ય, ધ્રુત, પ્રકાર, કાયદા

૩. પ્રત્યેક તાલને બરાબર તથા દુગુનમાં, માત્રા, સમ, ખાલી, તાલી, ખંડ વગેરે બતાવીને લખતાં તથા વગાડતા આવડતા જરૂરી.

## સંગીત મધ્યમાં પ્રથમ – તબલા

પૂર્ણાંક : ૧૨૫, ક્રિયાત્મક : ૭૫, ન્યુનત્તમ : ૩૦,
લેખિતશાસ્ત્ર : ૫૦, ન્યુનત્તમ : ૨૦

**ક્રિયાત્મક :**

**તાલ જ્ઞાન :**

૧. તાલ ત્રિતાલ

૨. તાલ ચૌતાલ

૩. તાલ શૂલતાલ

૪. તાલ વિલંબીત એકતાલ

૫. તાલ ઝપતાલ

૬. તાલ રૂપક

ઉપરોક્ત તાલોમાંથી તાલ ત્રિતાલમાં નીચે મુજબ વિસ્તાર કરવો.

ત્રણ કાયદા, બે પરનો, બે રેલા, બે તિહાઇઓ તથા તાલ એકતાલમાં સમથી સમ બે તિહાઇઓ, ઝપતાલમાં બે કાયદા, રૂપકમાં બે પ્રકાર.

૧. ઉપરોક્ત તાલો બરાબર વગાડતા આવડવા જોઇએ.

૨. લખેલા બોલ વાંચતા તથા તબલા પર વગાડતા આવડવા જોઇશે.

૩. ત્રિતાલ, એકતાલ (મધ્યલય)માં સ્વતંત્રત તબલા વાદન.

૪. ઉપરોક્ત તાલો હાથથી તાલી આપી બોલ સાથે મૂળ લયમાં તથા દુગુનમાં વગાડતા તથા બોલતા આવડવા જોઇએ.

૫. અત્યાર સુધીના દરેક વર્ષના દરેક તાલોમાંથી કોઇપણ એક તાલમાં વધારે તૈયારથી સ્વતંત્ર તબલાવાદનની તૈયારી હોવી જોઇએ.

**લેખિતશાસ્ત્ર :**

૧. દરેક તાલની સંપૂર્ણ શાસ્ત્રીય માહિતી.

૨. ઉપરના પ્રત્યેક તાલ દુગુન અને ચૌગુનમાં લખતા આવડવા જોઇશે.

૩. ગાયન શૈલી જેવી કે ખ્યાલ, ધ્રૃપદ વગેરેમાં ઉપયોગમાં આવતા તાલોનું જ્ઞાન.

૪. નીચેના પારીભાષિક શબ્દોની વ્યાખ્યા :

ઉઠાન, કાલ, ચતસ્ત્ર, મિશ્ર, તિસ્ત્ર, જાતિ

૫. પં. ભાતખંડે તથા ગાંધર્વ મહાવિદ્યાલયની તાલલિપીનું સંપૂર્ણ જ્ઞાન.

૬. નીચેના પારીભાષિક શબ્દોનું જ્ઞાન.

રેલા, કાયદા, પરન, ટુકડા, મુખડા, મોહરા, તિહાઇ, દુગુન, તિગુન, ચૌગુન, લગ્ગી.

**નોંધ** : અગાઉના વર્ષના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

**સંગીત મધ્યમાં પૂર્ણ – તબલા**

પૂર્ણાંક : ૨૦૦, ક્રિયાત્મક : ૧૨૫, ન્યુનત્તમ : ૫૦,

લેખિતશાસ્ત્ર : ૭૫, ન્યુનત્તમ : ૩૦

**ક્રિયાત્મક** :

**તાલજ્ઞાન** :

૧. તાલ દિપચંદી

૨. તાલ ઝુમરા

૩. તાલ ધમાર

૪. તાલ ધુમાડી

૫. તાલ તેવરા

૬. તાલ ખેમટા

૧. ઉપરોક્ત તાલો બરાબર વગાડતા આવવા જોઇશે.

૨. વાદ્ય મેળવવાનું સામાન્ય જ્ઞાન.

૩. અત્યાર સુધીના બધા જ તાલ કઇ કઇ શૈલી માટે ઉપયોગી છે અને કઇ કઇ લયના છે તેનું જ્ઞાન.

૪. વિલંબિત લયના તાલોમાં ઢંગદાર મુખડુ લેવાનું જ્ઞાન.

૫. દરેક તાલના બોલ હાથથી તાલી આપીને મૂળ લય તથા દુગુનમાં બોલતા તથા વગાડવાની આવડત જોઇશે. તેમજ દુગુન, તિગુન, ચૌગુનમાં લખતા આવડવા જોઇએ.

૬. ઝપતાલ અને દાદરા એ બે તાલમાં વધારે તૈયારીથી સ્વતંત્ર તબલા વાદનની તૈયારી હોવી જોઇએ.

૭. લખેલા બોલ વાંચી તેનો તબલા પર પ્રયોગ કરી બતાવવો જોઇએ.

૮. ત્રિતાલમાં ચાર રેલા, પાંચ પ્રકારો, ત્રણ ચક્રદાર પરન, ત્રણ ટુકડા

૯. રૂપક તાલમાં ત્રણ પ્રકારો અને બે તિહાઇઓ.

**લેખિતશાસ્ત્ર :**

૧. જુદી જુદી લયકારીઓમાં ટુકડા તથા પરનો બરાબર લખવાનું જ્ઞાન.

૨. વાદકના ગુણ અને દોષ, સંગીતના નિયમો, જુદા જુદા ઘરાણા અથવા 'બાજ'નું જ્ઞાન.

૩. તાલ માટે ઉપયુક્ત બજા વાદ્યોનું જ્ઞાન તથા એકબીજાનો શો સંબંધ છે તેનું જ્ઞાન.

૪. તાલના ૧૦ વર્ણો તથા નીચેના પ્રખ્યાત તબલા વાદકોનો પરિચય : કિસન મહારાજ, અલ્લારખા, અનોખો લાલ.

૫. અત્યાર સુધીના દરેક તાલની સંપૂર્ણ માહિતી તથા દુગુન, તિગુન અને ચૌગુનમાં બોલ લખતા વગાડતા આવડવા જોઇશે.

**નોંધ :** અગાઉના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

**સંગીત વિશારદ પ્રથમ તબલા**

પૂર્ણાંક : ૩૦૦, ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦, લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**ક્રિયાત્મક :**

**તાલ જ્ઞાન :**

૧. તાલ તિલવાડા :

૨. તાલ આધા :

૩. તાલ આડા ચૌતાલ

૪. તાલ પંજાબી

૫. તાલ કવ્વાલી

૧. ઉપરોક્ત દરેક તાલોનું વર્ણન તથા તેને બરાબર વગાડતા આવડવા જોઇએ.

૨. ત્રિતાલ ૨૦ મિનિટ, ઝપતાલ ૧૦ મિનીટ અને એકતાલ ૧૦ મિનિટ સુધી સ્વતંત્ર વગાડતા આવડવા જોઇશે. જેમાં તિહાઇઓ, મુખડા, ટુકડા, પરનો, કાયદા, રેલા, ચક્રદાર વગેરેનો પ્રયોગ કરવો જોઇશે.

૩. આડી, તિગુન, કુઆડ લયના ટુકડા વગેરે વગાડવાનો અભ્યાસ.

૪. ખ્યાલ શૈલી તથા ઠુમરી શૈલીના ગાયનમાં બરાબર સંગત કરવી જોઇએ.

૫. લખેલ બોલ વાદ્ય પર વગાડી બતાવવા જોઇશે.

૬. દરેક તાલ ઢંગથી વગાડવા તથા તેમાં પેશકારનો સુંદર પ્રયોગ કરવો જોઇશે.

**લેખિતશાસ્ત્ર :**

૧. કોઇપણ ટુકડાને અથવા પરનને જુદા જુદા તાલમાં ઉપયોગમાં લઇને લખી બતાવવા.

૨. નવા નવા ટુકડા તથા તિહાઇઓ તથા રેલા લખવાનું જ્ઞાન.

૩. નીચેના વિષયોનું જ્ઞાન :

ગૃહ, (સમ-વિષમ-અતીત-અનાગત), તાલના ૧૦ પ્રાણ, પેશકાર, ચક્રદાર, ટુકડા, નૌહક્કા, સાથ, તિહાઇ, તિહાઇના પ્રકાર (દમ અને બેદમ) લગ્ગી, લડી.

**૪. નિબંધ :**

૧. સંગીતમાં તાલનું મહત્ત્વ

૨. તબલાવાદન શા માટે પસંદ કર્યું?

૩. તાલ વાદ્યોનો ઇતિહાસ

૪. વાદકના ગુણદોષ

૫. તબલાના રિયાઝ અંગેનું મંતવ્ય

નોંધ :

અગાઉના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

## સંગીત વિશારદપૂર્ણ તબલા

પૂર્ણાંક : ૪૦૦, ન્યુનત્તમ : ૧૬૦, ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

પ્રશ્નપત્ર : ૧, લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર : ૨, લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**ક્રિયાત્મક :**

**તાલ જ્ઞાન :**

૧. તાલ ત્રિતાલ સ્વતંત્ર વાદન માટે

૨. તાલ ઝપતાલ સ્વતંત્ર વાદન માટે

૩. તાલ એકતાલ સ્વતંત્ર વાદન માટે

૪. તાલ રૂપક સ્વતંત્ર વાદન માટે

આ ઉપરાંત નીચેના તાલો તબલા ઉપર વગાડતા તથા તાલી પાડીને બોલતા આવડવા જરૂરી.

૧. શિખરતાલ

૨. બ્રહ્મતાલ

૩. રુદ્રતાલ

૪. લક્ષ્મીતાલ

૫. અષ્ટમંગલ

૬. પસ્તો

૭. ટપ્પા

૧. ઉપરોક્ત તાલોની શાસ્ત્રીય માહિતી તથા બધા જ તાલો વગાડતા આવડવા જોઇશે.

૨. લયનું પુરૂં જ્ઞાન (અતિ વિલંબિત, અતિદ્રુત) તેમજ ગાયન અને ગતમાં લહેરા બાંધ્યા હોય ત્યારે સાથ કરવો જોઇશે. તેમજ તાલમાં ગતની સાથે સમ પકડવાનું જ્ઞાન.

૩. સ્વતંત્ર રીતે વગાડી શકાય તેવા બધા જ તાલ અર્ધો કલાક સુધી વગાડવા જોઇશે. વાદ્ય મેળવાનું પરેપુરું જ્ઞાન.

૪. જુદી જુદી લયકારીઓ જેવી કે ૧ માં ૨, ૨ માં ૧, ૩ માં ૩, ૩ માં ૨, ૩ માં ૧, ૧ માં ૩, ૩ માં ૪, ૪ માં ૩, ૪ માં ૧, ૧ માં ૪, ૪ માં ૫, ૫ માં ૪ વગેરેનું જ્ઞાન.

૫. સંગત કરવાની પૂર્ણ તૈયારી, ઢંગદાર ટુકડા બનાવવા તબલાના જુદા જુદા ઘરણાની કેટલીક વિશેષતાઓ વગાડીને તેનો ભેદ સમજાવો.

૬. અગાઉના કેટલાક વર્ષોનાં તાલોમાં વિશેષ તૈયારી, ફરમાઇશી, ચક્રદાર તથા અધરા તાલોનું યોગ્ય જ્ઞાન.

## લેખિતશાસ્ત્ર

## પ્રશ્નપત્ર-૧

૧. અભ્યાસક્રમના દરેક તાલોનો સંપૂર્ણ પરિચય.

૨. સમાન માત્રા ધરાવતા તાલોની તુલના.

૩. અત્યાર સુધીના તાલોમાં જુદી જુદી લયકારીઓ જેવી કે ઠાહ, દુગુન, તિગુન અને ચૌગુન આવડવી જરૂરી.

૪. હિન્દુસ્તાની સંગીતના સિદ્ધાંતો.

૫. કેટલાક પ્રબંધ પ્રકારો જેવા કે ઠુમરી, ધ્રૃપદ, ધમાર, ગઝલ, ભજન વગેરે.

૬. લોક સંગીતના પ્રકારો
૭. ઘનવાદ્ય અને તાલવાદ્યની તુલના
૮. તબલાનો સંપૂર્ણ પરિચય
૯. અત્યાર સુધી શિખેલા પારભાષિક શબ્દોની વ્યાખ્યા.

## પ્રશ્નપત્ર-૨

## લેખિતશાસ્ત્ર

૧. આડ, કુઆડ, બિઆડ, ફરમાઇશી, ચક્રદાર, સવાઘણી, પૌણી (બરાબરની આડી), કર્ણાટકી પદ્ધતિના તાલનું સાધારણ જ્ઞાન.
૨. ભારતીય ઘન વાદ્યોનું સમુચિત જ્ઞાન, તબલા અને મૃદંગનો ક્રમિક ઇતિહાસ.
૩. વિભિન્ન ઘરાણાં અથવા બાજ તથા તેમની વિશેષતા, પખાવજ અને તબલાના અંતર સ્વતંત્ર વાદન અને સંગતતા પ્રયુક્ત બોલમાં અંતર તથા બંનેનું વિસ્તૃત વર્ણન.
૪. અભ્યાસક્રમમાં ચાલેલા બધા જ તાલો કઇ જાતિના છે તથા તાલની જાતિ કેવી રીતે બને છે તેનું સવિસ્તાર જ્ઞાન.
૫. અભ્યાસક્રમ ના બધા જ તાલમાં દુગુન, તિગુન અને ચૌગુન લખતા આવડવું જોઇએ.
૬. પૂરબ, દિલ્લી, અજરાળા અને ફરૂકાબાદ, આ ચાર બાજનું સામાન્ય જ્ઞાન.
૭. પ્રાચીન અને અર્વાચીન ભારતના સ્વતંત્ર અને શ્રેષ્ઠ તબલા વાદકોનું જીવન ચરિત્ર.
૮. સંગીત, નાદ અને પ્રબંધો જેવા કે ખ્યાલ, ધ્રૂપદ, ધમાર, ઠુમરી, સુગમ સંગીત વિશે સામાન્ય જ્ઞાન.
૯. તબલાના ઘરાનાની ઉત્પત્તિ તથા તેની વિશિષ્ટતાનું સંપૂર્ણ જ્ઞાન.
૧૦. સામતા પ્રસાદ, કંઠે મહારાજ, અહમદજાન થીરકવા, અમીર હુસેનબાં, પ્રેમવલ્લભ ઇત્યાદી કલાકારોનો પરિચય.

**૧૧. નિબંધના વિષયો :**

૧. સંગત અને સ્વતંત્ર વાદનની વિશેષતા.
૨. તાલમાં ખંડ, તાલી, ખાલી વગેરેનો ઉદ્દેશ
૩. મુખ્ય ઘનવાદ્યો અને તેની વિશેષતાઓ

૪. સ્વર અને લયનો સંબંધ

૫. તાલલિપી માટે સર્વશ્રેષ્ઠ પધ્ધતિ

૬. લયમાં ઉત્પન્ન થતા ભાવો.

**નોંધ :**

સંગીત પ્રારંભિક તબલાથી સંગીત ઉપાનત્ય વિશારદ તબલા સુધીના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

**સંગીત અલંકાર પ્રથમ તબલા મૃદંગ તથા પખાવજ**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

લેખિતશાસ્ત્ર : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

**ક્રિયાત્મક :**

૧. વિષ્ણુ, ગણેશ, બસંત તથા અત્યાર સુધી દર્શાવેલ પ્રચલિત તથા અપ્રચલિત તાલોના ઠેકાઓ તથા તેની પરનો ટુકડાઓ, તિહાઇયો વગેરે વગાડવાની ક્ષમતા

૨. નીચે જણાવેલ ઠેકાઓને અતિવિલબિંત તથા અતિધ્રુત લયમાં વગાડવાની ક્ષમતા એકતાલ, તિલવાડા, ત્રિતાલ, ઝુમરા, આડા ચૌતાલ ઝપતાલ.

૩. સુલતાલ, ચૌતાલ, તેવરા તથા ધમાર વગેરે તાલોમાં પખાવજ શૈલીનું વાદન કરવાની ક્ષમતા.

૪. પેશકાર, કાયદાઓ, રેલાઓ, ગતો ફરમાઇશી ચક્રદાર વગેરેનું વિશેષ અધ્યયન.

૫. તબલાના જુદા જુદા ઘરાનાના બાજોની જાણકારી.

૬. પોતાની પસંદગીના ઘરાનાના બોલો (ઠેકા) સ્પષ્ટ તથા વિસ્તૃત જાણકારી.

૭. ગાયન, વાદન તથા નૃત્ય સાથ સંગતના ભેદોની જાણકારી.

૮. ઢંગદાર લગ્ગિયોની તૈયારી

૯. અત્યાર સુધીના બધા જ સ્વતંત્ર વાદન કરવા લાયક યોગ્ય તાલોમાં પેશકાર, કાયદા, રેલા, ચક્રદાર, ફરમાઇશ, ગતો પરન વગેરે સામગ્રી સાથે વાદન કરવાની ક્ષમતા.

૧૦. તાલ, દાદરા, કહેરવા તથા તાલ, ચાચરમાં, લગ્ગીઓનો પ્રયોગ.

૧૧. જુદી જુદી લયકારીઓના બોલો (ઠેકા)ને હાથની તાલી આપીને બોલવાની તૈયારી.

**– નીચે આપેલા તાલો કરવાના રહેશે.**

૧. અભિનંદન

૨. ઉદ્દીર્ણ

૩. સદાનંદ

૪. કલાનીધી

૫. કૌશિક

૬. ગજલીલા

## સંગીત અલંકાર પ્રથમ તબલા

### પ્રશ્નપત્ર–૧

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિતશાસ્ત્ર :**

૧. નાદનું નાના–મોટા પણું, ઊંચા નીચા પણું અને નાદની જાતિ તથા ગુણધર્મનું વ્યવહારિક જ્ઞાન.

૨. સંગીતજ્ઞાનના મુલતત્ત્વ નાદ અને લયનું વિવેચન કરવું.

૩. તાલના વજન પ્રમાણે જુદા જુદા બોલોની રચના (કાયદા, રેલા, પરનો વગેરે)

૪. તાલ સંબંધી જુદી જુદી શબ્દોની વ્યાખ્યાઓનું સ્પષ્ટીકરણ

૫. તબલાના જુદા જુદા બાજો બંધ બાજ અને ખુલ્લા બાજ, દરેક બાજની વગાડવાની વિશેષતાઓ અને રીતો વગેરેની જાણકારી તથા બાજ જુદા જુદા ઘરાનાઓની સામાન્ય જાણકારી.

૬. પેશકાર, કાયદા,રેલા, ગત વગેરેનું ઊંડાણ પૂર્વકનો અભ્યાસ.

૭. ગત, પરનો, ચક્રદાર, ટુકડા વગેરેના નિયમ અને સિધ્ધાંત.

૮. દરેક તાલના ઠેકાઓનો બધી જ લયમાં લખવાની આવડત.

૯. ઠેકાઓના નિયમોનો સિધ્ધાંત.

૧૦. તબલા વાદકોના ગુણ દોષ અને તે નિવારવાના ઉપાયો.

૧૧. અત્યાર સુધી શિખેલા તમામ તાલો તથા વ્યાખ્યાઓનું સંપૂર્ણ જ્ઞાન.

**પ્રશ્નપત્ર: ૨**

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

લેખિતશાસ્ત્ર

૧. પ્રાચીન તથા અર્વાચીન તાલ વાદ્યનો પરિચય.

૨. મધ્યકાલીન તથા આધુનિક તાલ વાદ્યોનો પરિચય

૩. તબલાનો ઉદ્દય અને વિકાસ.

૪. ભારતીય વાદ્યોનું ઐતિહાસિક વર્ગીકરણ તથા વિવેચન.

૫. તબલા અને મૃદંગના ઘરાનાનો ઇતિહાસ પરંપરાઓ અને વિકાસ

૬. ઘન તથા અવનદ્ધ વાદ્યોનો તુલનાત્મક અભ્યાસ

૭. અવનદ્ધવાદ્યો (તાલ-વાદ્યો) નું પ્રાચીન મધ્યકાલીન તથા અર્વાચીન સ્વરૂપનું તુલનાત્મક વિવેચન.

૮. પ્રાચીન પુસ્તકોમાં દર્શાવેલ અવનદ્ધવાદ્યોનું વર્ણન (ભરતનું નાટ્યશાસ્ત્ર સંગીત રત્નાકર, સંગીત પારિજાત સંગીત સાર)

૯. પ્રાચીન તથા અર્વાચીન સમયના તાલ વાદ્યોમાં તફાવત.

૧૦. વિશ્વના તાલવાદ્યોનો સંક્ષિપ્ત પરિચય.

૧૧. ભારતીય તથા દેશીય તાલયંત્રોનો તુલનાત્મક અભ્યાસ.

૧૨. ગીત, તાલ અને ઠેકાઓનો પરસ્પર સંબંધ.

**સંગીત અલંકાર પૂર્ણ તબલા**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

લેખિતશાસ્ત્ર : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

**ક્રિયાત્મક :**

૧. તબલાના બધા ઘરાનાના બાજોની સ્પષ્ટ જાણકારી.

૨. દિલ્લી, પુરબ અને પંજાબ તે ત્રણ ઘરાનાના બાજોના ભેદનું સ્પષ્ટીકરણ.

૩. જુદી જુદી જાતિયોનું ડપોટી, તિસ્ત્ર, મિશ્ર, ચતસ્ત્ર વગેરે કાયદાઓનું તથા રેલાઓ વગાડવાની ક્ષમતા.

૪. ગતોના વિભિન્ન પ્રકારોની જાણકારી, તિસ્ત્ર, મિશ્ર, ખંડ વગેરે ગત પરન, ગત કાયદા, ફરજ ફરમાઇશ.

૫. વિભિન્ન ઘરાનોના કલાકારોની પ્રચલિત તથા સપ્રચલિત બંદીશોની જાણકારી.

૬. પસંદગીના કોઇપણ બે ઘરાનાના બાજોની વિસ્તૃત જાણકારી.

૭. મૃદંગ, ઢોલક, ખોલ, ખંજરી, તથા ઘન તે વાદ્યોમાંથી કોઇપણ એક વાદ્ય પધ્ધતિસર વગાડવાની ક્ષમતા.

૮. બધા જ સ્વતંત્ર વાદન કરવા લાયક યોગ્ય તાલોમાં વગાડવાની ક્ષમતાલય, તૈફારી, સફાઇ, મિઠાશ, ઢંગદાર, ઘરાનાની બંદિશો નિકાલ, વગેરેની વિશેષ અપેક્ષા.

૯. ત્રિતાલના લહેરાઓમાં લયનું અંતર (ભેદ) કરીને ઝપતાલ, એકતાલ, દીપચંદી, રૂપક દાદરાના ઠેકા દરેક આવર્તનમાં સમ અને ખાલીને યથોચીત રાખીને વગાડવાની ક્ષમતા.

૧૦. વિભિન્ન લયકારીઓનું બોલો દ્વારા પોતાના વાદ્ય પર પ્રયત્ન પ્રદર્શન.

૧૧. જુદા જુદા કલાકારોની વિશેષ બંદિશોનું પઢન (વાંચન)

૧૨. રંગદાર લગ્ગિયોની તૈયારી.

૧૩. અપ્રચલિત તાલોમાં વાદન કરવાની ક્ષમતા.

૧૪. નીચે આપેલા તાલ કરવાના રહેશે.

| | |
|---|---|
| ધ્રુવતાલ | ઉક્ષંવ |
| એકતાલ | એક તાલ (૯ માત્રા) |
| કુમ્ભ (૧૧ માત્રા) | ગણેશ |
| ગંડકી | |

**પ્રશ્નપત્ર – ૩**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિતશાસ્ત્ર :**

૧. તાલ શાસ્ત્ર તથા તાલ માપનની પધ્ધતિ

૨. તબલાનો કલાત્મક વિકાસ

૩. ભારતીય તાલવાદ્યોની વૈજ્ઞાનિકતા

૪. તાલોની ઉત્પત્તિ અને વિકાસ

૫. પ્રાશ્ચાત્ય સંગીતમાં તાલ

૬. તાલના દશ પ્રાણનું વિસ્તારથી વિવેચન તથા તેની ક્રિયા સાથે સંબંધ

૭. તાલ રચનાના સિધ્ધાંતો
૮. સમ તથા વિષય તાલોની આલોચના
૯. દક્ષિણ હિન્દુસ્તાની પધ્ધતિની (તાલ પધ્ધતિ) તુલના તથા તફાવત
૧૦. ઉત્તર હિન્દુસ્તાની તાલ પધ્ધતિ
૧૧. તાલ વિષયની પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓમાં થતા મતભેદ તથા તેનું નિવારણ
૧૨. તાલ લીપીની સમસ્યાઓ તથા તેના નિરાકરણના ઉપાયો.

**પ્રશ્નપત્ર : ૪**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. લય દ્વારા રસ નિષ્પતી અથવા ભાવ પ્રગટાવવો.
૨. તબલા વાદકોના ઘરાના તથા તેની વાદન શૈલીયોનો વિકાસ.
૩. જુદા જુદા કલાકારોનું તબલા પખાવજ.
૪. છંદ અને તબલા તેમજ પખાવજની બંદીશો.
૫. અવનદ વાદ્યનો વિકાસ ક્રમ, બનાવટ, તથા તેની ગુંજની દષ્ટિએ
૬. પ્રાચીન મધ્યકાલીન અને આધુનિક સમયમાં તાલનું સ્વરૂપ
૭. તાલ નિર્માણના સિદ્ધાંતો.
૧૦. પ્રાચીનગ્રંથોમાં (પુસ્તકોમાં) વર્ણવેલ ઠેકાઓનું રૂપ
૧૧. વર્તમાન ઠેકાઓનું વર્ગીકરણ
૧૨. સ્વર અને લયનો શાશ્વત સંબંધ
૧૩. તબલા અને પખાવજના વર્ણનો તફાવત તથા તેના કારણો.

**સંગીત શિક્ષા વિશારદ**

**તબલા, ગાયન તથા સ્વરવાદ્ય**

**અભ્યાસક્રમ**

આ અભ્યાસક્રમ સંગીત કલાને લગતો હોવાથી P.T.C. અને B.Ed. બંનેની મેથડને આવરી લઇને ''અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ'' એ ખાસ તૈયાર કરેલ છે. એટલે હવેથી સંગીત શિક્ષા વિશારદની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ આ અભ્યાસક્રમને અનુસરવાનું અનિવાર્ય બને છે. સંગીત શિક્ષકશ્રીએ પણ આ જ અભ્યાસક્રમ મુજબ તૈયારી કરવાની રહેશે.

સંગીત શિક્ષા વિશારદનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

પૂર્ણાંક : ૪૦૦, ન્યુનત્તમ : ૧૬૦

**પ્રશ્નપત્ર-૧**

**લેખિતશાસ્ત્ર**

કુલગુણ : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

આ પ્રશ્નપત્રમાં સામાન્ય રીતે સંગીત પ્રારંભિકથી સંગીત વિશારદ સુધીના રાગોની માહિતી, અત્યાર સુધી શિખેલા તાલો, પ્રબંધ પ્રકારો, સપ્તકના પ્રકારો, લયના પ્રકારો, ગીતના અવયવો, વાદ્યના પ્રકારો, લોકગીતના પ્રકારો, અત્યાર સુધી શિખેલી પારિભાષિક શબ્દોની વ્યાખ્યા, છોટા ખ્યાલ અને બડા ખ્યાલ, ધ્રૂપદ, ધમાર, ઠુમરી, લક્ષણગીત, સ્વરમાલિકા વગેરેની બંદિશો તાન ના પ્રકાર આ ઉપરાંત સંગીત પ્રારંભિક થી સંગીત વિશારદ સુધીનું શાસ્ત્ર તૈયાર કરવાનું રહેશે. જેમાં સંગીત સ્વરલિપીઓ અને અત્રે ઉલ્લેખ ન થયેલ મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે.

**પ્રશ્નપત્ર-૨**

**લેખિતશાસ્ત્ર :**

કુલગુણ : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

આ પ્રશ્નપત્રમાં સામાન્ય રીતે P.T.C. અને B.Ed. ના અભ્યાસક્રમના અમુક મુદ્દાઓને ધ્યાનમાં લઇને પ્રશ્નપત્ર કાઢવામાં આવે છે. જેમાં ખાસ કરીને બાળ મનોવિજ્ઞાન, વર્તનનો અભ્યાસ,બૌદ્ધિક આંક, બાળકની અવસ્થાઓ, તરૂણ અવસ્થાના લક્ષણો, શિક્ષણની પધ્ધતિઓ, પાઠ આયોજન, પાઠના હેતુઓ (ઉદ્દેશોા), મૂલ્યાંકન પધ્ધતિ, જૂથ પધ્ધતિ, સામુહિક ચર્ચા પધ્ધતિ, પ્રશ્નોત્તર પધ્ધતિ, સંદર્ભ સાહિત્ય, પાઠ આયોજનમાં લેવાતા પ્રસાધનો, પાઠ આયોજનમાં ઉપયોગી સંગીતના સાધનો, પ્રાર્થના સંચાલન, શાળા સંચાલન અને વ્યવસ્થાપન, આચાર્યના ગુણધર્મો, સંગીત શિક્ષકોની ફરજો, આદર્શ સંગીત શિક્ષણકના ગુણ.

આ ઉપરાંત નીચેના નિબંધો તૈયાર કરવાના રહેશે.

૧. સંગીત અને સાહિત્ય

૨. શિક્ષણમાં ઇલેકટ્રોનિક પ્રસાધનોનો ઉપયોગ

૩. વાર્ષિક મહોત્સવનું આયોજન

૪. શાળા પર્યટનનો અહેવાલ

૫. ભાર વિનાનું ભણતર

૬. સ્વચ્છતા અભિયાન

૭. કલા કૌશલ્ય પ્રશિક્ષણ

**પ્રાયોગિક પરીક્ષા :**

પાઠ આયોજન ૧૦૦ માર્ક

આ અભ્યાકસ્ત્રમમાં નીચેના વિભાગો મુજબ પાઠ આયોજન કરવાનું રહેશે.

**વિભાગ-૧**

સંગીત પ્રારંભીકથી સંગીત વિશારદ સુધીના રાગોમાંથી કુલ ૧૦ પાઠ આયોજન કરવાના રહેશે. જેમાં બડાખ્યાલ, છોટા ખ્યાલ, ધ્રૃપદ, ધમાર, ત્રિવટ, ચતરંગ, તરાના, લક્ષણગીત, સ્વરમાલિકા વગેરે પ્રારંભિકથી વિશારદ સુધીના રાગોમાંથી પણ પાઠ આયોજન કરવાનું રહેશે.

**વિભાગ-૨**

સંગીત પ્રારંભિકથી સંગીત વિશારદ સુધીના શાસ્ત્રમાંથી ૫ પાઠ આયોજન કરવાના રહેશે. જેમાં પારીભાષિક શબ્દોની વ્યાખ્યા, તાલ પરિચય, પ્રબંધ પ્રકારો, લયના પ્રકારો, સપ્તકના પ્રકારો, વર્ણન પ્રકારો, ગીતના અવયવો વગેરે.

**વિભાગ-૩**

જેમાં સુગમ સંગીતના કોઇપણ ૫ પાઠ આયોજન કરવાના રહેશે. જેમાં જાણીતા કવિઓની કાવ્ય રચનાઓ, કમ્પોઝ કરેલા ગીતો, પોતાની જાતે કમ્પોઝ કરેલા ગીતો, ગઝલો, પરંમપરાગત ઢાળ ધરાવતા ગીતો, કાવ્યો વગેરે.

**વિભાગ - ૪**

આ વિભાગમાં લોક સંગીતના લોકગીતોનો સમાવેશ થાય છે. જેમાં ૨ પાઠ આયોજન કરવાના રહેશે. જેમ કે, લગ્નગીત, લોકગીત, હાલરડાં, ભવાઇગીત, દુહા-છંદ, ઘોળ, ભજન વગેરે.

**વિભાગ-૫**

આ વિભાગમાંથી દેશભક્તિને ઉજાગર કરે એવા ગીતો પસંદ કરીને કોઇપણ ૨ પાઠ આયોજન કરવાના રહેશે. જેમાં રાષ્ટ્રગીત, ઝંડાગીત, કુચગીત, દેશભક્તિગીત વગેરે.

વાદ્યના વિદ્યાર્થીઓ એ તમામ વિભાગમાં પોતાના વાદ્યને લગતો પરિચય, ખામીઓ, ખુબીઓ, વિશેષતાઓ, વાદ્ય મેળવવાની રીત, વાદ્યનું મહત્વ વગેરે ધ્યાનમાં રાખવાનું રહેશે.

દા.ત., તબલાના વિદ્યાર્થીઓ એ તબલાને લગતી તમામ માહિતી લય, લયકારીઓ, બોલ સમુહ (ઠેકાના શબ્દ સમુહ) જેવા કે ધાગે, તિરકીટ, ધિરકીટ, ત્રક, ધિડનગ, તિડનગ, ગદીગના, તિટકત વગેરે શબ્દ સમૂહથી વિદ્યાર્થીઓને વાકેફ કરવાના રહેશે. તબલા સ્વતંત્ર વાદ્ય હોવાથી જુદાં જુદાં સ્વતંત્ર મુદ્દાઓ ઉપર પણ પાઠ આયોજન કરી શકાય. જેમ કે રેલા, કાયદા, પલટા, પરનો, કિસ્મેં, તિહાઇ વગેરે.

## વાર્ષિક પાઠ આયોજન

આ અભ્યાસક્રમ માં કુલ ૨ વાર્ષિક પાઠ આયોજન કરવાના રહેશે. જે ઉપરોક્ત ૨૫ પાઠ આયોજન કરતા અલગ રહેશે. જેના ૫૦+૫૦ : ૧૦૦ ગુણ રહેશે અને આ વાર્ષિક પાઠ આયોજન પરીક્ષકશ્રીની હાજરીમાં આપવાના રહેશે.

આમ, સંગીત શિક્ષા વિશારદની પરીક્ષાના કુલ ગુણ ૪૦૦ નું ગુણ વિભાજન નીચે મુજબ રહેશે.

લેખિત પરીક્ષા : ૨૦૦ ગુણ

પાઠ આયોજન : ૧૦૦ ગુણ

વાર્ષિક પાઠ આયોજન : ૧૦૦ ગુણ

આ મળીને કુલ ૪૦૦ ગુણની પરીક્ષા રહેશે.

## તબલા વિશે

તબલા સ્વતંત્ર વાદ્ય હોવાથી તેમાં પણ અન્ય પરીક્ષાઓની જેમ શિક્ષા વિશારદ પરીક્ષા થઇ શકે છે. આમા ૧૫ પાઠ આયોજન, તબલાના તાલ, પારિભાષિક શબ્દો, તબલા કે પખાવજનો પરિચય, તુલના, ઉપરાંત ૫ પાઠ આયોજન સુગમ સંગીતને લગતા ૩ પાઠ આયોજન લોકસંગીતને લગતા અને ૨ પાઠ આયોજન દેશભક્તિ ગીતને લગતા કરવાના રહેશે. આમાં પણ વાર્ષિક ૨૫ પાઠ આયોજન ઉપરાંત ૨ પાઠ આયોજન બીજા કરવાના રહેશે. આ રીતે નૃત્ય અને તમામ વાદ્યોને લાગુ પડશે.

**નોંધ :**

પાઠ આયોજનના આયોજન બુકમાં સંગીત શિક્ષકશ્રીના અથવા કેન્દ્ર વ્યવસ્થાપકના સહી સિક્કા અનિવાર્ય છે.

# આ નવો અભ્યાસ ક્રમ છે.

## સંગીત પ્રારંભિક

## કથ્થક નૃત્ય

## અભ્યાસક્રમ

**નિયમ : પ્રારંભિકથી જ તબલા અને લહેરા સાથે નૃત્ય કરવું જરૂરી.**

પૂર્ણાંક : ૫૦ ન્યુનત્તમ : ૧૭

ક્રિયાત્મક : ૪૦ મૌખિક : ૧૦

તતકાર : ૧૦ અંગ શુધ્ધી : ૧૦

તાલ અને લય : ૧૦ પુરૂ પ્રસ્તુતિકરણ : ૧૦

**શાસ્ત્ર :**

(૧) તિનતાલમાં ઠેકાની ઠાહ, દુગુન અને ચૌગુન

(૨) તિનતાલમાં નૃત્યના બોલ તથા ગિનતીના બોલની પઢત, ઠાહ, દુગુન અને ચૌગુન

(૩) તિનતાલની સંપૂર્ણ માહિતી, તાલી, ખાલી, માત્રા, ખંડ, જાતિ.

(૪) પરીભાષા : તાલી, ખાલી, માત્રા, ખંડ, જાતિ, લય, સમ
તિહાઇ, લયના પ્રકાર ઠેકા આવર્તન લહેરા.

(૫) અસંયુક્ત હસ્તમુદ્રાઓ

(૬) ૫ કથ્થક નૃત્યના વર્તમાન ગુરૂઓના નામ

(૭) દરેક તોડાની પઢંત કરવાની ક્ષમતા

(૮) કથ્થક નૃત્યના ૩ ઘરાનાના નામ

**ક્રિયાત્મક :**

૧. તિનતાલમાં તતકાર, ગિનતી અને ઠેકાની ઠાહ, દુગુન, ચૌગુન, તિહાઇ સહિત

૨. ૫ સાદા તોડા ૧ સાદી પરન, ૧ ચક્રદાર તોડો, ૧ કવિતા

૩. બધી રચનાની પઢંત આવશ્યક

૪. ૫ હસ્ત મુવમેન્ટ તતકાર સાથે

૫. ૮, ૫, ૩, ૧ ના ચક્કર

## પ્રવેશિકા પ્રથમ

## કથ્થક નૃત્ય

## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૭૫, ન્યુનત્તમ : ૨૫

ક્રિયાત્મક : ૬૦, મૌખિક : ૧૫

તતકાર : ૧૫, તાલ અને લય : ૧૫

અંગ શુધ્ધી : ૧૫, અભિનય : ૧૫

**શાસ્ત્ર :**

(૧) પરિભાષા : માત્રા, ખાલી, સમ, થાટ,આમદ, તોડા, લય અને તેના પ્રકાર, ઠેકા, ગતનિકાસ,કવિતા

(૨) તિનતાલ અને કહેરવાની સંપૂર્ણ જાણકારી

(૩) શાસ્ત્રીય નૃત્ય શૈલીના નામ – પ્રાંત સહિત

(૪) દ્રષ્ટિ ભેદના પ્રકાર

(૫) પાંચ આંગળીઓના નામ

(૬) કોઇપણ કથ્થક નૃત્યકારની જીવની ૫ વાક્યોમાં

**ક્રિયાત્મક :**

(૧) ગુરૂ વંદના

(૨) તિન તાલ : થાટ, આમદ, ૬ નવા તોડા, ૨ ચક્રદાર તોડા, ૨ પરન, ૧ કવિત

(૩) ગત નિકાસ : સીધી ગત, મુરલીની ગત

(૪) તતકાર : બરાબર, દુગુન, ચૌગુન, તિહાઇ સાથે

(૫) બધા તોડાને હાથમાં પઢંત કરવાની ક્ષમતા

## પ્રવેશિકા પૂર્ણ
## કથ્થક નૃત્ય
## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦
ક્રિયાત્મક : ૮૦, મૌખિક શાસ્ત્ર : ૨૦

તતકાર : ૧૬, અભિનય : ૧૬
લય તાલ : ૧૬, પ્રસ્તુતી : ૧૬
અંગશુધ્ધી : ૧૬

**શાસ્ત્ર :**

(૧) કથ્થક નૃત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ
(૨) સંસ્થા અને ગુરૂનો પરિચય
(૩) જયપુર, બનારસ, લખનૌ ઘરાનાની જાણકારી
(૪) તાલ લિપીના ચિન્હોની ઓળખ
(૫) દાદરા તથા ઝપ તાલની સંપૂર્ણ માહિતી
(૬) ૪ ગ્રીવા ભેદ અને ૯ શિરોભેદ
(૭) ૧૫ અસંયુક્ત હસ્તમુદ્રાના વિનીયોગ

(૧) પતાક (૨) ત્રીપતાક (૩) અર્ધપતાક (૪) કર્તરીમુખ (૫) મયુરાખ્ય (૬) અર્ધચંદ્રસ્ય (૭) અરાલ (૮) શુક્રતુંડ (૯) મુષ્ઠી (૧૦) શિખર (૧૧) કપિત્થ (૧૨) કટકામુખ (૧૩) સુચી (૧૪) ચંદ્રકલા (૧૫) પદ્યકોષ

(૮) ૫ વર્તમાન તબલા વાદકના નામ જે કથ્થક સાથે સંગત કરતા હોય.
(૯) પરિભાષા : ચક્રદાર તોડા, આમદ, પરન, ગતભાવ, ગત નિકાસ બાંટ થાટ

**ક્રિયાત્યમક :**

**૧. ત્રિતાલ :**

– આધી બરાબર, દુગુન, ચૌગુન, અઠગુન તિહાઇ સાથે
– ૨ થાટ, ૧ પરન જુડી આમદ, ૧ મોટી આમદ, ૩ ચક્રદાર તોડા, ૨ ચક્રદાર પરન, રંગમંચ તોડા, ૨ તિહાઇ, ૧ ચક્રદાર તિહાઇ, ૧ નવટરી તોડા, બાંટ

તિહાઇ સહિત

**૨. જપતાલ :**

- ઠાહ, દુગુન, ચૌગુન તિહાઇ સહિત (ઠેકા અને તતકારમાં)

- ૧ થાટ, ૧ આમદ, ૨ સાદા તોડા, ૧ પરન, ૧ કવિત, ૧ ચક્રદાર તોડા

**૩. ગતનિકાસ :- (ત્રિતાલ)**

- મોર મુકુટ, મટકી

**૪. ગતભાવ :** રાધા કા પાની ભરને જાના કૃષ્ણ કા મટકી ફોડ.

**મધ્યમમાં પ્રથમ**

**કથ્થક નૃત્ય**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૧૨૫, કુલ ન્યુનત્તમ : ૫૦

ક્રિયાત્મક : ૭૫, નયુનત્તમ : ૩૦

લેખિતશાસ્ત્ર : ૫૦, ન્યુનત્તમ : ૨૦

તતકાર : ૧૩, તાલ લય : ૧૩

અંગ શુધ્ધી : ૧૩, પ્રસ્તુતી : ૧૦

અભિનય : ૧૩, પઢંત : ૧૩

**શાસ્ત્ર :**

(૧) કથ્થક, ભરતનાટયમ્, કથકલીનૃત્ય શૈલીઓની વિસ્તૃત જાણકારી જેમાં ઉત્પત્તિ, વેશભુષા, અંગીતવીધ, રાજ્ય, ગુરૂ, કૃતિ, કલાકારોના નામ

(૨) લોકનૃત્ય તથાશાસ્ત્રીય નૃત્યનો તફાવત તેમની પરિભાષા સહિત

(૩) કથ્થક નૃત્યના ગુરૂઓની જીવની

(૧) અચ્છન મહારાજ (૨) લચ્છુ મહારાજ

(૩) પં. નારાયણ પ્રસાદ (૪) પં. શુંભુ મહારાજ

(૫) પં. સુંદર પ્રસાદ (૬) પં. જયલાલ

(૭) બિન્દાદીન મહારાજ

(૪) પ્રારંભિકથી પ્ર. પૂર્ણ સુધીની બધી વ્યાખ્યાઓની જાણકારી

(૫) સંયુક્ત હસ્તમુદ્રા અભિનય દર્પણ અનુસાર

(૬) ૮ શાસ્ત્રીય નૃત્ય શૈલીના ૨-૨ કલાકારના નામ

(૭) નવાબ વાજીદલી શાહનું કથ્થક નૃત્યમાં યોગદાન

**ક્રિયાત્મક :**

**(૧) ત્રિતાલ :**

- ૩ થાટ
- ૧ પરન જુડી આમદ
- ૩ ચક્રદાર તોડા
- ૨ ચક્રદાર પરન
- ૫ કવિત
- પ્રિમલુ
- તીશ્ર મીશ્ર ચતુશ્ર જાતિની પરન
- બાંટ

**(૨) જપતાલ :**

- ૨ થાટ
- ૧ આમદ
- ૧ તોડા
- ૧ પરન
- ૧ ચકદાર તોડા
- ૧ ચક્રદાર પરન
- ૧ કવિત
- ૧ સલામી તોડો

સિંગલ, દુગુન, ચોગુન તિહાઇ સહિત

**(૩) એકતાલ :**

- ૧ થાટ
- ૧ આમદ
- ૨ સાદા તોડા
- ૧ પરન
- ૧ કવિત
- ૧ ચક્રદાર તોડો

સિંગલ, દુગુન, ચોગુન તિહાઇ સહિત

**(૪) ગતનિકાસ : કલાઇ**

**(૫) ભજન**

**(૬) ગતભાવ - માખનચોરી**

## મધ્યમાં પૂર્ણ
## કથ્થક નૃત્ય
## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૨૦૦, કુલ ન્યુનત્તમ : ૮૦
ક્રિયાત્મક : ૧૨૫, ન્યુનત્તમ : ૫૦
લેખિતશાસ્ત્ર : ૭૫, ન્યુનત્તમ : ૩૦

તતકાર : ૧૫, તાલ લય : ૨૫
અંગશુધ્ધી : ૨૦, પઢંત : ૨૦
અભિનય : ૨૫, અભિનય દર્પણ : ૨૦

**શાસ્ત્ર :**

૧) લાસ્ય અને તાડંવની વ્યાખ્યા અને તેની વિસ્તૃત જાણકારી.
૨) નાટ્યશાસ્ત્ર અને અભિનય દર્પણ ગ્રંથની જાણકારી
૩) ઓડિસી, કુચીપુડી, મણિપુરી વિસ્તૃત જાણકારી - ઉત્પત્તિ સંગીત વાદ્ય, ગુરૂઓ, નૃત નાટયનો ઇતિહાસ અને કલાકારના નામ
૪) અસંયુકત હસ્તમુદ્રાઓ વિનિયોગ સહિત
૫) અભિનયની સ્પષ્ટ પરિભાષા તથા પ્રયોગ પ્રકારોની માહિતી
૬) ગુરૂ શિષ્ય પરંપરા
૭) ગુરૂ અને શિષ્યના લક્ષણ
૮) કોઇપણ પ્રસિધ્ધ કલાકારની જીવની
૯) કથ્થક નૃત્યની ઉત્પત્તિ, ઇતિહાસ અને વિકાસ

**ક્રિયાત્મક :**

૧) ૧ સ્તુતિ, ૧ વંદના
૨) ત્રિતાલ :

| | |
|---|---|
| - ૫ થાટ | - ૨ આમદ |
| - મિશ્ર જાતિના તોડા | - ચક્કદાર પ્રિમલુ |
| - તિશ્ર જાતિનો તોડો | - ૫ કવિત |
| - નટવરી બોલના તોડા | - ફરમાઇશી ચક્કદાર તોડા |

૩) બાંટ – તકીટ ધીકીટ

૪) ઠુમરી યા પદ

૫) કોઇપણ એક ભવ પર પ્રસ્તૃતિ

૬) ગતનિકાસ : ઘુંઘટના પ્રકાર, ઝુમર

૭) ગત ભાવ :

૮) એક તાલ :

| | |
|---|---|
| – ૨ થાટ | – ૧ આમદ |
| – ૧ પરન જુડી આમદ | – ૧ ચક્રાદાર તોડો |
| – ૨ સાદા તોડા | – ૧ ચક્રાદાર પરન |
| – ૨ કવિતા | – ૧ પરન |

સિંગલ, દુગુન, ચૌગુન તિહાઇ સાથે

૯) ધમાર તાલની ઠાહ, દુગુન, ચૌગુન તિહાઇ સાથે પઢંત આવશ્યક

## વિશારદ પ્રથમ

## કથ્થક નૃત્ય

## અભ્યાસક્રમ

પુર્ણાંક : ૩૦૦, કુલ ન્યુત્તતમ : ૧૨૦

ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

લેખિત શાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

તતકાર : ૨૫, તાલ લય : ૨૫

અંગ શુધ્ધી : ૨૫, અન્યતાલ : ૨૦

અભિનય : ૩૫, અભિનય દર્પણ : ૨૦

રંગ મંચ : ૫૦

**શાસ્ત્ર :**

૧) મોહિની અટ્ટમ નૃત્યની વિસ્તૃત જાણકારી,

(ઇતિહાસ, ઉત્પત્તિ, વેશભુષા, રંગભુષા, વાદ્ય, ગુરૂ, કલાકારો અને નૃત – નૃત્યની સંપૂર્ણ જાણકારી)

૨) નાયકના ૪ ભેદ અને અષ્ટનાયિકાની પરિભાષા અને સંક્ષિપ્ત જાણકારી તથા

વિષ્ણુના ૧૦ અવતારના નામ

૩) કથ્થક નૃત્યમાં પ્રસ્તૃત થતિ રચના અને ગીતોના પ્રકારની સંક્ષિપ્ત જાણકારી.

– ૧ ઠુમરી – ૨ જુલા – ૩ તરાના – ૪ હોરી

– ૫ અષ્ટપદી – ૬ કજરી – ૬ ચતરંગ – ૮ ત્રિવટ

૪) જીવની

૧. શ્રી રોશન કુમારી ૨. શ્રીમતી મૃણાલીની સારાભાઇ

૩. શ્રીમતી કુમુદિનીબેન લાખીયા ૪. શ્રીમતી અંજલી મેઢ

૫) ગીત ગોવિંદ અને રામાયણની સંક્ષિપ્ત જાણકારી

૬) પાઠ્યક્રમમાં નિર્ધારિત બધા તાલોના ઠેકા અને નૃત્યના બોલોની પઢંત લિપીબધ્ધ કરવું આવશ્યક.

૭) લિપીબધ્ધ : ગીનતીની તિહાઇ બેદમ તિહાઇ, ચક્રદાર તિહાઇ

૮) ગતભાવમાં દેખાડવામાં આવતી મુદ્રાઓ અને તેની કથાની જાણકારી.

૯) સંયુક્ત હસ્તમુદ્રાના વિનિયોગ

૧૦) સુરદાસ, તુલસીદાસ, મીરા આ સંત કવિઓ વિશે સંક્ષિપ્ત જાણકારી.

**નોંધ : પ્રારંભિકથી મ. પૂર્ણના અભ્યાસક્રમમાંથી કોઇપણ રચના પુછી શકાય.**

**ક્રિયાત્મક :**

૧) વિષ્ણુવંદના

૨) તિનતાલ, જપતાલ, એકતાલમાં ૧૫ મિનિટ રંગમંચની ક્ષમતા.

૩) તિનતાલમાં વિલંબિત, મધ્ય અને ધ્રુતલયમાં નૃત્ય કરવાની ક્ષમતા.

૪) લહેરા અને તબલા પર સ્વતંત્રરૂપથી પઢંત કરીને નૃત્ય કરવાની ક્ષમતા.

૫) ત્રિતાલમાં વિસ્તારપૂર્વક થાટ, આમદ, આડીલયના તોડા, તિહાઇ, પરમેલુ, મિશ્ર, તિશ્ર જાતિના પરન, ૫ નવી કવિત, ફરમાઇશી પરન,કમાલી પરન,પક્ષી પરન

૬) લડી અને બાંટ

૭) ગતનિકાસ : રૂકસાર, છેડછાડ – ગતભાવ : દ્રોપદી ચીરહરણ

૮) ધમાર :

– ૨ થાટ – ૧ આમદ

– ૩ સાદા તોડા – ૧ ચક્રાદાર તોડો

- ૧પરન - ૧ ચક્રાદાર પરન
- ૧ કવિત - બાંટ

૯) રૂપક અને પંચમસવારીમાં ગિનતી તતકાર અને ઠેકાની ઠાહ, દુગુન ચૌગુન તિહાઇ સહિત.

૧૦) તરાના-૧

૧૧) કોઇપણ ૪ નાયિકા પર ભાવ પ્રસ્તુતિ

૧૨) ત્રિતાલનો લહેરો વગાડવાની ક્ષમતા

૧૩) ભાવપક્ષ : ગતભાવ / પદ/ ઠુમરી પર ભાવ પ્રસ્તુતિ

**વિશારદ પૂર્ણ**

**કથ્થક નૃત્ય**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૪૦૦, ન્યુનત્તમ : ૧૬૦

ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

પ્રશ્નપત્ર નં. ૧ લેખિત શાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર નં. ૨ લેખિત શાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

તતકાર : ૨૫, તાલ લય : ૨૫

અંગ શુધ્ધી : ૨૫, અન્ય તાલ : ૨૦

અભિનય : ૩૫, અભિનય દર્પણ : ૨૦

રંગમંચ : ૫૦

**પ્રશ્નપત્ર : ૧**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**શાસ્ત્ર :**

૧) નવરસોનિ સંપૂર્ણ જાણકારી

૨) નાયિકા ભેદની વિસ્તૃત માહિતી

૧. ધર્મભેદ : સ્વકીય, પરકીયા, સામાન્યા

૨. આયુ વિચાર : મુગ્ધા, મધ્યા, પ્રૌઢા

૩. પ્રકૃતિ અનુસાર : ઉત્તમા, મધ્યમા, અધમા

૪. જાતિભેદ : પદમીની, ચિત્રાણી, સંખિની, હસ્તિની
૫. પરિસ્થિતિ અનુસાર અષ્ટનાયિકા : કુલ્હનતરીતા, વાસકસજ્ઞા, વિરોહકંઠીતા, સ્વાધીનપતિકા, ખંડીતા
૩) નાયકભેદની વિસ્તૃત માહિતી
૪) કથ્થક નૃત્યમાં સંગીત, વાદ્ય, તાલનું મહત્ત્વ
૫) તાલના દસ પ્રાણ અને તેની યતિ ભેદના ૫ પ્રકારની વિસ્તૃત જાણકારી
૬) પ્રારંભિકથી વિ. પ્રથમ સુધીના બધા તાલની રચના જેમાં આમદ, તિહાઇ, પ્રિમલુ, ચક્રદાર પરન, ચક્રદાર તોડા, કવિત, ઠેણ, તતકાર અને ગિનતીને લિપીબધ્ધ કરવાની ક્ષમતા.

**પ્રશ્નપત્ર : ૨**

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**શાસ્ત્ર :**

૧) નૃત્યમાં લોકધર્મી અને નાટયધર્મીની પરિભાષા અને પ્રયોગ
૨) બધા જ પ્રાંતના લોકનૃત્યોની જાણકારી બધા રાજ્યનાં ૨-૩ લોકનૃત્યોની સંક્ષિપ્ત જાણકારી જેમ કે ગુજરાતના ગરબા, દાંડીયારાસ, મહારાષ્ટ્રના લાવણી, કોળી
૩) ભારતીય નૃત્યનો ઇતિહાસ (પ્રાગ ઐતિહાસિક કાળથી આજના સમય સુધી)
૪) કથ્થક નૃત્યનું સંપૂર્ણ પ્રસ્તુતિકરણ
૫) ગાયન, વાદન, ચિત્રકલા, શિલ્પકલા તથા સાહિત્યકલાનો નૃત્ય સાથે સંબંધ
૬) કથ્થક નૃત્યમાં ઠુમરી તથા કવિતાના મહત્ત્વની વિસ્તૃત માહિતી
૭) પરિચય આપો.
**(૧)** (એ) નવહક્કા (બી) આડ (સી) બિઆડ (ડી) કુઆડ (ઇ) યજ્ઞગાન (એફ) છાઉનૃત્ય (જી) તમાશા (એચ) રાસલીલા
**(૨)** (એ) સુંદરલાલ ગાંગાણી (બી) શ્રીમતી રોહિણી ભાટ્ટે (સી) શ્રી ગોપીકૃષ્ણ (ડી) રાણીકર્ણા (ઇ) પદમશ્રી દમયંતી જોશી (એફ) જગદીશ ગાંગાણી, રાજેન્દ્ર ગાંગાણી

**ક્રિયાત્મક :**

૧) પ્રારંભિકથી વિશારદ પ્રથમ સુધીના બધા અભ્યાસક્રમની જાણકારી

૨) સરસ્વતી વંદના, પદ, દુર્ગાસ્તુતી, શિવસ્તુતિ (કોઇપણ ત્રણ)

૩) શિખર-૧૭ માત્રા, પંચમસવારી-૧૫ માત્રા, ધમાર-૧૪ માત્રા જેમાં ધમાર અને પંચમસવારીમાં વિશેષ તૈયારી કથ્થક વસ્તુક્રમ તથા લય અને ઠેકા સાથે નૃત્ય કરવાની ક્ષમતા.

૪) પાઠ્યક્રમના અલગ-અલગ તાલમાં તતકારમાં બાંટ, લડી, ચલનનો વિસ્તાર.

૫) સંચારીભાવનો વિસ્તાર ઠુમરી/પદ પર સંચારી ભાવ પરપ્રદર્શન કરવાની ક્ષમતા.

૬) ત્રીવટ, ચતરંગ, અષ્ટપદીમાંથી કોઇપણ બે (રાગ, તાલ, કાવ્યના શબ્દોની જાણકારી)

૭) ગતભાવ : ગોવર્ધનધારણ

૮) અષ્ટનાયિકા પર ભાવ પ્રસ્તુતિ

૯) શિખર :

- ૧ થાટ - ૧ આમદ ૨ સાદા તોડા - ૧ કવિત - ૧ મ. તોડા

૧૦) એકતાલ, જપતાલ, ત્રિતાલના લહેરો વગાડવાની ક્ષમતા

૧૧) ત્રિતાલમાં ઠેકા વગાડવાની ક્ષમતા

૧૨) બધી રચનાને લિપીબધ્ધ કરવાની ક્ષમતા

**અલંકાર પ્રથમ વર્ષ**

**કથ્થક નૃત્ય**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

(ક્રિયા : ૨૦૦ + મંચ પ્રદર્શન : ૧૦૦)

## પ્રથમ પ્રશ્નપત્ર

### લેખિતશાસ્ત્ર : ૧૦૦,ન્યુનત્તમ : ૪૦

૧. પૂરાતત્વમાં નૃત્યનો સંદર્ભ

૨. નાટ્યશાસ્ત્રમાં કથ્થકનૃત્યની સંબંધિત ભ્રમરી તથા ચારીઓના પ્રયોગ

૩. નૃત્ય શબ્દની મૂળ ધાતુ, ઉત્પતિ અને વિકાસ

૪. સંગીત રત્નાકર ગ્રંથનો ટૂંકો પરિચય આપી તેમા વર્ણિત નૃત્યવિષયક (નૃત્યધાય) માહિતી.

૫. કથ્થક નૃત્ય વિશે સંપૂર્ણ ચર્ચા જેમાં ઉત્પતિ, ઇતિહાસ (ચડતીપડતી), ઘરાના, વિકાસ, ત્રણેય ઘરાનાના ગુરૂઓ વિશે માહિતી તથા વર્તમાન પરિસ્થિતિનો સમાવેશ.

૬) જપતાલના ઠેકાનો ૧/૨, ૩/૪, ૧(૧/૪), ૧(૧/૨) લયમાં લિપિબધ્ધ કરવું.

૭) ધમાર તથા સવારી તાલની માત્રા, ઠેકા તથા તતકાર, ઠાય, દુગુન તથા ચૌગુન લયમાં તાલ લિપિબધ્ધ કરવાની ક્ષમતા.

## દ્વિતિય પ્રશ્નપત્ર

### લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧. નાટ્યનિર્માણના તત્ત્વો (પ્રકાશઆયોજન, ધ્વનિઆયોજન, મુદ્રણ, દ્રશ્યબંધ (સેટીંગ્સ, વેશભૂષા, રંગભૂષાના સંદર્ભમાં))

૨. 'શૈવ', 'વૈષ્ણવ' અને 'શાકત' સંપ્રદાયનું ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં મહત્ત્વ.

૩. રામાયણ, મહાભારતમાં નૃત્યના સંદર્ભની રચના.

૪. નૌટંકી, તમાશા, નૃત્યનાટિકા, બેલે તથા રાસમંડળીની જાણકારી

૫. કથ્થક નૃત્યમાં સંગીત કલાકારોની ભૂમિકા,આવશ્યકતા અને મહત્ત્વ.

૬. નવી પરન ને તરત નિર્માણ કરવાની ક્ષમતા.

૭. શિખર તાલની માત્રા, ઠેકા, તતકારને ઠાય, દુગુણ, તથા ચૌગુણ લયમાં તાલ લિપિબધ્ધ કરવાની ક્ષમતા, શિખર તાલમાં કોઇ રચના તાલ લિપિબધ્ધ કરવાની ક્ષમતા.

**ક્રિયાત્મક**

**(પ્રારંભિક થી વિશારદપૂર્ણ સુધીના તાલમાં તૈયારી)**

૧. ગણેશવંદના, કૃષ્ણવંદના, શિવવંદના

૨. કોઇપણ અઘરા તાલમાં રંગમંચ - ૩૦૦ એમ.એમ.

૩. મતતાલ - ૧૮ માત્રા, શિખરતાલ - ૧૭ માત્રા, વસંતતાલ - ૯/૧૮ માત્રા.

૪. બધા તાલોની પઢંત તાલ સહિત

૫. પ્રાયોગિક વ્યાખ્યા :

(૧) કથ્થક નૃત્યનું સમાજમાં સ્થાન

(૨) માનવ જીવન પર નૃત્યનું મહત્ત્વ

(૩) ભારતીય સીનેસૃષ્ટિ ઉપર નૃત્યનો પ્રભાવ.

(૪) ગુરૂપરંપરાગત તથા સંસ્થાકીય શિક્ષણ પદ્ધતિ નૃત્યના સંદર્ભમાં

(૫) કથ્થક નૃત્યનો શાસ્ત્રીય પક્ષ (નૃત, નૃત્ય, તકનિક)

૬. ઠુમરી/પદ/ભજન

૭. અષ્ટનાયિકા

૮.તરાના

૯. રસો પર આધારિત ગતભાવ તથા પદ

૧૦. ગતભાવ : હોરીનું ગીત, સીતાહરણ

**અલંકાર દ્વિતીય વર્ષ**

**કથ્થક નૃત્ય**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

(ક્રિયા : ૨૦૦+મંચ પ્રદર્શન : ૧૦૦)

**તૃતીય પ્રશ્નપત્ર**

**લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦**

૧. મંદિરોમાં નૃત્યની પ્રાચીન પરંપરાનો ઇતિહાસ

૨. નટ, નર્તક, તૌર્યત્રિકમ્ શબ્દોની પરિભાષા.

૩. નાટ્યશાસ્ત્ર અનુસાર નિમ્નલિખિતની વ્યાખ્યા

(૧) દર્શનવિધિ ૮ (૨) ભૃકૃટિ ભેદ ૭
(૩) અધરભેદ ૬ (૪) ગરદનના પ્રકાર ૯
(૫) હસ્તમુદ્રાના પ્રકાર ૬૪ (૬) વક્ષસ્થલના પ્રકાર ૫
(૭) કમરના પ્રકાર ૫ (૮) પગ ના કાર્ય ૬

૪. નૃત્ય શબ્દની વિવિધ વ્યાખ્યા સમજાવી ધર્મ, જાદુ અને યુધ્ધમાં નૃત્યના સ્થાન વિશેની ચર્ચા કરો.

૫. ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્રમાં વર્ણિત રંગમંચની વિસ્તૃત માહિતી તથા આધુનિક પ્રોસીનીયમ થીએટરની વિસ્તૃત માહિતી (બંનેના રેખાચિત્ર તથા વિવિધ ભાગોની ઓળખ સહિત માહિતી)

૬. કોઇપણ એક તાલમાં આમદ, કમાલી, ચક્રદાર પરન, ફરમાઇશી પરન, તિહાઇ (જે ૨ આવૃતિ થી ઓછી ન હોય) તિશ્ર જાતિ તથા કવિત આદિની લિપિબધ્ધ ક્રિયા.

૭. કથ્થક નૃત્યની કોઇપણ ચાર કૃતિઓ ઉદાહરણ સહિત તાલ લિપિબધ્ધ કરવાની ક્ષમતા.

## ચતુર્થ પ્રશ્નપત્ર

### લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

૧.ભારતીય આધુનિક નૃત્યના પ્રવકતા શ્રી ઉદયશંકર તથા ગુરૂદેવશ્રી રવિન્દ્રનાથ ટાગોરનો સંપૂર્ણ પરિચય તથા તેમના યોગદાન વિશે માહિતી.

૨. કથ્થક નૃત્યમાં નૃતની એવી મૌલિક રચના કે જે તાલમાં તે રચાયેલ હોય તેની અન્ય તાલમાં પણ રચના થઇ શકે તેને તાલ લિપિબધ્ધ કરવાની ક્ષમતા ઉદાહરણ સહિત.

૩. શિવ નટરાજનું મહત્ત્વ અને પ્રતિકાત્મકતા.

૪. નિમ્નલિખિત લયકારીઓ ને ત્રિતાલ, ઝપતાલ, રૂપક, ધમાર, રસ તથા શિખરમાં લખવાનું

૫. ઠુમરી શબ્દનો સ્વરૂપ, ઉત્પતિ તથા વિકાસ.

૬. નિમ્નલિખિત તાલોમાં આમદ, તિહાઇ (૨ આવૃત્તિ) તોડા, પરન, ચક્રદાર પરન, ફરમાઇશી પરન કવિત, આદિ.

– ગણેશ તાલ (૨૧ માત્રા)

- રૂદ્ર તાલ (૧૧ માત્રા)
- અર્જુન તાલ (૨૪ માત્રા)

**ક્રિયાત્મક**

૧. ગણેશસ્તૃતિ, શિવસ્તૃતિ, કૃષ્ણવંદના
૨. કોઇપણ અઘરા તાલમાં રંગમંચ – ૩૩ મીનીટ
૩. તાલ અષ્ટમંગલ (૨૨ માત્રા), તાલ વસંત (૯/૧૮ માત્રા), તાલશિખર (૧૭ માત્રા), તાલરાસ (૧૩ માત્રા)
(પ્રારંભિક થી અલંકાર પ્રથમ સુધીના બધા તાલમાં વિશેષ તૈયારી)
૪. બધા તાલોની પઢંત તાલ સહિત.
૫. આલેખન – લેખનપત્ર :
સા : લય, તાલ અને લયકારીની કથ્થક નૃત્યમાં વિશેષતા.
રે : કથ્થક નૃત્યની વેશભૂષાના વિવિધ રૂપ.
ગ : કૃષ્ણ ચરિત્રનો કથ્થક નૃત્ય પર પ્રભાવ.
મ : કથ્થક નૃત્ય પર મુસ્લિમ સભ્યતાનો પ્રભાવ.
પ : કથ્થક નૃત્યમાં ઘુઘરુ નું મહત્ત્વ.
ધ : કથ્થક નૃત્યમાં પઢંતની વિશેષતા.
૬. ઠુમરી/પદ/ભજન
૭. અષ્ટનાયિકા
૮. તરાના/ચતરંગ
૯. રસો પર આધારિત ગતભાવ તથા પદ
૧૦. ગતભાવમાં વિશેષતા : દ્રોપદી ચિરહરણ, સીતાહરણ

# આ નવો અભ્યાસક્રમ છે.

## સંગીત પ્રારંભિક

## ભરતનાટ્યમ્

## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૫૦, ન્યુનત્તમ : ૧૭

ક્રિયાત્મક : ૪૦, મૌખિક : ૧૦

**ક્રિયાત્મક :**

૧. તટ્ટાડવ : તૈ યા તૈ યા તૈ યા તે-

૨. નટ્ટડવ : તૈ યું તત તા તૈ યું તા હા

૩. કુદીતમેટ : તૈ હત તૈ હી

૪. પેરીય : તૈ યું તત તા તૈ હી તા હા

૫. વિશ્ર : તા તૈ તૈ તા ધિત તૈ તૈ તા

૬. તિરમાણમ : ગિન્હતોં

– દરેક આડવુના ૪ સ્ટેપ્સ ત્રણ લયમાં કરવાની ક્ષમતા

– અસંયુક્ત હસ્ત મુદ્રા

– હસ્ત ક્રિયામાં દરેક આડવુ ત્રણેય લયમાં બોલવાની ક્ષમતા.

– વ્યાયામ કોઇપણ ૧૦

**મૌખિક શાસ્ત્ર :**

૧. ભરતનાટ્યમ શબ્દનો અર્થ

૨. ભરતનાટ્યમ નૃત્યના કલાકાર અને ગુરૂઓના નામ.

૩. સાત તાલ અને પાંચ જાતિના નામ.

૪. નમસ્કરનો અર્થ

૫. આઠ શાસ્ત્રીય નૃત્યશૈલીના નામ પ્રદેશ સાથે

૬. આંગિકમ અને ગુરૂબ્રહ્માનો શ્લોક મોઢે કરવો.

## પ્રવેશિકા પ્રથમ

## ભરતનાટ્યમ

## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૭૫, ન્યુનત્તમ : ૨૭

ક્રિયાત્મક : ૬૦, મૌખિક : ૧૫

**આડવું :**

૧. એટ્ટાડવ : તત તે તાહા ધિત તૈ તાહા

૨. તટ્ટમીય : પાંચ જાતિ

૩. મંડી : તત તૈં ધતા – ધીત તૈં ધત તા–

૪. તિરમાણમ : તરીકીટ તોં

૫. સરીકલ : તૈ હા તૈ હી

૬. શીખર : તત તૈ તાં ધિત તૈ તાં

૭. મેટ્ટડવ : તૈ તૈ તાં

– દરેક આડવુના ૪ સ્ટેપ્સ ત્રણ લયમાં કરવાની ક્ષમતા, હસ્તક્રિયા સાથે બોલવાની ક્ષમતા.

– ગ્રીવાભેદ, દષ્ટિભેદ, સંયુક્ત હસ્તમુદ્રા.

**શાસ્ત્ર:**

– આડવુ એટલે શું?

– લય એટલે શું?

– સૌષ્ઠવાંગ એટલે શું?

– ભરતનાટ્યમ નૃત્ય વિશે ૧૦ વાક્યો બોલવાની ક્ષમતા.

**– નૃત, નૃત્ય અને નાટયની સમજ**

## પ્રવેશિકા પૂર્ણ
## ભરતનાટ્યમ
## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૧૦૦, ન્યુનત્તમ : ૩૫
ક્રિયાત્મક : ૭૫, મૌખિક : ૨૫

**ક્રિયાત્મક :**

- અલ્લારિપુ તિશ્ર એકમ
- આદિતાલ અને રૂપક ચતુશ્ર તાલમાં એક એક જાતિ.
- દરેકને આડવુને પાંચ જાતિમાં કરવાની ક્ષમતા.
  દા.ત. નાટ્ટડવ તિશ્રજાતિ.
  તૈ યું - તત તા - તૈ યું તા હા-
- પતાકથી અર્ધચંદ્ર સુધીના હસ્ત વિનિયોગ
- હસ્તક્રિયામાં દરેકને આડવુ બોલવાની ક્ષમતા.

**શાસ્ત્ર :**

- જતિ, તિરમાણમ, કૌરવે શોલકટ્ટની સમજ.
- વ્યાખ્યા : તાલ, સમ, ઉસી, આવર્તન, અંગ, માત્રા.

માર્ગમ એટલે શું? માર્ગમની કૃતિઓનું ટૂંકમાં જ્ઞાન.

- શાસ્ત્રીય નૃત્ય એટલે શું?
- શ્રીમતી બાલાસરસ્વતી, શ્રીમતી રૂક્ષ્મણીદેવી અરૂંડલ, શ્રીમતી મૃણાલીની સારાભાઇ, શ્રીમતી અંજલી મેઢનું જીવનચરિત્ર (કોઇપણ બે વિશે બોલવાની ક્ષમતા.)

**મધ્યમા પ્રથમ**

**ભરતનાટ્યમ**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૧૨૫, ન્યુનત્તમ : ૪૩

ક્રિયાત્મક : ૭૫, લેખિતશાસ્ત્ર : ૫૦

**લેખિત :**

૧. ભરતનાટ્યમ નૃત્યનો ઇતિહાસ

૨. અભિનયની વિગતવાર માહિતી.

૩. તાંડવ અને લાસ્ય

૪. હસ્તવિનિયોગ લખવાના, અર્થ સાથે.

૫. કર્ણાટક સંગીત પધ્ધતિના ૩૫ તાલનું વિવરણ.

૬. અન્ય શાસ્ત્રીય નૃત્યશૈલીઓની માહિતી (કથક, કથકલી, મણિપુરી, ઓડીસી કુચીપુડી, મોહિનીઅટ્ટમ)

૭. આગળના વર્ષોનું પુનરાવર્તન.

૮. માર્ગમ એટલે શું? માર્ગમની દરેક કૃતિઓની વિસ્તૃત સમજ.

**ક્રિયાત્મક :**

૧. જતિશ્વરમ

૨. શબ્દમ

૩. અરાલથી સિંહમુખ સુધીના વિનિયોગ.

૪. અંજલીથી કિલકૌ સુધીના વિનિયોગ.

૫. દરેક કૃતિને તાલમાં બોલવાની ક્ષમતા.

૬. ૩૫ તાલને હાથથી દર્શાવવાની ક્ષમતા.

૭. આગલા કોર્ષનું પુનરાવર્તન.

## મધ્યમાં પૂર્ણ

## ભરતનાટ્યમ

## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

ક્રિયાત્મક : ૧૨૫, લેખિતશાસ્ત્ર : ૭૫

**લેખિત :**

૧. દેવદાસી પ્રથા

૨. કૃષ્ણ, રામ, શીવ, દેવી, ગણેશ, વિષ્ણુની કથાઓનું જ્ઞાન.

૩. લોકનૃત્ય એટલે શું? ભારતના દરેક પ્રાંતના લોકનૃત્યોની માહિતી.

૪. શાસ્ત્રીય અને લોકનૃત્ય વચ્ચેનો તફાવત.

૫. તાંજોરબંધુનું ભરતનાટ્યમમાં પ્રદાન.

૬. આગળના વર્ષોના કોર્ષનું પુનરાવર્તન.

**ક્રિયાત્મક :**

૧.તિલ્લાના

૨. કિર્તનમ

૩. શ્લોકમ

૪. કોઇપણ એક લોકનૃત્ય

૫. કાંગુલથી ત્રિશુલ વિનીયોગ.

૬. મત્સ્ય થી ભેરૂંડ વિનીયોગ.

૭. આગળના વર્ષોના કોર્ષનું પુનરાવર્તન.

૮. કૃતિઓ તાલમાં કરવાની ક્ષમતા.

૯. કૃતિઓના રાગ, તાલ, અર્થ, ભાષાનું જ્ઞાન.

## વિશારદ પ્રથમ

## ભરતનાટ્યમ

## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૩૦૦

ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**લેખિત :**

૧. ભાવ, વિભાવ, અનુભાવ, સંચારી, રસ વગેરેની માહિતી.

૨. નવરસના પ્રકારોની ઉદાહરણ સાથે સમજૂતી.

૩. નાયકભેદ

૪. નાયિકાભેદ (અષ્ટનાયિકા સિવાય બધી જ.)

૫. અભિનય દર્પણ

૬. નાટયશાસ્ત્ર

૭. વૃતિ, ધર્મી, કરણ, અંગહાર, રેચક

૮. નટરાજ મૂર્તીનું રહસ્ય

૯. સપ્ત તાંડવ

૧૦. આગળના વર્ષોના કોર્ષનું પુનરાવર્તન.

**ક્રિયાત્મક :**

૧. પદમ (કોઇપણ એક ભાષામાં)

૨. અડધુ વર્ણમ. (ચિટ્સ્વર સુધીનું)

૩. દશાવતાર હસ્ત શ્લોક સાથે (અભિનય દર્પણ મુજબ)

૪. દેવતાહસ્ત શ્લોક સાથે (અભિનય દર્પણ મુજબ)

૫. તટ્ટકલી પર ત્રણેય લયમાં બધા જ આડવુ વગાડવાની ક્ષમતા.

૬. આગળના વર્ષોના કોર્ષનું પુનરાવર્તન.

૭. દરેક કૃતિઓના રાગ, તાલ, અર્થની માહિતી.

૮. દરેક કૃતિને હસ્તક્રિયા સાથે બોલવાની ક્ષમતા.

# વિશારદ પૂર્ણ
## ભરતનાટ્યમ
## અભ્યાસક્રમ

પૂર્ણાંક : ૪૦૦, ન્યુનત્તમ : ૧૬૦

ક્રિયાત્મક : ૨૦૦, ન્યુનત્તમ : ૮૦

પ્રશ્નપત્ર નં. ૧ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર નં. ૨ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

### પ્રશ્નપત્ર-૧

**લેખિતશાસ્ત્ર :**

૧. નાટ્યગૃહ નાટ્યશાસ્ત્ર મુજબ.

૨. નોટેશન : અલ્લારીપુ અને જતિશ્વરમ અથવા તિલ્લાના

૩. કવિઓના જીવનચરિત્ર : ત્યાગરાજ, પાપનાશમ શિવમ્ સ્વાતી તિરૂનાળ, મીરા, કબીર, નરસિંહ મહેતા, ક્ષેત્રજ્ઞ.

૪. આગળના વર્ષોનું પુનરાવર્તન.

૫. અવસ્થા મુજબ નાયિકાભેદ અથવા અષ્ટનાયિકા

૬. બેલનો ઇતિહાસ પ્રકાર, કલાકારની માહિતી.

### પ્રશ્નપત્ર-૨

૧. વર્તમાન સમયમાં શાસ્ત્રીય નૃત્યનું સ્થાન

૨. ફિલ્મમાં નૃત્ય

૩. નૃત્ય અને સ્વાસ્થ્યનો સંબંધ

૪. નૃત્યમાં ગુરૂનું મહત્ત્વ.

૫. શિક્ષણમાં નૃત્યથી થતા ફાયદા.

**ક્રિયાત્મક :**

૧. વર્ણામ પુરૂ.

૨. પદમ, ભક્તિ, વાત્સલ્ય, શ્રૃંગારભાવ કોઇપણ એક લઇ

(પદમમાં અન્ય ભાષા લઇ શકાય.)

૩. કૃતિઓનો ભાવાર્થ.

૪. કૃતિ અર્થ અને સંસારી અભિનય સાથે બતાવવું.

૫. બાંધવ હસ્ત, વર્ણહસ્ત.

૬. કોર્યોગ્રાફી

૭. વિનિયોગ શ્લોક

૮. વર્ણમ ચિટ્ટસ્વરમ્ સાહિત્યથી

૯. તટકલી પર સંપૂર્ણ માર્ગમ.

૧૦. રંગમંચ પ્રદર્શન તામમ/મૃદંગ જરૂરી ૨૦ થી ૩૦ મિનીટ.

**અલંકાર પ્રથમ**

**ભરતનાટ્યમ**

**અભ્યાસક્રમ**

પૂર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

પ્રશ્નપત્ર નં. ૧ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર નં. ૨ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**પ્રશ્નપત્ર – ૧**

**લેખિતશાસ્ત્ર :**

૧. કલા એટલે શું? તેના પ્રકારોની વિશેષ માહિતી.

૨. નૃત્ય અને સાહિત્યનો સંબંધ.

૩. નૃત્ય અને ચિત્રકલાનો સંબંધ.

૪. નૃત્ય અને શિલ્પનો સંબંધ.

૫. નૃત્ય અને સંગીતનો સંબંધ.

૬. નૃત્ય એક યોગ છે. સમજાવો.

૭. નૃત્ય અને દર્શનશાસ્ત્રનો સંબંધ.

**પ્રશ્નપત્ર - ૨**

૧. ભક્તિ એટલે શું? ભક્તિના પ્રકારોની ઉદાહરણ સાથે સમજાવો.

૨. ભક્તિનું નૃત્યમાં સ્થાન.

૩. કૃષ્ણ અને શિવનું નૃત્યમાં સ્થાન.

૪. ભરતનાટ્યમ અને અન્ય શાસ્ત્રીય નૃત્યશૈલીની તુલના.

૫. નાટ્યશાસ્ત્ર અને અભિનયદર્પણની તુલના.

૬. કોરિયોગ્રાફી (નૃત્ય સંયોજન) એટલે શું? ભરતનાટ્યમના માર્ગમની કોરિયોગ્રાફીને વિસ્તૃતમાં સમજાવો.

૭. વિશારદ પૂર્ણ સુધીના કોર્ષનું પુનરાવર્તન.

**ક્રિયાત્મક**

૧.વર્ણમ સિવાયનું નવું માર્ગમ, અલ્લારિપુ, જતિશ્વરમ, પદમ, કિર્તનમ, શ્લોકમ, તિલ્લાના

૨. તાલમમાં અલ્લારિપુ, જતિશ્વર અથવા તિલ્લાના વગાડવાની ક્ષમતા.

૩. જતિશ્વરમ અથવા તિલ્લાનાની કૌરવૈની કોરિયોગ્રાફી.

૪. ઉત્પલવન, ચારી, ભ્રમરી, સ્થાનકભેદ, મંડલભેદ... અભિનય દર્પણ મુજબ.

૫. રંગમંચ પ્રસ્તુતિ ૩૦ મીનિટ મૃદંગમ અને તાલમ સાથે.

**અલંકાર પૂર્ણ**

**ભરતનાટ્યમ**

**અભ્યાસક્રમ**

પુર્ણાંક : ૫૦૦, ન્યુનત્તમ : ૨૦૦

ક્રિયાત્મક : ૩૦૦, ન્યુનત્તમ : ૧૨૦

પ્રશ્નપત્ર નં. ૧ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

પ્રશ્નપત્ર નં. ૨ લેખિતશાસ્ત્ર : ૧૦૦, ન્યુનત્તમ : ૪૦

**પ્રશ્નપત્ર-૧**

**લેખિતશાસ્ત્ર :**

૧. ભારતમાં મોર્ડન ડાન્સ વિશેની માહિતી.

૨. ડૉ. પદ્માસુબ્રહમણ્યમ, શ્રીમતી મૃણાલીની સારાભાઇ, શ્રી રામગોપાલ, શ્રી ઉદયશંકર, ચંદ્રલેખનનું યોગદાન.

૩. દક્ષિણ એશયાઇ દેશો જાવા, બાલી, સુમાત્રા, શ્રીલંકા, ઇન્ડોનેશિયાના નૃત્યોની ટૂંકમાં માહિતી.

૪. દરેક યુગમાં નૃત્યનું સ્થાન અથવા વૈદિકકાળથી આજના વર્તમાન સમયમાં નૃત્યનું સ્થાન.

૫. અલંકાર પ્રથમ સુધીના કોર્ષનું પુનરાવર્તન.

૬. ધ્વનિ શાસ્ત્રની ટૂંકમાં માહિતી.

૭. સૌંદર્ય શાસ્ત્રની ટૂંકમાં માહિતી.

**પ્રશ્નપત્ર-૨**

૧. નૃત્યનાટ્યની માહિતી ચાર અભિનયના સંદર્ભમાં.

ભવાઇ, રાસલીલા, છાઉ, કુડી અટ્ટમ, ભાગવત મેલાનાટકમ, રામલીલા

૨. 'રસ' સિધ્ધાંત-ભરત, પ્લેટો, અભિનવગુપ્ત

૩. શિવપુરાણ, વિષ્ણુધર્મોતરપુરાણ, ભાગવતપુરાણ, ગીતગોવિંદ, ગીતા,રામાયણ અને મહાભારત વિશે સંક્ષિપ્તમાં જાણકારી.

૪. પ્રખર નૃત્યકાર બનવા માટે યોગ, આહાર, વિહાર, વાંચન વગેરેના મહત્ત્વ ઉપર ટૂંકનોંધ.

૫. તત્ત્વજ્ઞાન એટલે શું? હિન્દુ ધર્મના તત્ત્વજ્ઞાનની માહિતી.

**ક્રિયાત્મક**

૧. નૃત્યના કોઇ એક વિષય પર ૨૦ મીનીટનું લેક્ચર ડેમોસ્ટ્રેશન

૨. બીજુ વર્ણમ, જાવળી, પુષ્પાંજલી, અષ્ટપદિ, કૌત્વમ, નવરસ

૩. તાલમમાં વર્ણમ વગાડવાની ક્ષમતા.

૪. પદમ અથવા વર્ણમ પર કોરિયોગ્રાફી.

૫. રંગમંચ પ્રસ્તુતિ ૩૦ મીનીટ મૃદંગમ અને તાલમ સાથે.

★